ignou THE PEOPLE'S UNIVERSITY
ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.
ઈતિહાસ : પેપર - ૦૩

# ભારતનો ઈતિહાસ

(ઈ.સ.૮મી થી ઈ.સ.૧૩મી સદી સુધી)
(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 1

## આરંભિક મધ્યયુગીન ભારતીય અર્થવ્યવસ્થા:8મીથી 13મી સદી (Early Medieval Economy : 8th-13th Century)

એકમ 1

કૃષિવિષયક અર્થવ્યવસ્થા (Agrarian Economy) 8

એકમ 2

શહેરી વસાહતો (Urban Settlement) 22

એકમ 3

વેપાર અને વાણિજ્ય (Trade and Commerce) 30

એકમ 4

વેપારી કોમો અને સંગઠનો (Trading Communities and Organisations) 46

કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books) 55

## Expert Committee


Prof. K.N. Panikkar (Chairman)

Prof. B.D. Chattopadhyaya

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. A.R. Khan
Dr. Kapil Kumar (Convenor)
IGNOU, New Delhi


## Course Preparation Team


Dr. Kapil Kumar
Ms. Mira Rai
Ms. Sangeeta Pandey
Dr. Ahmed Raza Khan

Course Coordinators


## Block Preparation Team


| Unit No. | Contributors | Faculty Members IGNOU |
|---|---|---|
| 1 & 2 | Prof. Champak Lakshmi<br>Centre for Historical Studies<br>JNU, New Delhi | Ms. Mira Rai |
| 3 & 4 | Dr. V.K. Jain<br>Deptt. of History<br>Delhi University<br>Delhi | Dr. Kapil Kumar<br>Dr. A.R. Khan<br>Ms. Sangeeta Pandey |

**Course Editor**
Prof. K.M. Shrimali
Deptt. of History
Delhi University
Delhi



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.



*© Indira Gandhi National Open University.*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

## અનુવાદ :

પ્રો. રસેશ જમીનદાર — નિવૃત્ત પ્રાધ્યાપક,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ

## પરામર્શ (વિષય) :

પ્રો. કે.સી. બારોટ — પ્રાધ્યાપક,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ,
અમદાવાદ

## પરામર્શ (ભાષા) :

પ્રો. એન. એલ. પઢિયાર — પ્રાધ્યાપક,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ,
અમદાવાદ

## સંપાદન અને સંયોજન :

ડૉ. પી. કે. મહેતા — નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

## સંયોજન સહાય :

શ્રી. એસ. એચ. બારોટ — મદદનીશ કુલસચિવ,
શ્રી ડી. આઈ. શાસ્ત્રી — કાર્યાલય અધીક્ષક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

પ્રકાશક
કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
"જ્યોતિર્મય" પરિસર, શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ-ગાંધીનગર હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
શ્ર સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિષયપ્રવેશ (Course Introduction)

આઠમી સદીના મધ્યથી પંદરમી સદી સુધીના ભારતના ઇતિહાસને પ્રસ્તુત અભ્યાસક્રમ આવરી લે છે. જોકે, કાલાનુક્રમની દૃષ્ટિએ પ્રસ્તુત અભ્યાસક્રમ બે વિશિષ્ટ ઐતિહાસિક તબક્કાઓની ચર્ચા કરે છે. પ્રથમ તબક્કો આઠમીથી તેરમી સદીના પ્રારંભ સુધીના સમયગાળાને આંબે છે; તો બીજા તબક્કામાં તેરમી અને પંદરમી સદી વચ્ચેના અહેવાલની ચર્ચા કરવામાં આવી છે.

આપણે અહીં યાદ રાખવું જોઈએ કે ઇતિહાસના એક તબક્કામાંથી બીજામાં પરિવર્તન પામતી પ્રક્રિયાને, કેવળ રાજકીય સત્તાના ફેરફારની દૃષ્ટિએ જ નહીં (અર્થાત્ એક રાજવંશમાંથી બીજા રાજવંશમાં પરિવર્તન) પણ સ્થાનિક રાજવંશોના ઉદ્ભવની દૃષ્ટિએ, પૃથક્કૃત કરવી જોઈએ. આ ફેરફારનું અવલોકન અને પૃથક્કરણ જીવનનાં વિવિધ પાસાંઓના સંદર્ભે થવું જોઈએ. દા.ત. આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક વગેરે. ધ્યાનાર્હ ફેરફારો આપણે આ બધાં પાસાંમાં આ બંને તબક્કા દરમ્યાન જોઈ શકીએ છીએ. ઉદાહરણ રૂપે : પ્રથમ તબક્કા દરમ્યાન આ ફેરફારો જો સામંતી સંરચનાને સુદૃઢ કરે છે તો બીજા તબક્કામાં દિલ્હી સલ્તનતની સ્થાપના કરે છે.

આમ તો કેટલાંક સામંતી લક્ષણો ગુપ્તકાળથી ઉદ્ભવ્યાં હતાં અને અનુગુપ્તકાળમાં તે વધારે ધ્યાનાકર્ષક બન્યાં. લાભાર્થીઓને જમીનનાં અનુદાન આપવાની પ્રથા વિસ્તાર પામી. તેણે મોટી સંખ્યામાં જમીન-ધારકો સર્જ્યા. આ જમીનધારકોએ રાજકીય સત્તા હાંસલ કરી. ખેડૂતો, કારીગરો અને વેપારીઓના આવાગમન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ખેડૂત વર્ગોની સ્થિતિની પડતી થઈ અને વેઠિયા મજૂરોનું મહત્ત્વ વધી ગયું. શહેરીકરણની પ્રક્રિયાને ધક્કો વાગ્યો અને વેપાર તથા વાણિજ્યમાં અધોગતિનો અનુભવ થયો. જોકે પ્રથમ અવસ્થાના પ્રારંભકાળમાં આ બધાં ચિહ્નો વિદ્યમાન હતાં જ, તો બીજા તબક્કા દરમ્યાન આપણને ફેરફારો જોવા મળે છે. પરંતુ અહીં તો આપણે આ ખંડમાં પ્રથમ અવસ્થાનો અર્થાત્ તેરમી સદી સુધીનો અહેવાલ એકમ એકથી ત્રણમાં રજૂ કરીશું અને બીજા તબક્કાની અર્થાત્ તેરમીથી પંદરમી સદી સુધીની વિગતોની ચર્ચા એકમ ચારમાં કરીશું.

અભ્યાસ હેઠળના સમય દરમ્યાન કૃષિવિષયક અર્થકારણની લાક્ષણિકતા અને સર્વગ્રાહી આર્થિક સ્થિતિ ઉપર તેના પ્રભાવની વિગતોથી તમને ખંડ એક દ્વારા અવગત્ કરીશું. આ ખંડમાં આપણે શહેરી વસાહતોમાં પડતી અને પુનર્જીવનની તથા વેપાર અને વાણિજ્યમાં વિકાસની ચર્ચાને આવરી લઈશું. વેપારી કોમો અને વેપારી સંગઠનોએ આપેલા ફાળાનું પૃથક્કરણ પણ સમાવી લીધું છે. હકીકતમાં તમને પ્રવર્તમાન આર્થિક માહોલથી વિશેષરૂપે પરિચિત કરાવીશું, ખાસ કરીને અધ્યયન હેઠળના સમયગાળા દરમ્યાન ઐતિહાસિક ઘટનાઓ અને વિકાસ ઉપર કેવી વ્યાપક અસરો પહોંચાડી તે વિશે.

તો ખંડ બેમાં, આ સમય દરમ્યાનના સામાજિક અને સાંસ્કૃતિક જીવનની ચર્ચા કરી છે. આમાં સામાજિક જૂથો અને સામાજિક સ્તરીકરણના સ્વરૂપ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. સામાજિક-ધાર્મિક વલણો અને પ્રાદેશિક સાંસ્કૃતિક પરંપરાના વિકાસ વિશે પણ તમને માહિતી મળશે.

આ સમય દરમ્યાન સંખ્યાબંધ પ્રાદેશિક રાજવ્યવસ્થાઓ નિર્માઈ અને પોતપોતાના વિસ્તારમાં તેમણે પોતાની પકડ મજબૂત કરી. ખંડ ત્રણ—આ સમય દરમ્યાનના પ્રાદેશિક રાજતંત્રના સ્વરૂપની ચર્ચાથી શરૂ થાય છે અને પછીથી પ્રદેશવાર તેના પૃથક્કરણમાં આગળ વધે છે.

અત્રે નોંધવું જરૂરી છે કે અધ્યયન હેઠળના સમયગાળાનો ઇતિહાસ વિવિધ સાધનો ઉપર આધારિત છે. ઐતિહાસિક સંદર્ભમાં માહિતી એકઠી કરવા, પૃથક્કૃત કરવા અને અર્થઘટિત કરવા ઇતિહાસકાર સમકાલીન સાહિત્યિક સાધનોનો ઉપયોગ કરે છે. ઉપરાંત શિલાલેખો સિક્કાલેખો જેવાં આભિલેખિક સાધનો પણ ઉપયોગે છે. અભ્યાસક્રમના પ્રત્યેક ખંડમાં તમે સાધનોથી માહિતગાર થશો જે ઐતિહાસિક મુદ્દાઓ વિશે સંબંધિત માહિતી પૂરી પાડશે.

અમે અભ્યાસક્રમને અનુરૂપ દૃશ્ય અને શ્રાવ્ય ધ્વનિઅંકન પટ્ટીઓ તૈયાર કરી છે અને અભ્યાસકેન્દ્રોમાં તમે તે સાંભળી/જોઈ શકશો.

# વિભાગ 1 આરંભિક મધ્યયુગીન ભારતીય અર્થવ્યવસ્થા 8મીથી 13મી સદી (Early Medieval Economy : 8th-13th Century)

## પ્રસ્તાવના

છેલ્લા થોડાક દાયકાઓ દરમ્યાન, ખાસ કરીને પચાસના દાયકાથી ભારતના પૂર્વકાલીન ઇતિહાસનાં લખાણોએ, ઈશુની આરંભની સદીથી સામાન્ય રીતે અને અનુગુપ્તકાળની સદીઓ દરમ્યાન વિશેષ કરીને, ભારતીય અર્થવ્યવસ્થાના માળખાને સ્પર્શતા ઘણા બધા મુદ્દાઓને ઉદ્દ્ઘાટિત કર્યા. આ લખાણોનું પ્રભાવક વલણ હતું ઈશુની આઠમીથી તેરમી સદી સુધીના પાંચ સૈકાઓનાં સામંતી લક્ષણોને વ્યાપક રીતે સમજવાનું. આ સામંતશાહી કેવળ 'રાજકીય' સત્તાના વિસર્જન સમી ન હતી પણ લોકોનાં વૈચારિક અને સામાજિક-આર્થિક લક્ષણોથી વિપરીત હોવાની પ્રતીતિરૂપ હતી જે હવે વ્યાપક દષ્ટિએ સ્વીકારાઈ છે. હકીકત એ છે કે બદલાયેલા જમીનવિષયક સંબંધો આ નવાં લક્ષણોનો મુખ્ય પાયો હતો. કૃષિવિષયક અર્થવ્યવસ્થાનો વિગતવાર અભ્યાસ આથી સંપૂર્ણપણે અનિવાર્ય બની રહ્યો.

આ ખંડના એકમ એકમાં કૃષિવિષયક અર્થકારણની ચર્ચા કરી છે, જેમાં તમે જમીનના હક્ક, કૃષિ સંબંધિત વસાહતો અને ખેડાણ હેઠળની જમીનના વિસ્તાર વિશે માહિતી મેળવશો. તકનીકિ સુધારણાને કારણે ખેતઉત્પાદનની વૃદ્ધિમાં સહાય મળી. આને પરિણામે ખેતઉત્પાદનની બચત અને અન્ય હસ્ત- ઉદ્યોગોના ઉત્પાદનમાં વાણિજ્યિક અદલાબદલી થઈ. સમાજમાં ગ્રામીણ તંગદિલી ઉદ્ભવી. ઉપરાંત, આ એકમમાં આઠમીથી તેરમી સદી દરમ્યાનના કૃષિગત અર્થકારણનાં લક્ષણોની ચર્ચા પણ આમેજ છે.

આ ખંડના એકમ બેમાં આપણે શહેરી વસાહતો વિશે ચર્ચા કરી છે. આઠમી અને બારમી સદી વચ્ચેના સમયગાળાએ શહેરી વિકાસની ત્રીજી અવસ્થાની સાહેદી પૂરી. જોકે, શહેરી વિકાસની પ્રક્રિયાએ સમગ્ર ભારત માટે એકસમાન ભાત ઉપસાવી નહીં. આ એકમમાં આપણે શહેરોના ઉદ્ભવ સંદર્ભે પ્રદત્ત કારણોની નોંધ લીધી છે. વિવિધ સ્વરૂપનાં શહેરો અને વિવિધ પ્રદેશોની ભિન્નતાની ચર્ચા પણ અહીં કરી છે.

આ ખંડના એકમ ત્રણમાં આ સમયની વેપારી અને વાણિજ્યિક પ્રવૃત્તિઓનો પરિચય તમને કરાવીશું. અધ્યયનની સરળતા સારુ આ સમગ્ર સમયાવધિને બે અવસ્થામાં વિભાજિત કરી છે. પ્રથમ અવસ્થા (ઈ.સ. 700-900)માં શહેરી કેન્દ્રો, ધાતુનું ચલણ અને વેપારમાં આવેલી પડતીની મીમાંસા આવરી લીધી છે, તો અવસ્થા બેમાં પ્રસ્તુત ક્ષેત્રોમાં થયેલા પુનર્જીવનની ચર્ચા કરી છે. ઉપરાંત જમીન અને જળ માર્ગોએથી થતા ચીજવસ્તુઓના વેપાર વિશે અને વેપારી પ્રવૃત્તિઓએ શહેરોની પુનર્સ્થાપનાને કેવી રીતે સહાય કરી તેનું અધ્યયન પણ કરશો.

આ ખંડના ચોથા અને છેલ્લા એકમમાં તમને વાણિજ્યિક પદ્ધતિઓ અને એમાં સંલગ્ન વ્યક્તિવિશેષ અંગે પરિચય કરાવીશું. તમને એ પણ જાણવા મળશે કે પ્રથમ અવસ્થાની (ઈ.સ. 700-900) સામાન્ય સ્થિતિમાંથી વેપારીઓ બીજી અવસ્થા (ઈ.સ. 900થી 1300) દરમ્યાન સવિશેષ સક્ષમ સામાજિક જૂથો/વર્ગો તરીકે કેવી રીતે ઊભરી આવ્યા. ઉત્તર અને દક્ષિણ ભારતમાં વેપારી સંગઠનો (શ્રેણીઓ)ની કામગીરી અને ફાળાની ચર્ચા પણ અહીં કરી છે. આ એકમના અંતમાં વેપારીઓ અને કારીગરો વચ્ચેના સંબંધની ચર્ચાથી પણ અમે તમને માહિતગાર કરીશું.

**સૌજન્ય**

'ઇન્ડિયન આર્કિયૉલૉજી—એ રીવ્યૂ' સામયિકમાંથી જરૂરી ચિત્રો પુનર્પ્રકાશિત કરવા દેવા સારુ અમે 'ભારતીય પુરાવસ્તુ સર્વેક્ષણ'ના આભારી છીએ.

# એકમ 1 કૃષિવિષયક અર્થવ્યવસ્થા
## (Agrarian Economy)

**રૂપરેખા**


1.0 હેતુઓ
1.1 પ્રાસ્તાવિક
1.2 કૃષિવિષયક વૃદ્ધિ
1.2.1 ભૌગોલિક અને કાલાનુક્રમિક પદ્ધતિઓ
1.2.2 વૈચારિક ભૂમિકા
1.3 કૃષિસંબંધિત સંગઠન
1.3.1 વિવિધ પ્રકારની કૃષિવિષયક વસાહતોની ભૂમિકા અને લક્ષણ
1.3.2 જમીન અંગેના હક્ક
1.4. યંત્રૌદ્યોગિક સુધારણા
1.5. ગ્રામીણ તણાવ
1.6. ખેતી અને વિનિમયની જાળ
1.7. આઠમી-તેરમી સદીની કૃષિવિષયક અર્થવ્યવસ્થાનું ચરિત્રચિત્રણ
1.8. સારાંશ
1.9. ચાવીરૂપ શબ્દો
1.10. 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 1.0 હેતુઓ

આ એકમના અધ્યયનથી તમે પ્રસ્તુત મુદ્દાઓ સમજી શકશો :

1. ભારતીય ઉપખંડમાં ખેતીવિસ્તારને માટે જવાબદાર કારણો.
2. જમીન-અનુદાન પદ્ધતિની કાલાનુક્રમિક ભાત.
3. જમીન-અનુદાન પાછળની વિચારસરણી.
4. કૃષિસંબંધિત વિવિધ પ્રકારની વસાહતોના ફાળો અને લક્ષણો.
5. જમીનના હક્કનાં સ્વરૂપ અને વિકાસ.
6. ખેતીના ક્ષેત્રમાં યંત્રોદ્યોગિક સુધારણા.
7. જમીન સાથે સંલગ્ન વિવિધ જૂથો અંતર્ગત પરસ્પરાવલંબન.
8. વેપારમાં ખેડૂતોનું પ્રદાન.
9. આ સમયની કૃષિસંબંધિત અર્થવ્યવસ્થાનું ચરિત્રચિત્રણ.

## 1.1 પ્રાસ્તાવિક

ભારતીય ઇતિહાસનો આઠમીથી તેરમી સદી સુધીનો સમયગાળો ખેતીના વિકાસ અને જમીન-અનુદાનથી ઉદ્ભૂત જમીન અંગેનાં સંગઠનોના વિકાસને કારણે જાણીતો છે. ખ્રિસ્તી સંવતના આરંભની આસપાસ આ અનુદાનની શરૂઆત થઈ હતી, અને બારમી સદીના અંત સુધીમાં તો એણે સમગ્ર ભારતીય ઉપખંડને આવરી લીધો હતો. આ સમયગાળા દરમ્યાન ખેતીવિષયક વિસ્તાર એટલે કે પ્રગતિશીલ કૃષિ સંબંધિત યંત્રોદ્યોગિક ઉપકરણો, હળથી થતી ખેતી અને સિંચાઈનાં યાંત્રિક ઉપકરણોના વ્યાપક અને નિયમિત ઉપયોગ. કૃષિવિષયક પ્રક્રિયાનું સંસ્થાકીય સંચાલન, ઉત્પાદનનાં સાધનોનું નિયંત્રણ અને ઉત્પાદનના નવા સંબંધોએ પણ પ્રસ્તુત ફેલાવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. આની સાથોસાથ નવા પ્રકારનો ગ્રામીણ દબાવ (તણાવ) પણ સર્જાવ્યો. ખેતીવિષયક અને બિનખેતીવિષયક ચીજવસ્તુઓમાં વાણિજ્યિક પ્રવૃત્તિઓ વધવા પામી. આ એકમમાં આ બધાં પાસાંઓની ચર્ચા આવરી લીધી છે, જેનો અંત આ સમયની કૃષિવિષયક અર્થવ્યવસ્થાના ચરિત્રચિત્રણ સાથે આવે છે. આથી હવે આપણે કૃષિવિષયક વિસ્તરણ સંબંધિત પાસાંથી શરૂઆત કરીશું.

## 1.2 કૃષિવિષયક વૃદ્ધિ

ચોથી સદીથી બ્રાહ્મણોને અપાયેલાં જમીનનાં અનુદાન દ્વારા અગ્રહાર વસાહતો અને બ્રહ્મદેયની સ્થાપના સાથે શરૂ થયેલા કૃષિસંબંધિત વિસ્તારનું પછીની સદીઓમાં એકરૂપ અને સનાતન સ્વરૂપ પ્રસ્થાપિત કર્યું. આઠમી અને બારમી વચ્ચેની સદીઓએ આ ફેલાવાની પ્રક્રિયાનો અને બ્રાહ્મણો, મંદિરો તેમ જ રાજાની સરકારના અધિકારીઓને એટલે ધાર્મિક અને બિનસાંપ્રદાયિક લાભાર્થીઓને આપવામાં આવેલાં જમીનનાં અનુદાન ઉપર આધારિત કૃષિવિષયક સંગઠનોમાં તેના અંતનો અનુભવ કર્યો. જોકે આ વિકાસમાં મહત્ત્વની પ્રાદેશિક ભિન્નતા જોવા મળે છે. ખાસ કરીને ભૌગોલિક અને પર્યાવરણીય પાસાંઓને લીધે.

### 1.2.1 ભૌગોલિક અને કાલાનુક્રમિક પદ્ધતિઓ

અદ્યાપિ માત્ર વણખેડાયેલ જમીન જ નહીં જંગલ વિસ્તારોને સાફ કરીને ખેતીનો વિસ્તાર વધાર્યો. આ સમયાવધિની કૃષિવિષયક અર્થવ્યવસ્થાનું આ એક મહત્ત્વનું લક્ષણ અને સતત પ્રક્રિયા હતી એમ કહી શકાય.

કેટલાક વિદ્વાનોમાં એક એવું દૃષ્ટિબિંદુ પ્રવર્તે છે કે જમીનનાં અનુદાનની પ્રથા સહુ પ્રથમ પછાત, દૂરના અને આરવિક વિસ્તારોમાં શરૂ થઈ અને પછીથી ક્રમશઃ બ્રાહ્મણ સંસ્કૃતિથી ધમધમતી ગંગાની ખીણ સુધી વિસ્તારવામાં આવી. બ્રાહ્મણો પછાત અને આરવિક વિસ્તારોમાં હળ, સિંચાઈ, ખગોળશાસ્ત્ર (ઋતુઓ) વગેરેના વિશિષ્ટ જ્ઞાન મારફતે ખેતીવિષયક પ્રક્રિયાને નિયંત્રિત કરીને તથા ઢોરસંપત્તિનું રક્ષણ કરીને ખેતીની વિશિષ્ટ પદ્ધતિઓ પહોંચાડી શક્યા. જોકે ભારતના બધા પ્રદેશોને આ બાબત લાગુ પડતી નથી, કારણ કે પ્રસ્થાપિત ખેતીના વિસ્તારોમાં તેમ જ બીજા પર્યાવરણીય પટામાં, ખાસ કરીને નવી આર્થિક વ્યવસ્થામાં તેમને સંયોજિત કરવાના હેતુસર, પણ જમીનનાં અનુદાન આપવામાં આવ્યાં હતાં.



ચિત્ર-1 : ઈન્દુ કુરુપલ્લીમાંથી પ્રાપ્ત દશમી સદીનો એક તેલુગુ શિલાલેખ ઢોરોને બચાવ્યા પછી વીરગતિ પામેલી વ્યક્તિનો ઉલ્લેખ કરે છે.





ચિત્ર-2 અને 3 : ઢોરો ઉપરના હુમલામાંથી તેમને બચાવવા જતાં વીરગતિ પામેલી વ્યક્તિઓની સ્મૃતિ દર્શાવતા ઉત્તર આર્કોટના બે શિલાલેખ.

**જમીન-અનુદાન પદ્ધતિનો કાલાનુક્રમ આલેખ પ્રસ્તુત માહિતી દર્શાવે છે :**

1. ચોથી-પાંચમી સદીઓ : મધ્ય ભારતના ઘણા વિભાગોં, ઉત્તરીય દખ્ખણ અને આંધ્રમાં ફેલાવો.
2. પાંચમી-સાતમી સદીઓ : પૂર્વ ભારત (બંગાળ અને ઓરિસ્સા) અને પશ્ચિમ ભારતમાં (ગુજરાત અને રાજસ્થાન) શરૂઆત.
3. સાતમી-આઠમી સદીઓ : તામિલનાડુ અને કર્ણાટક
4. નવમી સદી : કેરાલા
5. બારમી સદીનો અંત : લગભગ સમગ્ર ઉપખંડ (પંજાબ સિવાય)

## 1.2.2 વૈચારિક ભૂમિકા

જમીનના દાન સંબંધિત વિચારોથી દાનનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે. બ્રાહ્મણોને દાન આપવાના વિચારનો વિકાસ પાપને નિર્મૂળ કરવાના અને પુણ્ય કમાવવાના આશયથી બ્રાહ્મણગ્રંથોએ કર્યો હતો. બ્રાહ્મણોને અર્થોપાર્જનની સુવિધા પૂરી પાડવાનો સ્પષ્ટ અને પદ્ધતિસરનો પ્રયાસ જણાય છે. અનુગુપ્તકાલીન સદીઓનાં બધી સ્મૃતિઓ અને બધાં પુરાણોએ બ્રાહ્મણોને ખેડાણવાળી જમીન અનુદાનમાં આપવાની અને જમીનની બક્ષિસની નોંધ તામ્રપત્ર ઉપર કોતરાવવાની ભલામણ કરી છે.

**બક્ષિસ વિવિધ પ્રકારની હતી :** 1. અન્ન, ખાદ્ય વસ્તુઓ, ડાંગર વગેરે. 2. સોનું, નાણાં જેવી જંગમ વસ્તુઓ. 3. ખેડાણને લાયક જમીન, બગીચા, રહેઠાણની જમીન જેવી સ્થાવર મિલકત. આ ઉપરાંત બક્ષિસની વસ્તુઓમાં હળ, ગાય, બળદ અને હળનું ચાવડુંનો સમાવેશ થતો હતો. પરંતુ વિદ્વાન બ્રાહ્મણોને આપવામાં આવેલું જમીનના અનુદાનને સર્વ પ્રકારનાં દાનોમાં સર્વશ્રેષ્ઠ ગણવામાં આવતું હતું. આવાં દાન નિર્મૂળ કરવા માટેનો અભિશાપ અને બ્રાહ્મણોને આપેલાં દાનની પુનર્પ્રાપ્તિ એક રીતે દાનના ચિરત્વની ખાતરી આપે છે. આમ, જમીનના અનુદાન માટે ધર્મશાસ્ત્રોએ નિર્ણીત કરેલા કાનૂનનો અમલ થવો શરૂ થયો.

આરંભમાં જમીનનાં અનુદાન મુખ્યત્વે વૈદિક પુરોહિતોને અર્થાત્ શ્રોત્રિય અગ્નિહોત્રીઓને અપાતાં હતાં પણ પાંચમીથી તેરમી સદી દરમ્યાન મંદિરના તપોધનોને પણ આપવામાં આવતાં હતાં. આઠમી સદીથી કૃષિવિષયક વિસ્તરણ અને સંગઠનમાં એક સંસ્થા તરીકે મંદિરે મહત્ત્વનો ભાગ ભજવવા માંડયો. દક્ષિણ ભારતના સંદર્ભમાં મંદિરોને અપાતું અનુદાન, પછી તે જમીનનો ટુકડો હોય કે આખેઆખું ગામ હોય, દેવદાન તરીકે ઓળખાતું હતું. અહીં આપણે ખાસ નોંધવું જોઈએ કે અનુદાનની આ પ્રવૃત્તિ જે એક નાનકડી ધાર તરીકે શરૂ થઈ તે અંતે ધોધરૂપ બની ગઈ. જમીન આધારિત મિલકતને સંપાદિત કરવાની પ્રક્રિયા કેવળ બ્રાહ્મણધર્મીય મંદિરો પૂરતી સીમિત ન હતી. બૌધ અને જૈન ધર્મસ્થાનો (મઠો અને વિહારો) જેવી અ-બ્રાહ્મણીય ધર્મસંસ્થાઓ વચ્ચે પણ અનુદાન સંપ્રાપ્ત કરવા; ખાસ કરીને કર્ણાટક, આંધ્ર પ્રદેશ, ગુજરાત અને પૂર્વ ભારત (બિહાર અને ઓરિસ્સા)માં સ્પર્ધાઓ થતી હતી. (આ વિશે તમે ખંડ બીજાના એકમ છ અને સાતમાં કેટલીક માહિતી જોઈ શકશો.)

### 'તમારી પ્રગતિ ચકાસો'-1

1. અહીં બે ખાનાં આપ્યાં છે. ખાના 'ક'માં સમયાવધિ દર્શાવી છે. કૌંસમાં આપેલ પ્રદેશનાં નામોમાંથી જરૂરી નામો પસંદ કરીને, ખાના 'ક'માં આપેલ સમયાવધિની સામે, ખાના 'ખ'માં મૂકો ખાસ કરીને જ્યારે જે પ્રદેશમાં જમીન-અનુદાનની પ્રવૃત્તિ ચલણી હોય. (મધ્ય ભારત, બંગાળ, ઓરિસા, ઉત્તરી દખ્ખણ, આંધ્ર, તામિલનાડુ, કેરળ, ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક)

| (ક) | (ખ) (પ્રદેશ નામ મૂકવાં) |
|---|---|
| 1. 4થી-5મી સદીઓ | 1. ______________ |
| 2. 5મી-7મી સદીઓ | 2. ______________ |
| 3. 7મી-8મી સદીઓ | 3. ______________ |
| 4. 9મી સદી | 4. ______________ |

2. બ્રાહ્મણોને અપાતાં દાન કયાં કયાં હતાં ? એમાંથી કયું દાન સર્વશ્રેષ્ઠ ગણાતું ?

.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................

## 1.3 કૃષિવિષયક સંગઠન


કૃષિવિષયક સંગઠન અને અર્થવ્યવસ્થા ઘણાં જટિલ હતાં. મંદિર-વસાહતો, બ્રહ્મદેય અને અ-બ્રહ્મદેયનાં લક્ષણ અને ફાળો તથા જમીન-અનુદાનની પ્રાદેશિક ભાતના સઘન અધ્યયનથી આ બાબત સમજી શકાશે. આ પરિસ્થિતિને વધુ સારી રીતે સમજવામાં જમીનના હક્કોના વિકાસ અને સ્વરૂપ પણ સહાયરૂપ થાય છે. આ હક્ક જમીન, તેનું ઉત્પાદન અને વિતરણ પ્રક્રિયા સાથે સંલગ્ન વિવિધ જૂથોના પરસ્પરાવલંબિત હતા.

### 1.3.1 વિવિધ પ્રકારની કૃષિવિષયક વસાહતોનાં લક્ષણો અને ભૂમિકા


**બ્રહ્મદેય :** બ્રહ્મદેય એટલે જમીનનાં અનુદાન, જે બ્રાહ્મણોને આપવામાં આવતાં હતાં. આ દાન જમીનના ટુકડાનું કે સમગ્ર ગામનું હતું. આ બ્રહ્મદેયથી બ્રાહ્મણો જમીનના કાં તો માલિક બન્યા કાં તો જમીનધારકો બન્યા. બ્રહ્મદેયનો મુખ્ય આશય હતો : પડતર જમીનને ખેડાણ હેઠળ આવરી લેવી અથવા વિદ્યમાન કૃષિ-આધારિત વસાહતો (ખેડૂતો)ને બ્રાહ્મણ માલિકના પ્રભુત્વ હેઠળની વિશિષ્ટ આર્થિક વ્યવસ્થા અંતર્ગત આવરી લેવી. આ બ્રાહ્મણ દાનગ્રાહીઓએ (લાભાર્થીઓએ) વિશિષ્ટ આર્થિક-વ્યવસ્થા અંતર્ગત વિવિધ આર્થિક-સામાજિક જૂથોને એકઠાં કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ કાર્ય એમણે વર્ણવ્યવસ્થા હેઠળ સેવાઅવધિ અને જ્ઞાતિજૂથો મારફતે કર્યું. દા.ત. વિદ્યમાન સામાજિક વ્યવસ્થામાં શૂદ્રોના વિકસી રહેલા કિસાનીકરણને પ્રમાણિત કરવું જોઈએ. બ્રહ્મદેય તરીકે જમીનના અનુદાનની પ્રથા શાસકીય વંશોએ શરૂ કરેલી અને પછીથી મુખીઓ, સામંતો વગેરેએ એનું અનુસરણ કરેલું. કૃષિવિષયક વિકાસને બ્રહ્મદેયે સરળ બનાવ્યો કારણ કે (1) બ્રહ્મદેય વિવિધ પ્રકારના કરથી મુક્ત હતું; કાં તો સંપૂર્ણપણે અથવા વસાહતની પ્રારંભિક અવસ્થાઓ દરમ્યાન (દા.ત. બાર વર્ષ માટે). (2) સતત વિકસિત વિશેષાધિકારથી બ્રહ્મદેય

વિભૂષિત હતું. શાસકીય કુટુંબો સાધનોનો પાયાનો વિસ્તાર કરીને આર્થિક લાભ મેળવતા હતા; ખાસ કરીને બ્રહ્મદેયની રચના કરીને તેઓ પોતાની રાજકીય સત્તા માટે વૈચારિક સહાય મેળવતા.

કોઈ એક બ્રાહ્મણને અથવા કેટલાંક બ્રાહ્મણ-કુટુંબોને (જેની સંખ્યા કેટલાક સેંકડોની અથવા તેથી પણ વધારે કે ક્યારેક હજારથી વધારે) બ્રહ્મદેય તરીકે જમીન અનુદાનમાં આપવામાં આવતી. આ પરિસ્થિતિ દક્ષિણ ભારતમાં જોવા મળે છે. તળાવ કે સરોવર જેવાં સિંચાઈનાં સ્થળોની નજીક જ બ્રહ્મદેય સ્થિત હતાં. ઘણી વાર જ્યારે બ્રહ્મદેયનું નિર્માણ થતું ત્યારે સિંચાઈનાં નવાં સાધનો તૈયાર કરવામાં આવતાં; ખાસ કરીને જે વિસ્તારો વરસાદ ઉપર આધારિત હતા અને જે વરસાદરહિત વિસ્તારો હતા ત્યાં. જ્યારે બ્રહ્મદેય નદીખીણોમાંના સઘન ખેતીના વિસ્તારોમાં આવેલાં હતાં ત્યારે તેઓ મુખ્યત્વે બીજી વસાહતોને ઉત્પાદનની ભરણપોષણક્ષમ કક્ષાએ લાવવાની કામગીરી કરતાં. ક્યારેક બે અથવા વધારે વસાહતોને સાંકળી લેવામાં આવતી જેથી બ્રહ્મદેય અથવા અગ્રહારની સ્થાપના થઈ શકે. આવાં ગામોનાં મહેસૂલ બ્રાહ્મણ લાભાર્થીઓને બક્ષિસ થતું. આ બ્રાહ્મણોને દાનમાં મળેલી જમીનનો ખેડાણ હક્ક પણ આપવામાં આવતો. દાનમાં આપેલી જમીન કે ગામની હદ ઘણી વાર કાળજીપૂર્વક નિયત કરવામાં આવતી. ગામ અંતર્ગત સૂકી, લીલી એમ વિવિધ પ્રકારની જમીન અને ઉદ્યાન જમીનની વિગતો નિશ્ચિત કરાતી. કેટલીક વાર ચોક્કસ પાક અને વૃક્ષોનો પણ ઉલ્લેખ થતો. જમીનનાં અનુદાન જમીનના હક્કના બદલા કરતાં વિશેષ મહત્ત્વ ધરાવતાં હતાં. દા.ત., ઘણા કિસ્સાઓમાં ગ્રામનાં મહેસૂલી અને આર્થિક સાધનોની સાથોસાથ ખેડૂતો, કારીગરો અને અન્ય માનવ-સંસાધન પણ લાભાર્થીને તબદીલ કરવામાં આવતાં. સરોવર અને તળાવ જેવી સામુદાયિક જમીન ઉપર ગ્રામજનો હક્કના આક્રમણના પુરાવા પણ હાથવગા થતા રહે છે. આ રીતે, બ્રાહ્મણો પ્રસ્તુત વસાહતોના કૃષિવિષયક અને યાંત્રિક ઉત્પાદનના સંચાલકો બન્યા જે માટે તેઓ સ્વયં વૈધાનિક વ્યવસ્થા બની ગયા.



**ચિત્ર-4 :** રાજકોટમાંથી પ્રાપ્ત ધ્રુવસેન પહેલાના સમયનું (ઈ.સ. 536) દાનપત્ર જેમાં બ્રાહ્મણને એક ગામ બ્રહ્મદેય તરીકે દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે.



ચિત્ર-5 : કરિમનગર જિલ્લામાંથી પ્રાપ્ત કાકતિય ગણપતિનો (ઈ.સ. 1199) લેખ જેમાં રાજા ગણપતિના પુરોહિત માંછી-ભટ્ટોપાધ્યાયને ચુનેરી દેશના રાજપાલે આપેલા જમીનના અનુદાનનો નિર્દેશ છે.

**લૌકિક (ઐહિક) અનુદાન :** ઈશુની સાતમી સદીથી રાજ્યના અધિકારીઓને જમીનના અનુદાનના સ્વરૂપે વેતન આપવામાં આવતું હતું. આ પ્રથાનું ખાસ મહત્ત્વ હતું કેમ કે તેથી જમીનદારોનો એક બીજો વર્ગ નિર્માયો જેઓ બ્રાહ્મણો ન હતા. તેથી આ દાન બ્રહ્મદેયને બદલે ઐહિક દાન તરીકે ઓળખાયું.

વહીવટી વિભાગોની દેખરેખ રાખતા અધિકારીઓને અપાતા જમીનના અનુદાનનો ઉલ્લેખ ઈ.સ. 200 (મનુસ્મૃતિનો સમય) લગભગનો છે, પણ આ પ્રથા વેગ તો પકડે છે અનુગુપ્તકાલમાં. દશમી અને બારમી સદી વચ્ચેના મધ્ય ભારત, રાજસ્થાન, ગુજરાત, બિહાર અને બંગાળના સાહિત્યગ્રંથો મંત્રીઓ, સગાંઓ અને લશ્કરી સેવાઓ સાથે સંલગ્નને આપેલાં વિવિધ પ્રકારનાં અનુદાનનો વારંવાર ઉલ્લેખ કરે છે. પાલવંશનાં દાનપત્રોમાં ઉલ્લેખિત રાજાઓ, રાજપુત્રો, રાણકો, મહાસામંતો વગેરે જમીન સાથે સંકળાયેલા આશ્રિતો હતા. રાજ્યના અધિકારીઓને અપાતા અનુદાનનો બોજો રાજ્યે રાજ્યે જુદો હતો. ઉદાહરણ તરીકે : પરમાર વંશમાં અધિકારીઓના છ હોદ્દા હોવાનું જાણીએ છીએ પણ તેમાંથી થોડાકને જમીન અનુદાનમાં મળી હતી. પણ ગુજરાતના ચૌલુક્યોના શાસનમાં આશ્રિતો અને વરિષ્ઠ અધિકારીઓને વિશાળ ભૂમિ દાનમાં આપવામાં આવી હતી. ઉપલબ્ધ પુરાવાઓ સૂચવે છે કે આસામ, બંગાળ અને બિહારનાં સંયુક્ત અનુદાન કરતાં ઓરિસામાં સેવા-અનુદાનોની સંખ્યા વધારે હતી. વળી, કરવસૂલીની સત્તાને ધ્યાનમાં લીધા વિના વિશિષ્ટ અને અનન્ય કરવસૂલીનો ઉપભોગ કરતા વિવિધ અધિકારીઓના હક્કથી ગણોતિયાની જમીન ઉપર ડોળો જમાવવા ઇચ્છતા વચેટિયાઓના ઊભા થવાનો સંભવ હતો જ.

**દેવદાન :** બ્રાહ્મણધર્મીય અને અ-બ્રાહ્મણધર્મીય ધર્મસંસ્થાઓને વિશાળ પાયે અપાયેલાં અનુદાન વિશે આભિલેખિક પુરાવાઓમાં વિશિષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. આ કેન્દ્રોએ કૃષિવિષયક વસાહતોના નાભિ તરીકે કામ કર્યું, તેમ જ સંસ્કૃતીકરણની પ્રક્રિયા મારફતે ખેડૂતો અને આરવિકોની વસાહતોને સંયોજિત કરવામાં સહાય કરી. મંદિરની જમીન દ્વારા પુરસ્કૃત કરીને અથવા કાર્યસત્તા સોંપીને આ કેન્દ્રોએ વિવિધ પ્રકારનાં સામાજિક-આર્થિક જૂથોને પણ સંયોજિત કર્યાં. મંદિરની જમીનો ગણોતિયાને ગણોતપટે ધીરવામાં આવતી, જેઓ ઉત્પાદનનો મોટો હિસ્સો મંદિરોને આપી દેતા. આ જમીનોનું સંચાલન કાં તો બ્રહ્મદેયની સભા કરતું કાં તો અગ્રહાર વસાહતોનાં મહાજનો કરતાં. જ્યારે અ-બ્રાહ્મણીય વસાહતોમાં પણ મંદિરો

કેન્દ્રીય સંસ્થાઓ બની હતી. આ સંસ્થાઓમાં પણ જમીનનો વહીવટ મંદિરની કાર્યવાહક સમિતિઓ તરફથી થતો હતો, જેમાં અ-બ્રાહ્મણ જમીનદારોનો સમાવેશ થયો હતો. દા.ત., તામિલનાડુના વેલાલો, કર્ણાટક અને આંધ્ર પ્રદેશનો ઓકાલુ કામપુલુ વગેરે. જ્ઞાતિ વ્યવસ્થા મંદિર આસપાસ કેન્દ્રિત હતી, જે અન્તર્ગત વિવિધ જૂથોને જ્ઞાતિનો અને ક્રિયાકાંડનો મોભો એનાયત કરાયો હતો. આ પ્રક્રિયાને કારણે જ 'અશુદ્ધ' અને 'હલકો વ્યવસાય' કરતા લોકોને અસ્પૃશ્યનો મોભો અપાયો હતો, મંદિરથી દૂર રખાયા હતા અને ગામને છેવાડે એમને મકાનો આપવામાં આવ્યાં હતાં.

બ્રાહ્મણો અને અ-બ્રાહ્મણ જમીનધારક ભદ્ર વર્ગના હાથમાં મંદિરોની જમીનની દેખરેખ હતી. જમીનધારક ભદ્ર વર્ગનાં જૂથોથી પ્રભાવિત સ્થાનિક સમિતિઓનું મુખ્ય કાર્ય સિંચાઈનાં સાધનો ઉપરનું નિયંત્રણકાર્ય હતું. બ્રાહ્મણો, મંદિરો, અ-બ્રાહ્મણ વર્ગના જમીનધારકો, કર્મચારીઓ અને જમીનના શ્રેષ્ઠ હક્ક ભોગવનારાઓ, આઠમીથી તેરમી સદી દરમ્યાન કેન્દ્રવર્તી લક્ષણ બની રહ્યા.

નવા જમીનધારક ભદ્ર વર્ગના સ્થાનિક ખેડૂત વર્ગના મુખીઓ અથવા લોહીનો સંબંધ ધરાવતાં જૂથોના વડાઓ અને કુટુંબવડાઓનો સમાવેશ થતો હતો. જેઓને 'કની' હક્ક અથવા માલિકી અને દેખરેખનો હક્ક હતો. બીજા શબ્દોમાં કહીએ તો રાજા અને ખરા ઉત્પાદકોની વચ્ચે વચેટિયાઓના વિવિધ સ્તર ઉદ્‌ભવ્યા.

### 1.3.2 જમીન અંગેના હક્ક

જમીનના અનુદાન સંબંધે મહત્ત્વનું પાસું લાભાર્થીને આપવામાં આવેલા હક્કના સ્વરૂપનું છે. લાભાર્થીને આપેલા હક્કમાં મહેસૂલી અને વહીવટી હક્કોનો સમાવેશ થાય છે. રાજાને અથવા સરકારને સૈદ્ધાન્તિક રીતે અપાતા કરવેરામાં જમીનવેરો એ રાજ્યની આવકનું સૌથી મોટું સાધન છે, જે લાભાર્થીને સોંપવામાં આવ્યું હતું. તામ્રપત્રો અને શિલાલેખોમાં ઉલ્લેખિત અનુદાનમાંથી મુક્તિ (પરિહર)થી સૂચિત થાય છે કે સૈદ્ધાન્તિક રીતે રાજાને જે વેરો આપવામાં આવતો તે સંપૂર્ણ તો મુક્ત ન હતો પણ તે હક્ક હવે લાભાર્થીને સોંપી દેવામાં આવ્યા. ધર્મશાસ્ત્રોની સંમતિ ઉપર જ દેખીતી રીતે આ બાબત આધારિત હતી, જેનો મુખ્ય આશય તો જમીન ઉપરની શાહી માલિકી પ્રસ્થાપિત કરવાનો હતો અને તેથી આવા અનુદાનનું વાજબીપણું દર્શાવાયું અને જમીન અંગેના વચગાળાના હક્કોનું નિર્માણ કરાયું.

જોકે અગાઉની સમજૂતીમાં જમીનના હક્કના સામુદાયિક આધારના પુરાવા છે. ખાનગી માલિકી અથવા હક્કના વિકાસ, જમીનની સોંપણીના હક્કનો ભોગવટો લાભાર્થીનો હતો તે હકીકતથી સૂચવાય છે. ખાનગી વ્યક્તિઓ પાસેથી ખરીદીને જમીનનાં અનુદાન થતાં રહેતાં હતાં. ધાર્મિક અને લૌકિક એમ બંને પ્રકારનાં અનુદાનમાંથી વારસાગત માલિકીપણું વિકસ્યું હતું.

## 1.4 યંત્રૌદ્યોગિક સુધારણા

ઈશુની આઠમીથી તેરમી સદી દરમ્યાન સિંચાઈની સગવડોમાં વધારો થયો. દા.ત. નહેરો, તળાવો, સરોવરો અને કૂવા. પ્રાદેશિક અધ્યયનથી સ્પષ્ટ થયું કે ગ્રામીણ વસાહતોના વિસ્તરણમાં જલીય સાધનોની ઉપલબ્ધિ મહત્ત્વનું પાસું ગણાયું હતું. જ્યારે જ્યારે ગ્રામીણ જમીનનાં વિતરણ અને હાથબદલો ધ્યાનમાં લેવામાં આવતાં ત્યારે ઉપયોગ માટે પાણીનાં કુદરતી સાધનોનો સંદર્ભ અપાતો : દા.ત. દક્ષિણ કર્ણાટકમાં કેરી (તળાવ), બંગાળમાં નદી, પુષ્કરિણિ (તળાવ), શ્રોત (પાણીની નહેર) વગેરે અને પશ્ચિમ રાજસ્થાનમાં અરઘટ કૂવા. સ્વાભાવિક જ કૃષિવિષયક પ્રવૃત્તિઓને સઘન બનાવવા તથા ખેતીના વિસ્તરણમાં પાણીનાં સાધનોએ ઘણો ફાળો આપ્યો હતો. માનવશક્તિ અને પ્રાણીશક્તિ દ્વારા પાણી-ખેંચવાની વિવિધ પદ્ધતિઓનો વિનિયોગ પણ જાણીતો હતો. આઠમી અને તેરમી સદીઓ દરમ્યાન સિંચાઈનાં આવાં સાધનોના નિર્માણ અને સંવર્ધનના ઉલ્લેખ અભિલેખોમાં જોવા પ્રાપ્ત થાય છે. આ સમયગાળાનાં ઘણાં તળાવો સારી રીતે અદ્યાપિ ટકી રહ્યાં છે. આમાંનાં કેટલાંકનું બ્રિટિશ વહીવટ હેઠળ સમારકામ થયેલું, કેટલાંકનું પુનઃ સંસ્કરણ થયું તો કેટલાંકનું વિસ્તરણ થયું. રાજસ્થાન અને ગુજરાતની વાવો અગિયારમીથી તેરમી સદીપર્યંત ઘણી જ લોકપ્રિય બની હતી. આ વાવોનો ઉપયોગ ખેતી માટે અને પીવા માટે પાણી પૂરું પાડવા થતો હતો.

સિંચાઈના પ્રવિધિવિજ્ઞાનમાં પ્રગતિને કારણે સિંચાઈનાં કામોમાં સંખ્યાની દૃષ્ટિએ વધારો થયો. પૂર-નિયંત્રણની પદ્ધતિઓ, નદીનાં પાણીને નાથવાં, તળાવ, સરોવર, નહેરના મુખ આગળ પાણી-નિયંત્રણના દરવાજાની રચનાના વૈજ્ઞાનિક અને કાયમી ઉપયોગના પુરાવા મળે છે, નહેર માટે નદીમાં ગાબડું પાડીને અને માટીનો પુસ્તો બાંધીને પૂર ઉપર ક્રમશઃ નિયંત્રણ લાદવામાં આવ્યું હતું. તેથી પાણીના સ્રોતનો નિયંત્રિત ઉપયોગ કરી શકાતો હતો.

ઉનાળામાં જ્યાં નદી સુકાઈ જતી હતી તેવી નદીની ખીણના વિસ્તારમાં તથા અર્ધ સૂકા અને વરસાદવાળા વિસ્તારોમાં તળાવ અથવા સરોવરનો સામાન્ય રીતે ઉપયોગ થતો હતો. પાણીનાં તળાવોનાં નિર્માણ અથવા એના બાંધકામનો પ્રારંભ શાસક કુટુંબોએ કર્યો હતો અને એના નિભાવનું કાર્ય તામિલનાડુમાં (બ્રાહ્મણ સમિતિ) અને ઉર (અ-બ્રાહ્મણ સમિતિ) જેવી સ્થાનિક સંસ્થાઓ કરતી હતી. તળાવો / સરોવરના

નિભાવની દેખભાળ (દા.ત. મુખદ્વાર પાસે જામેલો કાદવ દૂર કરવો, પાળ/પુસ્તો બાંધવા અને પાણીના નિયંત્રણ માટેના દરવાજાનું સમારકામ વગેરે) સ્થાનિક સભાની ખાસ સમિતિ કરતી હતી અને તે હેતુસર વેરો પણ લાદતી હતી.


બ્રાહ્મણો અને મંદિરોને જ્યારે ભેટ અપાતી ત્યારે કૂવા કે તળાવ ખોદવા માટે શાહી મંજૂરી મળતી હતી. તળાવો અને નહેરોના નિર્માણ અને નિભાવ માટે જમીન નિર્ધારિત કરવામાં આવતી હતી. તળાવોના નિર્માણકાર્યને વિશેષાધિકારનો એક ભાગ ગણવામાં આવતો જેનો ઉપભોગ લાભાર્થીઓ કરતા અને તેને ધાર્મિક પુણ્યકાર્ય ગણવામાં આવતું. આથી સાધનસંપન્ન ખાનગી વ્યક્તિઓ પણ તળાવોનું નિર્માણકાર્ય કરતી હતી.

કૃષિવિષયક સાધનોમાં સુધારણાનું કાર્ય પણ કંઈ ઓછા મહત્ત્વનું ન હતું. દા.ત. અજમેરના દશમી સદીના એક લેખમાં મોટા હળનો નિર્દેશ છે. ઉપરાંત પરોપજીવી છોડવાઓ (ઘાસ)ના નિંદામણ માટે જુદાં સાધનોનો ઉલ્લેખ છે. વૃક્ષયાર્વેદમાં વૃક્ષોના રોગના ઉપચારનાં પગલાંની માહિતી છે. અરઘટ્ટ અને ઘટિયંત્ર જેવાં પાણી ખેંચવાનાં સાધનોનો નિર્દેશ શિલાલેખો અને સાહિત્યમાં જોવા મળે છે. રાજસ્થાનના કૂવામાં નવમી-દશમી સદીઓમાં અરઘટ્ટનો ખાસ ઉપયોગ થતો હતો. કાશ્યપની 'કૃષિસૂક્તિ'માં વર્ણવાયું છે કે બળદથી ચાલતાં ઘટિયંત્ર શ્રેષ્ઠ ગણાતાં, જ્યારે માનવસંચાલિત ઘટિયંત્રો કનિષ્ટ ગણાતાં અને હાથથી ચાલતાં મધ્યમ ગુણવત્તાનાં ગણાતાં.


'ગુરુસંહિતા' અને 'કૃષિનરશ્વર' જેવા ગ્રંથોમાં ખેતીવાડીના કાર્યમાં આબોહવાની સ્થિતિના પ્રગતિશીલ જ્ઞાનનો વિનિયોગ થતો હોવાની નોંધ છે.

ખેતી ઉપરનાં સમકાલીન લખાણોમાં ઘઉં, બાજરી, મસૂરની દાળ વગેરે જેવાં સૌથી વધુ ધાન્યનો ઉલ્લેખ જોવા મળે છે. 'શૂન્ય પુરાણ' અનુસાર બંગાળમાં પચાસથી વધુ પ્રકારની ડાંગરની ખેતી થતી હતી. ખાતર અંગેના જ્ઞાનમાં સારો એવો વધારો થયો અને કૉમ્પોસ્ટ ખાતરનો ઉપયોગ જાણીતો હતો. સોપારી, નાગરવેલ, કપાસ, શેરડી જેવા રોકડિયા પાકનો વારંવાર ઉલ્લેખ થયેલો જોવા મળે છે. રાજશેખર (દસમી સદીનો પૂર્વાર્ધ) ઉત્તરી બંગાળના શેરડીના શ્રેષ્ઠ પાકની માહિતી આપે છે, જેમાંથી સંચા વિના ઘણો રસ મેળવી શકાતો હતો. આ સમય દરમ્યાન દ્વીપકલ્પીય ભારતમાં નાળિયેર અને નારંગી જેવા રોજિંદા ઉપયોગની વસ્તુઓનું ઘણું મહત્ત્વ હતું.

માર્કોપોલો તેજાનાના વધતા જતા ઉત્પાદનની નોંધ કરે છે. તેનું કહેવું છે કે ચીનનું કિન્યાસ શહેર એકલું જ ભારતથી આયાત કરેલા ૪૫૩૦ કિલોગ્રામ મરીનો રોજ ઉપભોગ કરતું હતું. યુરોપીય બજારમાં ભારતીય સૂંઠની મોટી માંગ હોવાની નોંધ પણ તે કરે છે. વર્ષમાં ત્રણ પાક લેવા અને એક પછી એક ક્રમે પાક લેવાની પ્રક્રિયા ખૂબ જાણીતી હતી. આ રીતે, પ્રગતિશીલ ખેતી વિષયક પ્રવિધિવિજ્ઞાનને વ્યવસ્થિત કરાયું હતું અને દેશના વિવિધ વિસ્તારોમાં તેનો ફેલાવો પણ કરવામાં આવ્યો હતો જેને પરિણામે ખેતીના ઉત્પાદનમાં ખાસ્સો એવો વધારો થયો હતો.



**ચિત્ર-6 : નવમી સદીનો કર્ણાટકના નાવલીમાંથી ઉપલબ્ધ પાળિયાલેખ વીરનો નોલિમ્બાના શાસન દરમ્યાન એક વીરની સ્મૃતિમાં બંધાયેલા તળાવનો ઉલ્લેખ કરે છે**



ચિત્ર-7 : ઈરોડમાંથી પ્રાપ્ય દસમી સદીનો તમિળ લેખ, જે વણજી-વેલ તાલી નામના માણસ તરફથી બંધાયેલા તળાવ અને તેના નિભાવ માટે આપેલાં નાણાંનો ઉલ્લેખ કરે છે.

## 'તમારી પ્રગતિ ચકાસો'-2

1 કૃષિવિષયક વિસ્તરણમાં બ્રહ્મદેયની પ્રથાએ કેવી મદદ કરી હતી ?

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

2 બ્રહ્મદેય, લૌકિક અને દેવદાન અનુદાનો વચ્ચેનો તફાવત જણાવો.

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

3 જમીનના લાભાર્થી કયા પ્રકારના હક્ક ભોગવતા હતા ?

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

4 સિંચાઈની મુખ્ય પદ્ધતિઓનું સંક્ષિપ્ત વર્ણન કરો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

## 1.5 ગ્રામીણ તણાવ

કૃષિવિષયક વિસ્તરણ છતાંય ગ્રામીણ દેખાવ સમરૂપ ન હતો. વિષમરૂપ અને સ્તરીય ખેડૂત વર્ગો જોવા મળે છે. પૂર્વકાલથી અને પ્રાક્-ગુપ્તકાલીન ગૃહપતિથી ભિન્ન જમીન સાથે સંલગ્ન વિવિધ દરજ્જાના મજૂરો આ સમય દરમ્યાન જોવા મળે છે. દા.ત. ક્ષેત્રિક, કર્ષક, હલીન અને આર્ધિક. કમનસીબે, આ પ્રકારની જમીનમાલિકીનો ભાગ્યે જ કોઈ નિર્દેશ મળે છે, જેમાં વિવિધ પ્રકારના ખેડૂતોનો સંદર્ભ હોય. બ્રહ્મદેય પ્રથાનું અબ્રહ્મદેય પ્રથામાં રૂપાંતર અને અબ્રહ્મદેયનું અગ્રહારમાં રૂપાંતરની પ્રક્રિયા ગ્રામીણ વિસ્તારોમાં તનાવનાં સક્ષમ ઉદ્‌ગમ હતાં. કાશ્મીરનો ડામર વિદ્રોહ, બંગાળમાં રામપાલના શાસન દરમ્યાન કૈવર્થોનો ઉપદ્રવ, તમિલનાડુમાં જમીન ઉપરના દબાણની પરિસ્થિતિમાં આત્મસમર્પણનું કાર્ય, પાંડ્ય પ્રદેશમાં દાનમાં આપેલી જમીન શૂદ્રો દ્વારા પચાવી પાડવી એ જમીન સાથે સંકળાયેલા નવા વચેટિયા સામે અવિશ્વાસની સૂચક બાબતો છે. હકીકત એ હતી કે દાતાઓ જ્યાં જમીન વિવાદરહિત હતી તેવી જમીન ઉપર ઘણી વાર નજર રાખતા હતા. આ બાબત પણ કલહનાં મૂળ દર્શાવે છે. અગ્રહાર અંતર્ગત અને આસપાસ પાળિયાઓની શક્યતા કૃષિવિષયક વસાહતોમાં સપાટી નીચેની ગરબડ ઉપર ઠીક ઠીક પ્રકાશ ફેંકે છે. આ સમય દરમ્યાન બ્રહ્મહત્યાના ખ્યાલનો પ્રભાવ શા માટે વધ્યો હતો ? આ પ્રશ્નનો ઉત્તર 'બ્રાહ્મણ-ખેડૂત જોડાણ' અને 'ખેડૂત રાજ અને સમાજ'ના વાજબીપણા વિશે શંકાઓ જન્માવે છે. (જુઓ વિભાગ 1.7) ગ્રામીણ સમાજ અંતર્ગત બ્રાહ્મણો અને મંદિરો વચ્ચે અને લૌકિક જમીનધારકોના વર્ગો અંતર્ગત તનાવના શક્ય વિસ્તારોને નકારતા નથી.

## 1.6 ખેતી અને વિનિમયની જાળ

અધ્યયન હેઠળના સમય દરમ્યાન આર્થિક સંગઠનમાં, જે મુખ્યત્વે કૃષિવિષયક અને સ્વનિર્ભર ગ્રામ્ય અર્થવ્યવસ્થા હતી, ઉત્પાદન, બજારનાં ધારાધોરણના પ્રતિભાવને અનુરૂપ ન હતું પણ ભરણપોષણને ધ્યાનમાં રાખતું હતું. આથી આર્થિક વિકાસ માટે ઓછી શક્યતા હતી. ગામો કે સ્થાવર મિલકત કે ધાર્મિક સંસ્થા સાથે કારીગરો અને કામદારો સંકળાયેલા હતા. આથી વેપારીઓ અને વચેટિયાઓનો કોઈ ખાસ ફાળો ન હતો. આ લોકો કપડાં, લોખંડનાં સાધનો, તેલ, તેજાનાનું ઉત્પાદન કરતા અને ગ્રામીણ પ્રજાને પૂરાં પાડતા. બીજા શબ્દોમાં કહીએ તો બજાર પદ્ધતિની કાર્યશૈલી ઘણી મર્યાદિત હતી.

પ્રસ્તુત પરિસ્થિતિ ઈ.સ. 300થી 800ના સમય માટે ચોક્કસ રીતે સાચી હતી. જોકે અનુકાલનાં પાંચસો વર્ષ દરમ્યાન કૃષિવસાહતોની સંખ્યામાં ઝડપી વધારો અનુભવ્યો અને સ્થાનિક વિનિમય માટે શરૂમાં સ્થાનિક બજારનો વિકાસ જોવા મળ્યો. (જુઓ એકમ 2). પછીથી પ્રદેશ અંતર્ગત અને બીજા પ્રદેશો સાથે નિયમિત વિનિમયની જરૂરિયાતે સંગઠિત વાણિજ્યનું નેતૃત્વ લીધું. પરિણામે નવમી સદીથી વેપારી સંગઠનો, પ્રવાસી વેપાર અને આંશિક મુદ્રીકરણનો ઉદ્‌ભવ થયો. જોકે આ લક્ષણોનું સાપેક્ષ મહત્ત્વ વિસ્તારે વિસ્તારે વિભિન્ન હતું (જુઓ એકમ 3 અને 4). આ નવી અર્થવ્યવસ્થામાં ખેતીનું વધતું રહેલું પ્રદાન સ્પષ્ટ જોઈ શકાય છે.

પ્રવાસી સોદાગરો દ્વારા થતા લાંબા અંતરના વેપારની ચીજવસ્તુઓ સાથે કૃષિઉત્પાદનોનો વિનિમય થવા લાગ્યો. અધ્યયન હેઠળના સમયગાળાના આરંભમાં જમીનની માલિકીની ભાતમાં આ વિકાસથી ફેરફાર થવા માંડ્યો. વેપારીઓ અને આર્થિક રીતે સંપન્ન હસ્તકારીગરો (દા.ત. વણકર)એ જમીનમાં રોકાણ કર્યું એટલે કે જમીન ખરીદ કરી કે સંપ્રાપ્ત કરી અને જમીનનાં દાન આપ્યાં. ઉદાહરણરૂપે દક્ષિણ કર્ણાટકમાં જગતિ-કોટ્ટાલી (વણકર કોમ) જૂથ અને તેલીગસ (તેલની ઘાણી ચલાવનાર) કોમ ખેતીકાર્યમાં સક્રિય ભાગીદારો હતા. આમાંથી જગતિ-કોટ્ટાલી મુખ્યત્વે તળાવના ખોદનારા તરીકે અને બગીચા બનાવનાર તરીકે વારંવાર ઉલ્લેખાયા છે.

# 1.7 આઠમી-તેરમી સદીની કૃષિવિષયક અર્થવ્યવસ્થાનું ચરિત્રચિત્રણ

આઠમી-તેરમી સદીના આરંભકાળની કૃષિવિષયક અર્થવ્યવસ્થાની સમગ્રતયા ગોઠવણીના સ્વરૂપ વિશે વિવિધ મતો અભિવ્યક્ત થયા છે. એક તરફ, સામંતી અર્થવ્યવસ્થાના પ્રાદુર્ભાવ તરીકે તે જોવા મળે છે; તો બીજી બાજુ ખેડૂતરાજ અને ખેડૂતસમાજ તરીકે તેની અભિવ્યક્તિ જોઈ શકાય છે.

**ભારતીય સામંતશાહીનાં લક્ષણો આ મુજબ છે :**

(1) જમીન આધારિત વચેટિયાઓની સોપાનશ્રેણીનો પ્રાદુર્ભાવ. જમીન આશ્રિતો અને રાજ્યના અધિકારીઓ તથા બીજા લૌકિક એસાઈનીઓને લશ્કરી અહેસાન અને સામંતી બિરુદો પ્રાપ્ત હતાં. આ લાભાર્થીઓને મળેલ અર્ધસામંતી (જેમાં પ્રદેશે પ્રદેશે ભિન્નતા હતી) મોભાને કારણે પોતાની જમીન સાથે આપવાની પ્રથાએ વચેટિયાનાં વિવિધ સ્તરોના વિકાસમાં ફાળો આપ્યો, જેમાં જમીન આધારિત ગણોતિયા, ઉમરાવો, ભાગીયા અને ખેડૂતોની સોપાન શ્રેણીનો સમાવેશ થતો હતો. આ સોપાનશ્રેણી પ્રતિબિંબિત થઈ હતી સત્તામાં કે વહીવટી માળખામાં, જ્યાં એક પ્રકારનો માલિક-આશ્રિતનો સંબંધ ઉદ્‌ભવ્યો. બીજી રીતે કહીએ તો, ભારતીય સામંતશાહી જમીનના ખરાબ રીતે અસમાન વિતરણ અને તેના ઉત્પાદનથી બનેલી હતી.

(2) ફરજિયાત મજૂરી (અથવા વેઠ)નું અસ્તિત્વ બીજું મહત્ત્વનું લક્ષણ હતું. બ્રાહ્મણો અને જમીનના લાભાર્થીઓ દ્વારા વેઠ કરાવવાનો હક્ક અમલમાં હોવાનું જણાય છે. મૂળમાં વેઠ એ રાજા કે રાજ્યનો વિશેષાધિકાર હતો. આ અધિકાર લાભાર્થીઓ, નાના અધિકારીઓને, ગ્રામીણ સત્તાધીશો અને બીજાઓને સોંપવામાં આવ્યો હતો. ફક્ત ચોલવંશના અભિલેખોમાં સોથીય વધારે સંદર્ભો વેઠ અંગેના છે. ખુદ ખેડૂતો અને કારીગરો પણ વેઠની ન્યાયિક હદમાં આવી જતા હતા. પરિણામે જમીન અનુસ્યૂત દાસત્વ ઉદ્‌ભવ્યું, જેમાં ખેતમજૂરોને અર્ધગુલામના સ્થાને મૂકી દેવાયા હતા.

(3) શાસકો અને વચેટિયાઓના જમીન ઉપરના વિશાળ હક્કોના વધતા જતા દાવા (અધિકાર)ને કારણે ખેડૂતોના જમીન અંગેના હક્કમાં કાપ મુકાયો. ઘણા ખેડૂતો તો ગણોતિયાની સ્થિતિએ ઊતરી ગયા અને જમીનકબજો છોડવાના ઓથાર હેઠળ આવી ગયા. ઠીક સંખ્યાના ખેડૂતો કેવળ ભાગીયા (આર્ધિકો) બની રહ્યા. કરભારણ, જુલમ અને વધતાં જતાં દેવાથી પણ ખેડૂતવર્ગ ખેંચાણ હેઠળ આવી ગયો.

(4) વિવિધ રીતરસમોથી બચત પણ ઝૂંટવાઈ જતી હતી. વધારાની આર્થિક જુલમગીરી પણ જાણીતી પદ્ધતિ હતી. મિલકત અંગેના નવા સંબંધોના ઉદ્‌ભવથી આર્થિક તાબેદારી પણ વિકસી. રાજા રાજા ચોલના એક લેખમાંના પચાસથી વધારે પ્રકારના કરવેરાના ઉલ્લેખથી વધતા જતા બોજનો (ભારણનો) સ્પષ્ટ ખ્યાલ આવે છે.

(5) એક રીતે જોઈએ તો આ સાપેક્ષ રીતે બંધ (સંવૃત્ત) ગ્રામીણ અર્થવ્યવસ્થા હતી. લાભાર્થીઓને જમીનની સાથોસાથ માનવ સંસાધનને આપી દેવાથી સ્પષ્ટ થાય છે કે આવાં ગામોમાં ખેડૂતો, કારીગરો અને હસ્તકલાજ્ઞો ગામો સાથે સંલગ્ન રહેતા હતા અને પરિણામે તેઓ પરસ્પરાવલંબિત હતા. જમીન અને સેવા સાથેના એમના લગાવને કારણે લાભાર્થીઓના નિશ્ચિત નિયંત્રણની એમને ખાતરી હતી.

સંક્ષેપમાં, અધ્યયન હેઠળનાં પાંચસો વર્ષ દરમ્યાનની કૃષિવિષયક અર્થવ્યવસ્થાનું અંકિત લક્ષણ હતું : વર્ણ-મર્યાદા આધારિત સ્વનિર્ભર ગામો અંતર્ગત કાર્યરત તાબેદારી અને સ્થગિત ખેડૂત વર્ગ. સ્વાયત્ત ખેડૂતસમાજોના અસ્તિત્વનો મત ભારતીય સામંતશાહી સિદ્ધાંતની વિરુદ્ધમાં વ્યક્ત થયો હતો. દક્ષિણ ભારતનાં સાધનોમાંથી ઉપલબ્ધ પુરાવા ઉપર આ અભિપ્રાય આધારિત છે.

આ સિદ્ધાંત અનુસાર દક્ષિણ ભારતમાં આઠમી-દશમી સદી સુધીમાં નાડૂ નામે ઓળખાતા સ્વાયત્ત ખેડૂત-વિસ્તારોનો પ્રાદુર્ભાવ થયો હતો. ગોત્ર અને સગપણના જોડાણ આધારિત તેઓ સંગઠિત થયા હતા. નાડૂ અંતર્ગત ખેતઉત્પાદનની વ્યવસ્થા અને નિયંત્રણ નત્તારો (નાડૂના લોકો)ના હસ્તક હતાં. નાડૂ (સભા)માં તેઓ સ્વયં સંગઠિત થયા હતા. આ સભાના સભ્યો હતા વેલાલ અથવા અ-બ્રાહ્મણ ખેડૂતો. રાજાઓ અને નાના મુખીઓ તરફથી જ્યારે જમીનનાં અનુદાન આપવામાં આવતાં ત્યારે નત્તારોની સંમતિ સાથે હુકમો કરવામાં આવતા હતા. તે હકીકત એમની સ્વાયત્તતા દર્શાવે છે. હુકમો એમના નામે સૌ પ્રથમ જાહેર થતા. તેઓ ઉત્પાદનના સંચાલકો હોવાના કારણે તેઓ દાની-જમીન મુકરર કરતા અને અનુદાનની બજવણીની દેખરેખ રાખતા. ઉત્પાદનની પ્રક્રિયામાં બ્રાહ્મણો અને પ્રભાવશાળી ખેડૂતો જોડાયેલા હતા. દેખીતી રીતે, આ પરિકલ્પનાના પ્રવક્તાઓ ગ્રામીણ સ્વ-નિર્ભરતાના ખ્યાલના હિમાયતી હતા. ભારતીય સામંતશાહીનું આ એક આગવું પાસું હતું. ભારતીય સામંતશાહીના સિદ્ધાન્તો અને સ્વાયત્ત ખેડૂત-સમાજોને એમના ટેકેદારો હતા અને અનુભવજન્ય સાબિતી આધારિત તે હોવાનો તેમનો દાવો હતો. જોકે આઠમી-

દશમી સદીની કૃષિવિષયક અર્થવ્યવસ્થા ઘણી જટિલ હતી. એના લક્ષણને સમજવા સારુ અને એના અધ્યયન માટે સામાન્ય માળખું પૂરું પાડવા પ્રાદેશિક ભાતના વિગતવાર અભ્યાસો હાથ ધરવા જોઈશે.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. અધ્યયન હેઠળના સમય દરમ્યાન ગ્રામીણ વિસ્તારોના તણાવનાં થોડાંક કારણો જણાવો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

2. આ સમયના આરંભકાળમાં વાણિજ્યની ભાત કેવી હતી ? જમીનની માલિકીની પ્રથા ઉપર તેની અસર થઈ હતી ?

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

3. ભારતીય સામંતશાહીનાં પાંચ મુખ્ય લક્ષણો જણાવો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

## 1.8 સારાંશ

આ એકમમાં આઠમીથી તેરમી સદી વચ્ચેનાં પાંચસો વર્ષ દરમ્યાન કૃષિવિષયક સ્વાયત્તતાના સર્વેક્ષણના મુખ્ય મુદ્દા આ પ્રમાણે છે :

1. જમીનનાં અનુદાનને કારણે લગભગ સમગ્ર ભારતીય ઉપખંડમાં થયેલો કૃષિનો સ્પષ્ટ વિસ્તાર. અદ્યાપિ કુંવારી જમીને અને જંગલપ્રદેશે આ વિસ્તરણને આકર્ષ્યું. જે પ્રદેશોમાં ખેતી અમલી હતી ત્યાં આપવામાં આવેલાં અનુદાન.
2. બ્રાહ્મણીય અને બિનબ્રાહ્મણીય ધાર્મિક સંસ્થાઓનાં ઊંડાં મૂળ નાંખેલા સૈદ્ધાંતિક રસને કારણે જમીનનાં અનુદાનનું વધેલું મહત્ત્વ.
3. જમીન અંગેના ક્રમિક હક્કો સાથેની વિવિધ પ્રકારની કૃષિવિષયક વસાહતોનો થયેલો ઉદ્‌ભવ.
4. રાજ્યના અધિકારીઓ, સોદાગરો, કારીગરો વગેરે જેવા બિનખેડૂતોનો જમીનમાં વધતો જતો રસ.
5. સિંચાઈ ખેતીનાં સાધનો પાક અને પકવવાની રીતરસમોની પ્રવિધિવિજ્ઞાનમાં ઝડપી સુધારણા.
6. જમીન સાથે સંબંધિત વિવિધ જૂથોના પારસ્પરિક સંબંધોથી ગ્રામીણ તણાવનાં વવાયેલાં બીજ.
7. 'ભારતીય સામંતશાહી' અને 'ખેડૂતરાજ અને સમાજ'ના વિશિષ્ટ પ્રવાહો ઉપર કેન્દ્રિત આ સમયની કૃષિવિષયક અર્થવ્યવસ્થાના ચરિત્રચિત્રણનો વિવાદ.

## 1.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **અગ્રહાર** : બ્રાહ્મણોના કબજા હેઠળનાં ભાડારહિત ગામો.
- **આર્ધિક** : બીજાની જમીન ખેડતો અને અડધો ભાગ મેળવતો ખેડૂત
- **બસદી** : જૈન મઠ સંસ્થા.
- **બ્રહ્મદેય** : બ્રાહ્મણને બક્ષિસમાં મળેલું કરમુક્ત ગામ કે જમીન.
- **ડામર** : જમીનમાં રસરુચિ વિકસાવનાર કાશ્મીરના શક્તિશાળી અધિકારીઓ જેઓ બ્રાહ્મણોના વિરોધી હતા.
- **દેવદાન** : બ્રાહ્મણધર્મીય મંદિરના દેવોને ભાડામુક્ત બક્ષેલી જમીન. જૈન અને બૌધને મળેલું દાન તે પલ્લીચંદ
- **હાલીન** : હળથી ખેતી કરતો ખેડૂત
- **કર્ષક** : જમીનનો ખેડનાર
- **મહાજન** : બ્રાહ્મણોની એક પ્રકારની સભા
- **પરિહાર** : કરવેરામાંથી મુક્તિ અને અહેસાન (લાભાર્થીને કરમુક્ત અનુદાનમાં આપેલી જમીનના અધિકાર)
- **ખેડૂતરાજ અને સમાજ** : એવી વ્યવસ્થા જ્યાં ખેડૂતો ઉત્પાદનનાં સાધનો હસ્તગત કરવા સ્વતંત્ર અને પોતાના રસ અનુસાર જમીન ખેડવી.
- **રાણક** : સામંતી શાસકનું બિરુદ
- **શ્રોત્રિય** : વેદના વિદ્વાન બ્રાહ્મણ

## 1.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો'-1

(1) (1) મધ્ય ભારત, ઉત્તરીય દખ્ખણ અને આંધ્ર
(2) બંગાળ, ઓરિસ્સા, ગુજરાત અને રાજસ્થાન
(3) તામિલનાડુ અને કર્ણાટક
(4) કેરાલા.

(2) તમારા ઉત્તરમાં આટલી વિગતો સમાવો : ખાદ્યાન્ન, સોનું, નાણું, ખેડાણી જમીન, બગીચો, હળ, ગાય, બળદ વગેરે. જમીનનું દાન શ્રેષ્ઠ ગણાતું. ઉપરાંત જુઓ પેટા એકમ 1.2.2

### 'તમારી પ્રગતિ ચકાસો'-2

(1) **બ્રહ્મદેય** કૃષિવિષયક વિસ્તરણમાં સહાય કરી શકે કારણ કે જમીન મહેસૂલમાંથી તેને મુક્તિ મળી હતી. ઉપરાંત બીજા હક્કો પણ તેને સંપ્રાપ્ત હતા. તેથી લાભાર્થીઓ જમીનના વિકાસમાં વધુ ધ્યાન આપતા. વળી, મોટા ભાગની જમીન કુંવારી (પડતર) હતી અને તેને ખેડાણ હેઠળ લેવાથી ખેતી-લાયક જમીનનો વિસ્તાર કરવામાં સહાય મળતી. ઉપરાંત જુઓ 1.3.1

(2) **બ્રહ્મદેય** અનુદાનો કેવળ બ્રાહ્મણોને જ આપવામાં આવતાં હતાં. જ્યારે લૌકિક બક્ષિસ રાજ્યના વહીવટદારોને એમના વેતનરૂપે અપાતી. દેવદાન બ્રાહ્મણીધર્મીય-અને બિનબ્રાહ્મણધર્મીય મંદિરોને આપવામાં આવતાં. ઉપરાંત જુઓ 1.3.1

(3) લાભાર્થીઓને આટલા અધિકારો હતા : જમીન મહેસૂલ ઉઘરાવવું, બીજા કર ઉઘરાવવા અને વહીવટી નિયંત્રણ નિભાવવું. જુઓ 1.3.2

(4) તમારા જવાબમાં ઉમેરો : કૂવા, તળાવો, સરોવરો, નહેરો જેવી પદ્ધતિઓ. **ઘટિયંત્ર અરઘટ્ટ** જેવી પાણી ખેંચવાની પદ્ધતિઓનો પણ ઉલ્લેખ કરવો. પ્રાણીશક્તિના ઉપયોગની નોંધ લેવી. જુઓ 1.4

## 'તમારી પ્રગતિ ચકાસો'-3

(1) ગ્રામીણ તણાવનાં મુખ્ય કારણો હતાં : બ્રહ્મદેય જમીનોને અગ્રહારોમાં અને અબ્રહ્મદેયમાં પરિવર્તિત કરવી. બીજાની જમીન દબાવવી અને વચેટિયાઓની સંખ્યા. જુઓ 1.5

(2) પ્રદેશ અંતર્ગત અને અન્ય પ્રદેશો સાથે વાણિજ્યિક પ્રવૃત્તિઓ ચલાવવી. કૃષિઉત્પાદનનો દૂરના વિસ્તારોની બીજી વસ્તુઓ સાથે આદાનપ્રદાન કરવું. વેપારીઓ અને પ્રભાવશાળી કારીગરોનું જમીનમાં રોકાણથી જમીનમાલિકીની ભાતમાં પરિવર્તન આવ્યું. જુઓ 1.6

(3) તમારા જવાબમાં ઉમેરો : જમીન આધારિત વચેટિયાની સોપાનશ્રેણીના ઉદ્ભવ સમી ભારતીય સામંતશાહી, વેઠનો પ્રચાર, ખેડૂતોના જમીન અધિકારમાં કાપ, બંધ ગ્રામીણ અર્થવ્યવસ્થાનું અસ્તિત્વ અને બચતનું શોષણ કરીને આર્થિક આશ્રિતપણું જેવાં લક્ષણો. જુઓ 1.7

# એકમ 2 શહેરી વસાહતો (Urban Settlements)

**રૂપરેખા**


2.0 હેતુઓ

2.1 પ્રાસ્તાવિક

2.2 શહેરી કેન્દ્રો : સ્વરૂપ અને અર્થ

2.3 સામાન્ય પરિપાટી

2.4 પ્રાદેશિક ભિન્નતા અને પ્રકાર ,

2.4.1 ગ્રામીણ કેન્દ્રોનું શહેરી કેન્દ્રોમાં રૂપાંતર

2.4.2 બજાર-કેન્દ્રો, વેપારની જાળ અને ફરતો વેપાર

2.4.3 ધાર્મિક/યાત્રાનાં કેન્દ્રો

2.4.4 શાહી કેન્દ્રો અથવા રાજધાનીઓ

2.5 સારાંશ

2.6 ચાવીરૂપ શબ્દો

2.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 2.0 હેતુઓ

આ એકમના અધ્યયન પછી પ્રસ્તુત મુદ્દાઓ સમજી શકશો :

1. શહેરી કેન્દ્રોના ઉદ્ભવનાં જવાબદાર પરિબળો.
2. શહેરીકરણના ઇતિહાસની વિવિધ અવસ્થાઓ.
3. વસાહતોને શહેરી તરીકે ઓળખવાનાં ધોરણો.
4. અનુગુપ્તકાલીન શહેરી-વિકાસની સામાન્ય ભાત.
5. શહેરી વસાહતોમાં પ્રાદેશિક ભિન્નતા અને
6. શહેરના પ્રકાર

## 2.1 પ્રાસ્તાવિક

અનુગુપ્તકાલીન સૈકાઓના સામાજિક–આર્થિક ઇતિહાસને સમજવામાં શહેરી વસાહતોનું અધ્યયન આવશ્યક ઘટક છે. કૃષિવિષયક અર્થવ્યવસ્થા સાથે સહાયક ઘટક તરીકે એને લેવું જોઈએ. તાજેતરમાં લખાણોએ ભારતીય સામંતશાહીના સમગ્રતયા માળખામાં શહેરી વસાહતોના સ્થાન વિશે ખાસ ધ્યાન ખેંચ્યું છે. આ અને પછીના બે એકમો આવા વિકાસ સાથે સંકળાયેલા પ્રશ્નોના અવલોકનનો પ્રયાસ કરે છે.

## 2.2 શહેરી કેન્દ્રો : સ્વરૂપ અને અર્થ

સામાજિક–આર્થિક ઇતિહાસમાં શહેરી કેન્દ્રોનું અધ્યયન મહત્ત્વનું અંગ છે. આઠમીથી તેરમી સદી દરમ્યાનનાં ભારતનાં શહેરી કેન્દ્રોનું અધ્યયન બે દૃષ્ટિથી થઈ શકે છે :

(1) આર્થિક ઇતિહાસના ભાગરૂપે એટલે કે વેપાર, વાણિજ્ય અને હસ્તોદ્યોગના ઉત્પાદનનો ઇતિહાસ તથા

(2) વહીવટી અથવા રાજકીય ઇતિહાસના ભાગરૂપે એટલે કે રાજધાનીઓ વહીવટી કેન્દ્રો કિલ્લાબંધ શહેરો અને શાહી કુટુંબોનાં નાનાં મોટાં કેન્દ્રો તરીકે.

આથી શહેરી-અધ્યયનનું ધ્યાન મુખ્યત્વે શહેરી કેન્દ્રોના પ્રકાર તરફ કેન્દ્રિત રહ્યું છે. આ અનુસાર શહેરો અથવા નગરોને વિવિધ કક્ષાની યાદીમાં મૂકવામાં આવ્યાં છે : દા.ત. બજાર વેપાર અથવા વાણિજ્યિક કેન્દ્રો; બંદરો, રાજકીય અને વહીવટી કેન્દ્રો; ધાર્મિક કેન્દ્રો વગેરે. જોકે શહેરના ઉદ્ગમ પાછળનાં કારણોને સમજાવવાના પૂરતા પ્રમાણમાં પ્રયાસો હાથ ધરાયા નથી તે નોંધવું જોઈએ. બીજી રીતે કહીએ તો, શહેરી

કેન્દ્રના સ્વરૂપનો અભ્યાસ થયો છે પણ એના અર્થનો કે મહત્ત્વનો અભ્યાસ થયો નથી. શહેરી કેન્દ્રોનાં સ્વરૂપ અને અર્થ સમજવા સારુ અને તેના પ્રકાર અને કક્ષાને વ્યાખ્યાયિત કરવા સારુ વ્યાપક સામાજિક–આર્થિક ફેરફારોના સંદર્ભમાં શહેરી વિકાસની પ્રક્રિયાનું અધ્યયન કરવું જરૂરી છે.

## વ્યાખ્યા અને અવસ્થાઓ

શહેરી કેન્દ્રની વ્યાખ્યા આપણે કઈ રીતે કરીશું અને તેની આગવી વિશિષ્ટતા કઈ છે ? આપણે અહીં આ પ્રશ્નોને હાથ ધરીશું. તુર્કોના આગમન પહેલાં ભારતીય ઉપખંડે શહેરી વિકાસની ત્રણ અવસ્થાઓ જોઈ :

1 હરપ્પીય સંસ્કૃતિના કાંસ્ય યુગની અવસ્થા (ચોથીથી બીજી સહસ્રાબ્દી ઈશુ પૂર્વે)

2 લોહ યુગનાં આરંભિક ઐતિહાસિક શહેરી કેન્દ્રોની અવસ્થા (ઈશુ પૂર્વે છઠ્ઠી સદીથી ઈશુની ત્રીજી સદીના અંત સુધી)

3 આઠમીથી તેરમી સદી સુધીનાં શહેરો અને નગરોની અવસ્થા.

શહેરી કેન્દ્રનો અર્થ કરવાના અગાઉના પ્રયત્નોમાં ગોર્ડન ચાઇલ્ડના 'શહેરી ક્રાન્તિ'ના ખ્યાલને સહેલાઈથી સમાવી શકાય. શહેરી કેન્દ્રને ઓળખવાનાં મહત્ત્વનાં લક્ષણોમાં એમણે આટલા મુદ્દાઓ સમાવ્યા છે : વિશાળ ઈમારતો, ગીચ વસ્તીવાળી મોટી વસાહતો, અન્નઉત્પાદનમાં સંકળાયેલા ન હોય તેવા (દા.ત. શાસકો, કારીગરો અને વેપારીઓ) અને કળા વિજ્ઞાન તથા લેખનકાર્ય સાથે સંલગ્ન લોકોનું અસ્તિત્વ. ઉપરાંત ગોર્ડન ચાઇલ્ડે જેના ઉપર ખાસ ભાર મૂક્યો છે તે છે હસ્તોદ્યોગના નિષ્ણાતો અને કૃષિવિષયક બચતો (જેણે શહેરમાં રહેતા અને ખેતી સાથે ના સંકળાયેલા લોકોને અન્ન પૂરું પાડ્યું). કાંસ્ય યુગીન શહેરોના સંદર્ભમાં દર્શાવેલાં બધાં વલણો લોહ યુગનાં શહેરોમાં જોવાં પ્રાપ્ત થતાં નથી. વિરલ વસ્તી અને માટીનાં ઘરોવાળાં શહેરી કેન્દ્રોની અછત નથી.

ગ્રામીણ વિસ્તારોમાંથી એકઠી કરેલી ફાજલ કૃષિવસ્તુઓ જોકે શહેરના અસ્તિત્વ સારુ અનિવાર્ય જ ગણાય. કેવળ બિન-ખેડૂતની વસાહતને શહેરી કેન્દ્ર ગણી શકાય નહીં. અધ્યયન હેઠળના સમયગાળાનાં સાહિત્યિક પુસ્તકો એવાં શહેરોનો ઉલ્લેખ કરે છે જેમાં બધા વર્ગોના લોકો રહેતા હોય, જે કિલ્લેબંધી હોય, ચોતરફ ખાઈથી રક્ષાયેલાં હોય અને કારીગરો તથા વેપારીઓનાં સંગઠનોના રિવાજ અને ધારાધોરણનાં રૂઢિયુક્ત હોય–તેનો સમાવેશ થાય છે. ભારતીય ઉપખંડના સમગ્ર વિસ્તારમાં વ્યાપ્ત 140 સ્થળોએ થયેલા ઉત્ખનન આધારિત તાજેતરનું અધ્યયન બે મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે :

(1) વ્યવસાયના પ્રકાર અને ભૌતિક જીવનની ગુણવત્તા તથા
(2) કૃષિ ઉત્પાદિત ચીજોની બચતથી સમૃદ્ધ પરાશ્રયી શહેરી કેન્દ્રો તરીકે નહીં પણ ગ્રામીણ પીઠપ્રદેશ સાથે અવિચ્છિન્ન રીતે સંકળાયેલ શહેરી કેન્દ્રોના અધ્યયનની જરૂર.

તદનુસાર, આઠમીથી બારમી સદીની વસાહતોને શહેરી કેન્દ્રોનાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણો લાગુ કરી શકાય તે આ રીતે ઓળખાવી શકાય :

1. વિસ્તાર અને વસ્તીના સંદર્ભમાં વસાહતનું કદ.
2. નદી કિનારા, તળાવ, ઈંટેરી, ગોળ કૂવા વગેરે જેવાં પાણીસ્રોતનું સાંનિધ્ય.
3. કારીગરોની પ્રવૃત્તિસૂચક ચીજવસ્તુઓની ઉપસ્થિતિ અથવા અનુપસ્થિતિ : દા.ત., કુહાડી, ફરસી (ટાંકણું), હળનું ફળ, દાતરડું, પાવડો (ખરપડી), ધાતુ ગાળવાની કુલડી, ભઠ્ઠી (ચૂલો), ધાતુ ગાળવાની ભઠ્ઠી, રંગનું પીપ (ટાંકી), મણકા-મુદ્રા-મુદ્રાંકનનાં બીબાં, ઝવેરાત, મૃત્પાત્ર વગેરે.
4. ટંકશાળ શહેરો સૂચવતાં સિક્કા ઢાળવાનાં બીબાંના પુરાવા. કારીગરો અને વેપારીઓના ઉલ્લેખ સાથેના ધાતુનાં નાણાંની શોધ ચોક્કસ રીતે શહેરી લક્ષણનું સૂચન કરે છે.
5. કિંમતી અને અર્ધકીમતી પથ્થરો, કાચનાં વાસણો, હાથીદાંતના પદાર્થો, માટીનાં સુંદર વાસણોની ઉપલબ્ધિ આ સમય દરમ્યાનનાં વરિષ્ઠ ગ્રામીણ વર્ગોની, પૂર્વકાલીન શહેરોની મોજશોખની વસ્તુઓ, જરૂરિયાત બની રહી એ શક્યતા નકારી શકાય નહીં.
6. મધ્ય ગંગાનાં મેદાનો જેવાં ઘણાં કાંપવાળાં મેદાનોની વરસાદી અને ભેજવાળી આબોહવાને, પકવેલી અને તપવેલી ઈંટોનાં બાંધકામને ધ્યાનમાં લેતાં તેનું મહત્ત્વ ધ્યાનાર્હ બને છે. જોકે મધ્ય એશિયાનાં માટીની ઈમારતોવાળાં શહેરો પણ આ દૃષ્ટિએ નોંધપાત્ર છે.
7. શેરીઓ, દુકાનો, ગટરો અને કિલ્લાઓ પણ શહેરી વસાહતના સ્વરૂપનો ઠીક ખ્યાલ આપે છે. દખ્ખણનાં ઘણાં સ્થળોએ અને અન્યત્ર પણ (દા.ત., ધુલિકટ્ટ આંધ્ર પ્રદેશ) કોષ્ઠાગાર (ગોદામ) અને અન્નકોઠાર હાથ લાગ્યા છે. સ્વાભાવિક જ આવી ઈમારતો શહેરી પ્રજાને અન્ન પૂરું પાડવા ફાજલ અનાજને સંગ્રહિત કરવા માટે ઉપયોગમાં લેવાતી હોય.

### 'તમારી પ્રગતિ ચકાસો'-1

તુર્કોના આગમન પૂર્વે ભારતમાં શહેરીવિકાસની ત્રણ મુખ્ય અવસ્થાઓ જણાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2 ગોર્ડન ચાઈલ્ડે દર્શાવેલાં શહેરનાં મહત્ત્વનાં લક્ષણો કયાં છે ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3 આઠમીથી તેરમી સદી દરમ્યાનના ભારતનાં શહેરી કેન્દ્રોનાં મુખ્ય વલણો જણાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 2.3 સામાન્ય પરિપાટી

જમીનના અનુદાનની પ્રથા આધારિત નવી સામાજિક–આર્થિક વ્યવસ્થા અનુગુપ્તકાલમાં જોવી પ્રાપ્ત થાય છે. આઠમી અને બારમી સદીઓ વચ્ચેનાં શહેરો અને નગરોના વિકાસ ઉપર જમીન–અનુદાન દ્વારા ખેતીવાડી અને કૃષિવિષયક અર્થવ્યવસ્થાના ક્રમિક વિકાસની ભારે અસર પડી હતી. (જુઓ વિગતો માટે એકમ એક). શહેરી કેન્દ્રોનાં પુનઃ સર્જન એ ભારતીય ઉપખંડનું સર્વગ્રાહી ચિત્ર હોવા છતાં કેટલીક પ્રાદેશિક ભિન્નતા પણ હતી. ખાસ કરીને અમલી બનાવી શકાય તેવાં આર્થિક પરિબળો, પર્યાવરણીય અને સાંસ્કૃતિક ભિન્નતા અને રાજકીય સંગઠનોના સ્વરૂપને કારણે આવાં કેન્દ્રોનાં સોપાનશ્રેણી, કક્ષા અને પ્રકારમાં પ્રસ્તુત ભિન્નતા જોવા મળે છે. આથી શહેરી કેન્દ્રોનાં પ્રાદેશિક અધ્યયન સ્પષ્ટ પરિપ્રેક્ષ્યની રજૂઆત માટે આવશ્યક છે. આવાં અધ્યયન રાજસ્થાન મધ્ય ભારત અને દક્ષિણ ભારત જેવા થોડા પ્રદેશોના સંદર્ભે પ્રાપ્ય છે.

## 2.4 પ્રાદેશિક ભિન્નતા અને પ્રકાર

ભારત જેવા વિશાળ દેશમાં શહેરી કેન્દ્રોના ઉદ્‌ભવ અને વિકાસની પરિપાટીમાં પ્રાદેશિક ભિન્નતા હોય એ સ્વાભાવિક છે. આના અનુસંધાનમાં અહીં આપણે કેટલીક મહત્ત્વની ભિન્નતાની ચર્ચા કરીશું.

### 2.4.1 ગ્રામીણ કેન્દ્રોનું શહેરી કેન્દ્રોમાં રૂપાંતર

આઠમીથી તેરમી સદીના સમયગાળામાં કૃષિવિષયક વિસ્તરણનાં મહત્ત્વનાં સાધનો સમાં બ્રહ્મદેય અને દેવદાન પણ શહેરી વિકાસનાં કેન્દ્રબિંદુ બની રહ્યાં હતાં. કૃષિવિષયક ઉત્પાદનના કેટલાક ચોક્કસ નાભિ સમા વિસ્તારોમાં બ્રાહ્મણ અને મંદિર વસાહતો એકમેકમાં જોડાયેલી હતી. આવાં ગ્રામીણ કેન્દ્રો, દૂરના વિભિન્ન વિસ્તારોમાં તૈયાર થયેલી ખાસ અથવા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેપાર સારુ, નાભિકેન્દ્રો બની ગયાં. શહેરી વિકાસનાં આવાં કેન્દ્રોનાં ઉદાહરણ આપણને આઠમી અને નવમી સદીનાં હાથવગાં થાય છે અને મુખ્યત્વે તો દક્ષિણ ભારતમાં તે જોવા મળે છે. ચોલ નગર કુંભકોણમ્ (કુડમુક્કુ–પલૈયરઈ) કૃષિવિષયક વસાહતોમાંથી વિકાસ પામ્યું હતું અને નવમી અને બારમી સદીઓ વચ્ચે મંદિર-સમૂહોનું નગરકેન્દ્ર બન્યું. કાંચિપુરમ્ આ પ્રકારના શહેરી સંકુલનું બીજું મોટું ઉદાહરણ છે. દક્ષિણ ભારતમાં કુંભકોણમ્, કાંચિપુરમ્ આગવાં મહત્ત્વનાં શહેરી કેન્દ્રો હતાં : કુંભકોણમ્‌ના વિકાસમાં ચોળ શાસકોની વસાહતી રાજધાની

તરીકે રાજકીય મહત્ત્વ વધારાનું પરિબળ હતું તો કાંચિપુરમ્ માટે પણ વધારાનું મહત્ત્વનું પરિબળ હતું કાપડની હસ્તકારીગરીના મહત્ત્વના વિશાળ સ્થળ તરીકેનું.

## 2.4.2 બજાર કેન્દ્રો, વેપારની જાળ અને ફરતો વેપાર

બજાર કેન્દ્રો, વેપાર કેન્દ્રો તરીકે મધ્યમ પ્રકારનાં કદ (આકાર)વાળાં શહેરી કેન્દ્રોનો ઉદ્ભવ આઠમીથી તેરમી સદી દરમ્યાન થયો હતો. આ કેન્દ્રો પ્રારંભમાં ચીજવસ્તુઓની અદલાબદલીની જાળ સમાં હતાં. આવાં કેન્દ્રોનાં આંતરકાર્યોની સીમામાં એક તરફ કૃષિવિષયક નાના પીઠપ્રદેશો હતા તો બીજે છેડે પ્રાદેશિક વાણિજ્યિક પીઠપ્રદેશો હતા. કેટલાંક કેન્દ્રો તો પોતાની પ્રાદેશિક સરહદોની પાર પણ કાર્યરત હતાં. જો કે મોટેભાગે આ સમયનાં શહેરી કેન્દ્રોનાં મૂળ પ્રાદેશિક સંદર્ભમાં નંખાયેલાં હતાં. દક્ષિણ ભારતનાં 'નગરામ્' આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આના નક્કર પુરાવા તામિલનાડુમાંથી પ્રાપ્ત થયા છે. વળી, કર્ણાટકના 'નખર' અને આંધ્ર પ્રદેશના 'નગરમ્'ના અસ્તિત્વથી આ બાબતને સમર્થન મળે છે. 'નગરામ્' એ નાડુ અથવા કુરમ (કૃષિવિષયક પ્રદેશ અથવા ખેડૂત પ્રદેશ)નું બજાર હતું. આમાંના કેટલાંક તો નાડુની વિનિમયની જરૂરિયાતમાંથી ઉદ્ભવ્યાં હતાં. આમાંનાં મોટી સંખ્યાનાં કેન્દ્રો કાં તો શાસક કુટુંબોએ સ્થાપ્યાં હતાં કાં તો શાહી સંમતિથી સ્થાપ્યાં હતાં. અને શાસકના નામથી તે કેન્દ્રો ઓળખાતાં હતાં. દક્ષિણ ભારતના બધા વિસ્તારોમાં આ એક સામાન્ય લક્ષણ હતું. આ કેન્દ્રોનાં નામનું ઉત્તરપદ પુર અથવા પત્તન હતું.

નગરામ્ મહત્ત્વના વેપારી માર્ગો ઉપર અને પ્રદેશનાં વધારે મહત્ત્વનાં વેપારી અને વાણિજ્યિક કેન્દ્રોના પરિચ્છેદીય બિંદુઓ ઉપર વસેલાં હતાં (સ્થિત હતાં). શાહી બંદરો અને ફરતાં વેપારી સંગઠનો મારફતે દરિયાપારના વેપારમાં તથા આંતર-પ્રાદેશિક અને પ્રદેશ અંતર્ગત વેપારની જાળ હેઠળ આ કેન્દ્રોને લાવી દેવામાં આવ્યાં હતાં. દશમી અને બારમી સદી વચ્ચે દ્વિપકલ્પીય ભારતમાં આવો વિકાસ એકસમાન રીતે થયો હતો. આ સદીઓ દરમ્યાન દક્ષિણ ભારતને વિશાળ વેપારી નેટવર્કમાં ગોઠવવામાં આવ્યું હતું, જેમાં દક્ષિણ એશિયા, દક્ષિણ પૂર્વ એશિયા, ચીન અને અરબ દેશોને સાંકળવામાં આવ્યા હતા (જુઓ એકમ 3 અને 4). રાજકીય અને વહીવટી કેન્દ્રો સાથે નગરામે બંદરોને જોડ્યાં અને આંતરિક કારીગરી કેન્દ્રોને પણ. કૃષિવિષયક પ્રદેશોના નિયમિત બજારને સ્થાને કર્ણાટકનાં નગરામ્ વેપારી જાળના વિનિમય કેન્દ્રો તરીકે વિશેષ વિકસ્યાં. આવાં કેન્દ્રોમાં ઉત્પાદન સાથે નહીં સંકળાયેલાં શહેરી જૂથોના બુનિયાદી કૃષિવિષયક પીઠપ્રદેશ કાર્યાન્વિત હોવાનું એકરૂપ લક્ષણ આ નગરામે સંપ્રાપ્ત કર્યું હતું. આ કેન્દ્રોમાં બજારોનું નિયંત્રણ નગરામ્‌ની સભા કરતી હતી, જેના વડા તરીકે પત્તન સ્વામી નામનો મુખ્ય વેપારી હતો.

રાજસ્થાન અને મધ્ય પ્રદેશના પશ્ચિમ વિભાગોમાં વેપાર અને બજાર કેન્દ્રોનો સમાન વિકાસ જોવા મળે છે. અહીંયાં, કૃષિવિષયક ઉત્પાદનનાં થાણાંના સંદર્ભમાં વિનિમયનાં કેન્દ્રો આવેલાં હતાં; અર્થાત્ જ્યાં ગ્રામીણ વસાહતો કેન્દ્રાનુસારી હતાં ત્યાં. રાજસ્થાનમાં આ કેન્દ્રો વિવિધ પ્રકારની ચીજવસ્તુઓની અવરજવરનાં પરિચ્છેદીય બિન્દુઓ હતાં, જેણે સોપાનશ્રેણીનાં કેટલાંક ચોક્કસ ધોરણોને જન્માવ્યાં. અગિયારમી અને બારમી સદીનાં કેટલાંક પ્રખ્યાત વેપારી કુટુંબોની પેઢીઓના વિકાસથી આ બાબતને સારી રીતે સમજાવી શકાય છે. આ વેપારી કુટુંબો એમના મૂળ વતનના નામથી ઓળખાતાં હતાં. દા.ત., ઓસવાલ (ઓસિયા), શ્રીમાળી (ભિન્નમાલ), પાલિવાલ અને ખંડેલવાલ વગેરે. સ્રોતબિંદુઓ અર્થાત્ સ્રોતની અવરજવર માટેના મુખ્ય માર્ગો અને વિનિમયનાં કેન્દ્રોને આ વેપારી કુટુંબોના વિસ્તાર મારફતે સુગ્રથિત કરાયાં હતાં. રાજસ્થાન, ગુજરાત, મધ્ય ભારત અને ગંગાખીણ વચ્ચે મુખ્ય વાણિજ્યિક સાંકળ સમું બન્યું. આ પ્રકારની સાંકળની દેખરેખ પલ્લી (પાલી) જેવાં શહેરો મારફતે રખાતી હતી, જેણે મધ્ય અને ઉત્તર ભારત સાથે દ્વારકા અને ભૃગુકચ્છ (ભરૂચ) જેવાં દરિયાકાંઠાનાં શહેરોને જોડ્યાં. પ્રભાવક જૈન વેપારીઓ સાથે ગુજરાત પશ્ચિમ ભારતના મુખ્ય વેપારી પ્રદેશ તરીકે ચાલુ રહ્યું, જ્યાં ભૃગુકચ્છ જેવાં પૂર્વકાલીન ઐતિહાસિક બંદરોનું સ્થાન ગોદામ તરીકે અધ્યયન હેઠળના કાળ દરમ્યાન ચાલુ રહ્યું. રાજસ્થાનમાં આવેલું બમાના મહત્ત્વનું શહેર તેમ જ વિભિન્ન દિશાઓમાંથી આવતા વિવિધ વેપારીમાર્ગોનું સંગમસ્થાન હતું. વેપારી માલની હાર શક્યતઃ દૂધની પેદાશ સમેતના કૃષિવિષયક પેદાશથી શરૂ થઈ અને તે ઘોડા, હાથી શૃંગવાળાં પ્રાણીઓ અને ઝવેરાત જેવી ઊંચી કિંમતની વસ્તુઓ સુધી વિસ્તાર પામી.

કર્ણાટકમાં અધ્યયન હેઠળના સમયગાળા દરમ્યાન શહેરોનો સ્થિર સાંખ્યિક વધારો સ્પષ્ટ રીતે શિમોગા, બેલગામ, ધારવાર અને બિજાપુર જેવાં વાણિજ્યિક કેન્દ્રોની જમાવટમાં જોવા મળે છે. એરેબિયા, પર્શિયન ગલ્ફ અને એની પાર અથવા પશ્ચિમી દેશો સાથેના વેપારમાં ભારતીય દ્વિપકલ્પના પશ્ચિમ કાંઠાએ આઠમીથી તેરમી સદીથી સુસંગત રીતે પ્રભાવક ફાળો આપ્યો હતો. થાણા, ગોવા, ભત્કલ, કારવાડ, હોનવર અને મેંગ્લોર જેવાં ઘણાં બંદરો દશમી અને બારમી સદીઓ વચ્ચે લાંબા અંતરના વેપારના પુનઃ સર્જન દરમ્યાન વિકસ્યાં હતાં. તે સાથે દરિયાઈ નાવિકવિદ્યા અને કાંઠાળા જહાજીવિદ્યા પણ વિકાસ પામ્યાં. આશ્ચર્યની

વાત એ છે કે આ વાણિજ્યિક પ્રવૃત્તિ ફક્ત મર્યાદિત મુદ્રીકરણ મારફતે થતી હતી. (જુઓ એકમ 3). આનુષંગિક બાબત એ છે કે કોંકણ કાંઠો બજારોનાં કે એની જાળનાં ઉદ્ભવનાં કોઈ ચિહ્નો દર્શાવતો નથી.

કર્ણાટક, આંધ્ર અને તામિલનાડુ વચ્ચે વ્યાપક વેપારી જાળ અસ્તિત્વ ધરાવતી હતી. વિશાખાપટ્ટનમ્ અને ઘંટશાલા જેવાં કાંઠાળાં શહેર, નાલગોંડા જિલ્લાનું પેરુરુ શહેર તથા કર્ણાટકના બેલગામ જેવાં કેટલાંક શહેરો સાથે સારી રીતે સંલગ્ન કન્નડ,તામિલ અને તેલુગુ વેપારીની હાજરીથી સાબિત થાય છે. મુખ્ય નિકાસકેન્દ્રો તરીકે કાર્યરત મોટુપલ્લી, વિશાખાપટ્ટનમ્ અને ઘંટશાલા સાથે આંધ્રકિનારો દક્ષિણપૂર્વ વેપારમાં પરિણમ્યો. આંતર-પ્રાદેશિક મહત્ત્વનાં બજાર કેન્દ્રોનું પ્રતિનિધિત્વ નેલોર પ્રક્ષરમાં ત્રિપુરાન્તકમ્ અને અનુમકોંડા (બધાં આંધ્ર પ્રદેશ) જેવાં સ્થાનો કરતાં હતાં. કાવેરી નદીના ઉત્તરી અને દક્ષિણી કાંઠા ઉપર કર્ણાટક અને તામિલનાડુ વચ્ચે અસંખ્ય વિનિમય કેન્દ્રોનો પ્રાદુર્ભાવ થયો હતો. દા.ત. તલક્કડ અને મુડીકોંડન.

કેરળએ પશ્ચિમ સાથે તથા યહૂદી, ખ્રિસ્તી અને અરબ જેવા વિદેશી સોદાગરો સાથે વેપારી કરારો વિકસાવ્યા. આ વેપારીઓને ખાસ શાહી અધિકારપત્ર હેઠળ વેપારી શહેરો આપવામાં આવ્યાં હતાં. કોલિક્કોડુ, કોલ્લમ વગેરે જેવાં કાંઠાળાં શહેરો દક્ષિણ એશિયાઈ વેપારનાં ગોદામો બન્યાં. અંજુવન્નાન જેવાં વેપારી જૂથોના સ્થાને અને અરબી અશ્વ-વેપારીઓએ કેરાલા અને કર્ણાટકમાં કાંઠાળાં શહેરોનું મહત્ત્વ વધારી દીધું.

આંતર-પ્રાદેશિક વેપારના પ્રતિસાદ તરીકે જે મુખ્ય હસ્તોદ્યોગી કેન્દ્રો વિકાસ પામ્યાં તે હતાં કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તામિળનાડુનાં વણાટકેન્દ્રો. શરૂઆતનાં ઐતિહાસિક શહેરી અવસ્થાનાં વાણિજ્યિક અને હસ્ત કારીગરીનાં કેટલાંક કેન્દ્રો આઠમીથી તેરમી સદીના સમયગાળા સુધી હયાત રહ્યાં હતાં અને પુનઃ શહેરીકરણની પ્રક્રિયામાં એનો ઉપયોગ કરાયો હતો, જેણે મંદિર જેવી નવી સામાજિક-આર્થિક સંસ્થાઓ સાથે તેને સાંકળ્યાં હતાં. ઉત્તરમાં કાશી (વારાણસી) અને દક્ષિણમાં કાંચિપુરમ્ આ પ્રક્રિયાનાં બે ખૂબ જ મહત્ત્વનાં ઉદાહરણો છે.

## 2.4.3 ધાર્મિક/યાત્રાનાં કેન્દ્રો

ભક્તિ સંપ્રદાયના પ્રચારને કારણે અધ્યયન હેઠળના સમયગાળામાં ધાર્મિક સ્થાનોની યાત્રાનો વિચાર વિકાસ પામ્યો. સંસ્કૃતીકરણની પ્રક્રિયાને કારણે તથા બ્રાહ્મણધર્મીય અથવા સંસ્કૃત-વાદી પૂજાના પ્રકારો અને લોકપ્રિય કે લોકસંપ્રદાયો વચ્ચેની આંતરક્રિયાએ સંકુચિત સાંપ્રદાયિક જિજ્ઞાસા આરપાર છેદ પાડ્યો (અથવા જિજ્ઞાસાને છિન્નભિન્ન કરી). પરિણામે કેટલાંક પૂર્વકાલીન સ્થાનિક સાંપ્રદાયિક કેન્દ્રો તેમ જ બ્રાહ્મણવાદી અને બિન-બ્રાહ્મણવાદી ધર્મો સાથે સંલગ્ન કેન્દ્રો યાત્રાનાં કેન્દ્રો બન્યાં. ક્યારેક તીર્થયાત્રાની જાળ નિશ્ચિત સાંસ્કૃતિક પ્રદેશ પૂરતી સીમિત હોય છે જે અંતર્ગત સાંપ્રદાયિક કેન્દ્ર ધાર્મિક લક્ષણ ધારણ કરે છે. જોકે તે સાંપ્રદાયિક કેન્દ્રો, જે પવિત્ર તીર્થો બન્યાં છે, વિવિધ વિસ્તારોના ભક્તોને આકર્ષતાં હતાં. આમ, બંને પ્રકારનાં તીર્થસ્થાનોએ અવરજવર કરતા યાત્રીઓ વેપાર અને રાજ્યાશ્રયને કારણે ...ેરી લક્ષણ વિકસાવ્યું. તીર્થોના વિકાસમાં પ્રાદુર્ભાવ પામી રહેલા બજારે ભજવેલા ભાગની નોંધ ઈતિ...કારોએ હવે વિસ્તારપૂર્વક લીધી છે.

રાજસ્થાનમા અજમેર પાસે આવેલું પુષ્કર પ્રાદેશિક મહત્ત્વ ધરાવતું પવિત્ર તીર્થ હતું. આ તીર્થ પ્રભાવક વૈષ્ણવધર્મીય કેન્દ્ર હતું—છે. કાશી (વારાણસી) એ બ્રાહ્મણધર્મીય પવિત્ર સ્થાન તરીકે મહત્તા અને પ્રાચીનતાને કારણે અખિલ ભારતીય લક્ષણ સંપ્રાપ્ત કર્યું. દક્ષિણ ભારતમાં શ્રીરંગમ્ (વૈષ્ણવ) ચિદમ્બરમ્ (શૈવ) અને મદૂરાઈ (શૈવ) જેવાં સ્થળો પ્રાદેશિક તીર્થસ્થાનો તરીકે વિકસ્યાં, જ્યારે કાંચિપુરમ્ અખિલ ભારતીય યાત્રાજાળનો ભાગ બની રહ્યું. કર્ણાટકમાં મેલકોટે પ્રાદેશિક પવિત્ર કેન્દ્ર હતું તો આંધ્ર પ્રદેશમાં આલમ્પુર, પ્રક્ષરમ્ અને સિંહચલમ્ પણ પ્રાદેશિક તીર્થો તરીકે ઊપસી આવ્યાં. તિરૂપતિ તમિલ વૈષ્ણવો માટેનું પ્રારંભનું મહત્ત્વનું ધાર્મિક કેન્દ્ર હતું પણ અનુકાલમાં વિજયનગર કાલમાં એણે અખિલભારતીય કાઠું કાઢ્યું.

ગુજરાત અને રાજસ્થાનમાં જૈન તીર્થસ્થાનો ઊભરી આવ્યાં. અહીં વેપારીઓ અને રાજ્યાશ્રયને કારણે ઓસિયા, માઉન્ટ આબુ, પાલિતાણા વગેરે જેવાં જૈન મંદિર સંકુલો વિશાળ પાયા ઉપર સ્થપાયાં.

દક્ષિણ ભારતનાં ધાર્મિક કેન્દ્રોમાં મંદિર—સ્થાપત્યના વિસ્તારથી બે પ્રકારનો શહેરી-વિકાસ જોવા મળે છે :

(1) એક જ મોટા મંદિરની આસપાસ શહેરી સંકુલો તૈયાર થયાં. દા.ત. શ્રીરંગમ્; મદૂરાઈ અને તિરૂવન્નમલાઈ તામિલનાડુમાં, મેલકોટે કર્ણાટકમાં તથા પ્રક્ષરમ્ અને સિંહચલમ્ આંધ્ર પ્રદેશમાં.

(2) વિવિધ ધર્મોનાં ઘણાં મંદિરોની આસપાસ વિકસેલી શહેરી વસાહત. દા.ત., શૈવ સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય અને શક્તિ સંપ્રદાય.

આ સમયનું શહેરીકરણ ક્યારેક 'મંદિર શહેરીકરણ' તરીકે ઓળખાવાયું છે, ખાસ કરીને દક્ષિણ ભારતના સંદર્ભમાં. પવિત્ર કેન્દ્રોએ જે તે પ્રદેશના વાણિજ્યને મંદિરો તરીકે ઓળખાવામાં મહત્ત્વની કડી પૂરી પાડી છે અને મંદિરો સાથે સંલગ્ન મઠો કીમતી વસ્તુઓ અને મોજશોખની ચીજોના મોટા ગ્રાહકો હતા.

## 2.4.4 શાહી કેન્દ્રો અથવા રાજધાની

આઠમીથી તેરમી સદી દરમ્યાન શાસક કુટુંબોની સત્તાની બેઠકોનાં શાહી કેન્દ્રો શહેરી વસાહતોનાં મુખ્ય મથકો હતાં. આમાંનાં કેટલાંક તો આરંભના ઐતિહાસિક સમયની શાહી સત્તાની બેઠકો હતી : દા.ત., ઉત્તર ભારતમાં જનપદો અથવા દક્ષિણ ભારતનું પરંપરિત રાજકારણ. શાહી કુટુંબોએ પણ પોતાનાં બંદરો વિકસાવ્યાં, જે એમના રાજ્ય પૂરતાં પ્રવેશ માટેનાં મુખ્ય બંદરો હતાં અને આંતરરાષ્ટ્રીય વાણિજ્ય સાથે પણ તે સંકાળાયેલાં હતાં. આ રીતે, શાહી કેન્દ્રોની વાણિજ્યિક જરૂરિયાતોએ એક તરફ નવા વેપાર અને પ્રત્યાયન (સંપર્ક)ની કડીઓના ઉદ્ભવમાં ભાગ ભજવ્યો અને તો બીજી તરફ શાહી કેન્દ્રો તથા તેમના કૃષિવિષયક પીઠપ્રદેશો અથવા સ્રોતથાણાં વચ્ચે ગાઢ સંબંધો પ્રસ્થાપિત કર્યા. વિંધ્યાચળની દક્ષિણના બધા વિસ્તારોમાં, જ્યાં આઠમી સદી સુધીમાં બ્રાહ્મણધર્મીય રાજ્યો સ્થાપવામાં આવ્યાં ત્યાં, આવાં શાહી-કેન્દ્રોના વિકાસના સારા એવા પુરાવા સંપ્રાપ્ત છે, આમાંનાં કેટલાંક પ્રતિનિધિરૂપ ઉદાહરણો આ મુજબ છે :

**દક્ષિણ ભારતનાં શાહીકેન્દ્રો :**

(1) ઉત્તર કર્ણાટક અને આંધ્રનાં ચાલુક્યોનાં વાતાપી અને વેંગી

(2) શાહી બંદર મામલ્લપુરમ્ (મહાબલિપુરમ્) સાથેનું પલ્લવોનું કાંચિપુરમ્

(3) કોરકાઈ બંદર સાથેનું પાંડ્યોનું મદુરાઈ

(4) નાગપ્પત્તીનમ્ બંદર સાથેનું ચોલોનું તાન્જવુર

(5) પશ્ચિમી ચૌલુક્યોનું કલ્યાણ

(6) હોયસળોનું દ્વારસમુદ્ર

(7) મોટુપલ્લી બંદર સાથેનું કાકતિયોનું વારંગલ
(દક્ષિણ ભારતમાં કિલ્લાબંધશાહી શહેર તરીકે વારંગલ વિરલ ઉદાહરણ હતું)

**ઉત્તર ભારતનાં શાહીકેન્દ્રો :**

(1) ગુર્જર પ્રતિહારોનું પાટનગર કાન્યકુબ્જ (કનોજ)

(2) ચંદેલ રાજાઓનું ખજૂરાહો

(3) પરમારોનું ધારાનગર અને

(4) સોલંકીઓનું વલભી

રાજસ્થાનમાં ગુર્જર-પ્રતિહારો, ચાહમાનો અને પરમારોના શક્તિશાળી શાસન હેઠળ ઘણી સંખ્યામાં શહેરોનો પ્રાદુર્ભાવ થયો. આમાંનાં મોટા ભાગનાં કિલ્લેબંધી શહેરો હતાં–દુર્ગબંધી શહેરો હતાં. રાજસ્થાનનાં કિલ્લેબંધી શહેરોનાં ઉદાહરણો આ પ્રમાણે છે :

(1) ગુહિલોના શાસન હેઠળ નગરા અને નાગદા.

(2) ગુર્જર-પ્રતિહારોના શાસન દરમ્યાન બયાના, હનુમાનગઢ અને ચિતોડ.

(3) ચૌહાણ (ચાહમાણ)ના સમયનાં મંડોર, રણથંભોર, શાકમ્ભરી અને અજમેર.

વિવિધ સ્રોતના આધારે ચૌહાણ પ્રભુત્વ હેઠળનાં 131 સ્થળોની યાદી સંકલિત કરવામાં આવી છે જેમાંનાં ઘણાંખરાં તો શહેરો હોવાનું જણાય છે. પરમારોના સમયના માલવાનાં આશરે ચોવીસ જેટલાં સ્થાન ઓળખી શકાયાં છે. ચૌલુક્યોના શાસન હેઠળનું ગુજરાત બંદર શહેરોથી શોભતું હતું. પૂર્વ ભારતનાં જો કે ઘણાંખરાં શહેરો બહુ મોટાં જણાતાં નથી. પણ પાલવંશની નવેય વિજયછાવણીઓ (જયસ્કંદવર) શહેર હોવાનો સંભવ છે. દા.ત. પાટલીપુત્ર, મુદ્ગગિરી, રામવતી, વટપર્વતક, વિલાસપુર, કપિલવાસક, સહાસગંડ, કાંચનપુર અને કનૌજ. આમાં આપણે ઉત્તર અને પૂર્વ બંગાળનાં સેનવંશની ચાર રાજધાનીઓનો ઉમેરો કરી શકીએ. દા.ત. લખનૌતિ, નદિયા, વિજયપુર અને વિક્રમપુર. ચાંદેલોના અભિલેખોમાં ઓછામાં ઓછી એકવીસ વિજયછાવણીઓનો ઉલ્લેખ છે. પાલવંશનાં અને ચાંદેલવંશનાં લગભગ વીસ અને ચોવીસ કિલ્લેબંધી શહેરો અનુક્રમે નોંધાયાં છે. ક્યારેક મહત્ત્વનાં વેપારી કેન્દ્રો અને બજાર કેન્દ્રો સામંતી કુટુંબોના

નામે દર્શાવાયાં છે. કર્ણાટક, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં આ ગૌણ રાજકીય કેન્દ્રોનાં ઘણાં ઉદાહરણો પ્રાપ્ત છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1 કેટલાંક ગ્રામીણ કેન્દ્રો શહેરી કેન્દ્રોમાં કયાં કારણે રૂપાંતરિત થયાં ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2 શહેરોના વિકાસમાં વેપારી પ્રવૃત્તિઓએ કેવી રીતે સહાય કરી ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3 શહેરીકરણની પ્રક્રિયામાં ધાર્મિક કેન્દ્રોએ ભાગ ભજવેલો ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

4 'વહીવટી કેન્દ્ર શહેરો તરીકે' વિશે પાંચ વાક્યો લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 2.5 સારાંશ

અનુગુપ્તકાલીન સદીઓમાં જમીન-અનુદાનની પદ્ધતિને કારણે થયેલા ફેરફારો કેવળ કૃષિવિષયક અર્થવ્યવસ્થા પૂરતા સીમિત ન હતા. ગુપ્તોના આગમન પછીની થોડી સદીઓમાં પડતીની પરિસ્થિતિ અનુભવી રહેલી શહેરી વસાહતોએ નવાં સ્પાંદનો અનુભવ કર્યો. વેપારનું પુનઃ સર્જન, નવાં બજારોનો પ્રાદુર્ભાવ, રાજકીય સત્તાનું વિસર્જન અને ધાર્મિક સંગઠનો દ્વારા આર્થિક સત્તાના દઢીકરણથી ભારતીય ઉપખંડના વિવિધ પ્રદેશોમાં સંખ્યાબંધ શહેરો અને નગરોનો પ્રાદુર્ભાવ થયો, જેનાં કારણદર્શક પરિબળોના સાપેક્ષ મહત્ત્વમાં નોંધપાત્ર ફેરફાર જણાતો નથી.

## 2.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**નાડુ** : જિલ્લો અથવા પેટા વિભાગ. જે તે વિભાગનાં નાગરિક કામોની દેખરેખ કરતી સ્થાનિક સભાના અર્થમાં પણ તેનો ઉપયોગ.

**નગરમ્, નખર, નગરામ** : એક પ્રકારની વેપારી સભા–બજાર શહેરમાં આવેલી. વિવિધ પ્રકારનાં વાણિજ્યિક કાર્યો કરતી.

**સ્કંધવર** : લશ્કરી છાવણી–ફરતી રાજધાની

## 2.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો'-1

1. જુઓ પેટા વિભાગ 2.2 (અવસ્થા અને વ્યાખ્યા)
2. તમારા ઉત્તરમાં આટલું ઉમેરવું. મોટી વસાહતો, ગીચ વસ્તી, હસ્તોદ્યોગ અને વાણિજ્યમાં રોકાયેલો મોટો સમૂહ (જુઓ 2.2)
3. પેટા વિભાગ 2.2 માં સાત પ્રવાહો નોંધવામાં આવ્યા છે તે વાંચો અને તેમાંથી પાંચ વિશે ટૂંકમાં લખો.

### 'તમારી પ્રગતિ ચકાસો'-2

1. કેટલાક કિસ્સાઓમાં શહેરી કેન્દ્રોના વિકાસ માટે ગ્રામીણ કેન્દ્રોએ નાભિ તરીકે કાર્ય કર્યું છે. ક્યારેક ગ્રામીણ કેન્દ્રો વેપારના જ્ઞાનબિંદુ તરીકે કાર્યરત હતાં અને પછીથી શહેરોમાં રૂપાંતર પામ્યાં. (જુઓ પેટા વિભાગ 2.4.1 )
2. તમારા ઉત્તરમાં આટલાં પરિબળો ઉમેરવાં : મુખ્ય વેપારી માર્ગો ઉપરનાં સ્થળોની સ્થિતિ, માર્ગોની આંતરક્રિયા અથવા પ્રાદેશિક વેપારનાં બજાર અથવા બંદર માટેનો આંતર-પ્રાદેશિક વેપાર. (જુઓ પેટા વિભાગ 2.4.2 )
3. ઘણાં બધાં ધાર્મિક કેન્દ્રો શહેરો તરીકે વિકસ્યાં કારણ કે આ સ્થળોની સંખ્યાબંધ લોકોએ મુલાકાત લીધી હતી અને પરિણામે ક્રમશઃ બજાર વગેરે વિકસ્યાં. (જુઓ 2.4.3)
4. સત્તાનાં કેન્દ્રો અથવા વહીવટી કેન્દ્રો પ્રસ્થાપિત શહેરો તરીકે કેવી રીતે વિકસ્યાં તે વિશે લખવું.

# એકમ 3 વેપાર અને વાણિજ્ય
## (Trade and Commerce)

રૂપરેખા

3.0 હેતુઓ
3.1 પ્રાંસ્તાવિક
3.2 વેપાર : વ્યાખ્યા અને તબક્કા
3.3 પ્રથમ તબક્કો (આશરે 700થી 900 ઈ.સ.)
  3.3.1 વિનિમયનું માધ્યમ
  3.3.2 વેપારની તુલનાત્મક અવનતિ
  3.3.3 શહેરી વસાહતો : પડતી
3.4 દ્વિતીય તબક્કો (આશરે 900થી 1300 ઈ.સ.)
  3.4.1 ઉદ્યોગો અને હસ્તકલા
  3.4.2 સિક્કા અને વિનિમયનાં બીજાં માધ્યમ
3.5 વેપારનાં પાસાં
  3.5.1 આંતરિક વેપાર :
    ● વેપારની ચીજવસ્તુઓ અને તેના ગ્રાહકો
    ● વેપારી માર્ગો અને પ્રત્યાયનનાં સાધનો
  3.5.2 દરિયાઈ વેપાર :
    ● મુખ્ય ભાગીદારો
    ● વસ્તુઓની અદલાબદલી
    ● બંદરો
    ● વેપારીઓની સલામતી અને સુરક્ષિતપણું
3.6 સારાંશ
3.7 ચાવીરૂપ શબ્દો
3.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 3.0 હેતુઓ

આ એકમના અધ્યયનથી તમને આટલી બાબતો સમજાશે :

1 ઈશુની 700 અને 1300ની વચ્ચે છ સદીઓ દરમ્યાન ભારતના સમગ્રતયા આર્થિક ઇતિહાસમાં વેપાર અને વાણિજ્યનું મહત્ત્વ.
2 વેપારનાં ઐતિહાસિક લક્ષણોની બે વ્યાપક અવસ્થાઓ (1) 700થી 900 ઈ.સ. અને 900થી 1300 ઈસ્વીસન.
3 ધાતુનું ચલણ, ગ્રામીણ અર્થવ્યવસ્થા અને શહેરોના સંદર્ભમાં વેપાર અને વાણિજ્યના સંબંધો.
4 વેપારની પ્રક્રિયામાં હસ્તકારીગરી અને ઉદ્યોગોની ભમિકા.
5 આંતરિક અને વિદેશી વેપારના સંદર્ભમાં વેપારની વસ્તુઓ અને તેના ગ્રાહકો વિશે.
6 મુખ્ય વેપારી માર્ગો અને પ્રત્યાયનનાં માધ્યમો.
7 વેપારીઓ અને સોદાગરોના લાભના વિકાસમાં રાજકીય સત્તાઓની ભૂમિકા.

## 3.1 પ્રાસ્તાવિક

બીજા એકમમાં શહેરી વસાહતોનું હાથ ધરેલું અધ્યયન વેપાર અને વાણિજ્યના સંદર્ભ વિના અધૂરું રહેશે. આઠમીથી તેરમી સદીમાં ભારતીય અર્થકારણનું આ પાસું આવશ્યક ઘટક છે. અગાઉનાં બે એકમોની જેમ જે સ્વરૂપમાં વેપારની પ્રક્રિયા હાથ ધરાયેલી તેનું પૃથક્કરણ આ એકમમાં પણ ભારતીય સામંતશાહીના વિકાસની ભૂમિકા અંતર્ગત કર્યું છે. નાણાંના ઉપયોગના સ્વરૂપ અને મર્યાદા, બજારનું કામકાજ (કાર્યરીતિ), કૃષિવિષયક પેદાશોનો ફાળો અને શહેરી વસાહતોની સ્થિતિની અવસ્થાઓ પારસ્પરિક વિકાસના મુદ્દા છે. જમીન અનુદાનો, જેનું અધ્યયન હેઠળના સમયગાળા દરમ્યાન અખિલ ભારતીય ઘટના તરીકે વર્ણન

(એકમ 1) કરવામાં આવ્યું છે તેની પદ્ધતિ સાથે આ બધાંનો સીધો સંબંધ છે. આપણે એમ પણ કહી શકીએ કે આ સમયગાળા દરમ્યાન વેપાર-વાણિજ્યનું પણ સામંતીકરણ થયું હતું...

## 3.2 વેપાર : વ્યાખ્યા અને તબક્કા

વસ્તુઓના સંગ્રહ, વિતરણ અને વિનિમયને વેપાર કહેવાય છે. આ એક પ્રક્રિયા છે જે ઘણાં પરિબળો ઉપર આધાર રાખે છે. દા.ત. ઉત્પાદનનાં સ્વરૂપ અને જથ્થો, વાહનવ્યવહારની સુવિધા, વેપારીઓની સુરક્ષા અને સલામતી, વિનિમયની પદ્ધતિ વગેરે. વેપારીઓ, સોદાગરો, ખેડૂતો અને કારીગરો જેવા સમાજના વિવિધ વિભાગોનો પણ આ પ્રક્રિયામાં સમાવેશ થાય છે. અપરોક્ષ રીતે રાજકીય સત્તાઓ પણ કેટલેક અંશે એમાં હક્કદાવો આગળ ધરે છે કારણ કે ચીજવસ્તુઓ ઉપર નાખવામાં આવેલા કર રાજ્યના મહેસૂલી આવકનું મહત્ત્વનું સાધન ગણાય છે.
આ સમય દરમ્યાનનાં વેપારનાં ઐતિહાસિક લક્ષણોને આપણે બે તબક્કામાં વિભાજિત કરીને સારી રીતે સમજી શકીશું :

(1) 700થી 900નો તબક્કો અને

(2) 900થી 1300નો તબક્કો.

આ બંને તબક્કા ટૂંકમાં આ રીતે સમજાવી શકાય .

(1) પ્રથમ તબક્કામાં વેપારની પડતી, ધાતુના નાણાંની અછત, શહેરી કેન્દ્રોની અધોગતિ અને કેટલેક અંશે બંધિયાર ગ્રામીણ અર્થવ્યવસ્થાનો સમાવેશ થાય.

(2) તો બીજા તબક્કામાં ઉપર્યુક્ત નિર્દિષ્ટ બધાં વલણોની પીછેહઠનો સમાવેશ થાય. દા.ત. માત્ર ભારત અંતર્ગત જ નહીં પણ વિદેશી વ્યાપારના સંદર્ભમાં વેપારનો અભ્યુદય. પ્રથમ તબક્કામાં હતી તેવી ધાતુના નાણાંની ખેંચ આ તબક્કામાં ન હતી. જોકે મૌર્યોના શાસન પછીની પાંચસો સદીઓ (ઈ.પૂ. 200થી ઈ.સ. 300)માં હતી તેવી નાણાકીય અર્થવ્યવસ્થા આ તબક્કામાં ઊંડાં મૂળ નાખી શકી ન હતી તેમ જ કૃષિના વિસ્તરણ તથા વેપારના પુનઃ સર્જનને કારણે શહેરી વિકાસની ભાત ઉપર અસર થયા વગર ના રહી.

## 3.3 પ્રથમ તબક્કો (આશરે ઈ.સ. 700થી 800)

ઈ.સ. 750થી 1000ના સમય દરમ્યાન જમીનનાં અનુદાનની પ્રથાનો વ્યાપક પ્રચાર અનુભવીએ છીએ. આ અનુદાન માત્ર મંદિરો અને પુરોહિતોને જ અપાતાં એવું નથી પણ રાજ્યના અધિકારીઓ અને લશ્કરના મુખિયાઓને પણ અપાતાં હતાં. એકમ 1માં જોઈ ગયાં તેમ જમીનદારોમાં સોપાનશ્રેણીના પ્રાદુર્ભાવ તરફ આ પ્રથા પહોંચી ગઈ. એટલું જ નહીં પણ મહામંડલેશ્વર, માંડલિક, સામંત, મહાસામંત, ઠાકુર વગેરે જેવા શ્રેણીબદ્ધ રાજ્ય અધિકારીઓએ જમીનમાં અભિરુચિ દર્શાવી. જોકે જમીનના સાચા ખેડનાર કરતાં તેઓ ભિન્ન હતા અને ખેડૂતો પાસેથી હાથ કરેલી ફાજલ ચીજવસ્તુઓ ઉપર નિર્ભર હતા. પરિણામે આ ખેડૂતો પાસે વેપાર કરવા સમું કશું જ રહેતું નહીં. આને લીધે ગ્રામીણ અર્થવ્યવસ્થાનો વિકાસ થયો, જ્યાં સ્થાનિક જરૂરિયાતો સ્થાનિક રીતે સંતોષાતી હતી, કારણ કે ખરેખર ઉત્પાદનના વેચાણ ઉપર ઘણાં બધાં નિયંત્રણો મૂકવામાં આવ્યાં હતાં. વિનિમયના માધ્યમની સાપેક્ષ અછતને કારણે આ વલણ સુદૃઢ થયું.

### 3.3.1 વિનિમયનું માધ્યમ

ઈ.સ. 750થી 1000ની વચ્ચે ભારત ઉપર ઘણા મહત્ત્વના રાજવંશોએ રાજ્ય કર્યું હતું. આમાં આટલા રાજવંશોનો સમાવેશ થાય છે : પશ્ચિમ ભારતમાં ગુર્જર-પ્રતિહારો, પૂર્વ ભારતમાં પાલ રાજાઓ અને દખ્ખણમાં રાષ્ટ્રકૂટો. આ બધા રાજવંશોનું એ સૌભાગ્ય હતું કે તે સમયના કેટલાક શક્તિશાળી રાજાઓથી એ રાજ્યો શોભતાં હતાં. આમાંના ઘણા રાજાઓએ દીર્ઘકાળ સુધી રાજ્ય કરેલું. છતાં આશ્ચર્યની બીના એ છે કે તેમના હાથવગા થયેલા સિક્કાઓ ઘણા થોડા છે એટલું જ નહીં પણ કોઈ પણ સંજોગોમાં ગુણવત્તા કે સંખ્યાની દૃષ્ટિએ અગાઉની સદીઓના સિક્કાઓ સાથે સરખામણી થઈ શકે તેમ નથી. વસ્તુની ખરીદી અને વેચાણમાં નાણાં અગત્યની ભૂમિકા ભજવતાં હોઈ ચલણી નાણાંની અછત અને સિક્કા બનાવવાનાં બીબાંની અનુપસ્થિતિ પુરાવસ્તુકીય ઉત્ખનનોમાં જોવા મળતી હોઈ એવું માની શકાય કે આ સમય દરમ્યાન વેપારની પડતી થઈ હતી.

જોકે પ્રથમ તો દા.ધ. કોશામ્બીએ આવું સૂચવ્યું હોવા છતાંય રામશરણ શર્માના 1965માં પ્રકાશિત થયેલા 'ઇન્ડિયન ફ્યુડાલિઝમ' ગ્રંથથી આટલી બાબતો તરફ ધ્યાન ખેંચાયું : અનુગુપ્તકાલમાં સિક્કાઓની અછત, વેપાર અને વાણિજ્યમાં સિક્કાનું સ્થાન તથા સામાજિક સામંતી સ્વરૂપનો તેને કારણે પ્રાદુર્ભાવ. છેલ્લા

અઢી દાયકા દરમ્યાન આ વિષય ઉત્તેજનાપૂર્ણ રીતે ચર્ચાતો રહ્યો. આના પ્રતિસાદના ચાર મુખ્ય પ્રકારો છે :

(1) પ્રસ્તુત દૃષ્ટિબિંદુના સમર્થન કરતાં લખાણો.

(2) ઈ.સ. 600 અને 1200 વચ્ચે સિક્કાઓનું અનુપસ્થિતિને સમર્થન મળ્યું ઓરિસામાં થયેલા એક અભ્યાસથી. છતાં એમાં એવી દલીલ કરી છે કે દક્ષિણપૂર્વ એશિયા સાથે વેપાર થતો હતો અને વિદેશી વેપારમાં વિનિમયપ્રથાનો ફાળો હતો.

(3) તો બીજી બાજુ કાશ્મીરમાં આઠમી સદીથી તાંબાના સિક્કાનો ઉદ્ભવ થયો હતો. જોકે આ સિક્કાઓની ગુણવત્તા ઘણી નબળી હતી તેની પ્રતીતિ નાણાં આધારિત વેપારની પડતીથી અને આ ખીણમાં કૃષિવિષયક થયેલી વૃદ્ધિમાં.

(4) છેલ્લે એક દૃષ્ટિબિંદુ સિક્કાઓની અછતનો વિચાર અને વેપારની અધોગતિ વિશે પ્રશ્ન ઉઠાવે છે—શંકા દર્શાવે છે. આ શંકા પણ વર્તમાન બંગલાદેશ, પશ્ચિમ બંગાળ અને બિહાર સહિતના મધ્યપૂર્વીય ભારતમાંથી ઈ.સ. 700થી 1200 દરમ્યાન ઉપલબ્ધ પુરાવા ઉપર આધારિત છે. એક તરફ એવું માનવામાં આવે છે કે ત્યારે પડાવેલા સિક્કાઓ ન હતા અને પાલવંશ તથા સેનવંશ બંનેએ કોઈ સિક્કા પડાવ્યા ન હતા; તો બીજી તરફ એવી પણ દલીલ થઈ છે કે વિનિમયના માધ્યમની કોઈ અછત ન હતી. દા.ત. હરિકેલા રજત સિક્કાની લાંબી શ્રેણી તો હતી જ પણ કોરી અને ચુર્ણી (સોના-ચાંદીના ભૂકામાંથી બનાવેલા સિક્કા) વિનિમયના માધ્યમ તરીકે ચલણમાં હતા.

જોકે કદાચ પ્રાદેશિક અપવાદ હતા તોપણ પ્રોફેસર રામશરણ શર્માના સામાન્ય પૂર્વ સિદ્ધાન્ત અખિલ ભારતીય પરિપ્રેક્ષ્યમાં બંધ બેસે છે. પ્રાદેશિક અપવાદને ધ્યાનમાં લીધા પછી પણ આટલા પ્રશ્નો તરફ ધ્યાન આપવું જરૂરી છે :

1. આવી વાણિજ્યિક પ્રવૃત્તિઓનાં સ્વરૂપ અને મર્યાદા શાં હતાં ?
2. આ પ્રવૃત્તિઓ સ્થિર વાણિજ્યિક વર્ગના પ્રાદુર્ભાવ માટે સક્ષમ હતી ?
3. આ વેપારનો નફો કોની પાસે રહેતો ?
4. આ કહેવાતા પાંગરતા વેપારે શું મહેનતુ પ્રજા અને સ્થાયી ખેડૂતવર્ગને કોઈ પ્રેરણા આપી હતી ?

આ સંદર્ભમાં અહીં આટલી બાબતો નોંધવી મહત્ત્વની છે :

(1) મધ્ય-પૂર્વીય ભારતના સંદર્ભમાં નોંધવામાં આવેલા પ્રસ્તુત પુરાવા આ વિસ્તારના દરિયાઈ વેપારમાં સ્થાનિક લોકોએ ભાગ લીધો હતો કે કેમ તે વિશે મૌન છે.

(2) સીમિત વેપારી પ્રવૃત્તિઓ પણ શાસક-અગ્ર વર્ગ પૂરતી મર્યાદિત હતી.

(3) સામાન્ય માનવીની દયનીય સ્થિતિ **'વંગલી'** (બંગાળનો રહેવાસી) શબ્દના અર્થમાં પ્રતિબિંબિત થાય છે. આ શબ્દનો સૂચિત અર્થ છે 'ઘણો જ ગરીબ અને દયનીય.'

એવી જ રીતે, દક્ષિણ-પૂર્વ એશિયા સાથે ભારતના વેપારની જેઓ વાતો કરે છે તેમણે તે વિસ્તારમાંના ધાતુના નાણાંની સ્થિતિનું દૃષ્ટિબિંદુ પણ સારી રીતે જાણવું રહ્યું. દા.ત. કંબોડિયાનું અધ્યયન દર્શાવે છે કે અનુગુપ્તકાલીન બસો વર્ષ દરમ્યાન (ઈ.સ. 600થી 800) અગ્નિ એશિયા સિક્કાની અને વિનિમયની કોઈ પદ્ધતિ (જેણે ખ્મેરની અર્થવ્યવસ્થાની જરૂરિયાત પૂરી પાડી) વિકસાવવામાં નિષ્ફળ ગયું હતું. વિનિમયની પ્રથા મુખ્યત્વે ડાંગર અને આંશિક રીતે કાપડ ઉપર નિર્ભર હતી. ઈન્ડો-સસાની, શ્રી વિગ્રહ શ્રી આદિવરાહ, વૃષભ અને અશ્વસવાર, ગધૈયા વગેરે પ્રકારના આ સમયના સિક્કા જ્યારે પશ્ચિમ અને ઉત્તરપશ્ચિમ ભારતમાં અને આંશિક રીતે ગંગાખીણ પ્રદેશમાં પ્રાદુર્ભાવ પામ્યા હતા ત્યારે તેમણે સમગ્રતયા અર્થકારણમાં કોઈ ખાસ ગાબડું પાડ્યું ન હતું. આ સિક્કાઓના ઉદ્ભવના સમય અંગે શંકા હોવા છતાંય તે સિક્કાની અત્યંત નબળી ગુણવત્તા અને ઓછી ખરીદશક્તિ તેમના ચોક્કસ ફાળાની પડતી દશાનું સૂચન કરે છે. વળી, વધતી જતી વસતી અને વિસ્તરતા વસાહતી પ્રદેશના સંદર્ભમાં સર્વગ્રાહી દૃષ્ટિએ નાણાંના ચલણનો વિસ્તાર નગણ્ય હતો. તેથી આપણે કહી શકીએ કે પ્રથમ તબક્કા દરમ્યાન ધાતુના નાણાંની સાપેક્ષ પડતીનો મુદ્દો પ્રતીતિજનક અનુભવમૂલક પુરાવા ઉપર નિર્ભર છે. ભારતની વેપારી પ્રવૃત્તિઓ ઉપર આની અસર પડવી જ રહી.

## 3.3.2 વેપારની તુલનાત્મક અવનતિ

રાજકીય સત્તાના વિભાજન અને સ્થાનિક મુખીઓ તથા ધાર્મિક લાભાર્થીઓના વિસર્જનની, જમીન અનુદાનની અર્થવ્યવસ્થા ઉપર અલબત્ત શરૂઆતની સદીઓમાં, વિપરીત અસર થઈ હોવાનું જણાય છે. ઓછા ઉત્પાદિત વિસ્તારના ઘણા વચેટિયા જમીનધારકો લૂંટફાટ અને ચોરી અથવા પોતાના પ્રદેશમાંથી પસાર થતા માલસામાન ઉપર વધારે પડતો કર નાખવાની પ્રવૃત્તિના માર્ગે વળ્યા. આથી વેપારીઓ અને સોદાગરોનો ઉત્સાહ મોળો પડ્યો. સક્ષમ સત્તાધારી મુખીઓ વચ્ચે વારંવારના સંઘર્ષો પણ નિરુત્સાહ વધારતા હતા. છતાં હરિભદ્રસૂરિનો ગ્રંથ 'સમરાઇચ્ચકહા' અને ઉદ્યોતનસૂરિનો ગ્રંથ 'કુવલયમાલા' (બંને આઠમી સદીનાં જૈનધર્મી પુસ્તકો) ધમધોકાર વેપાર અને વ્યસ્ત શહેરોનો ઉલ્લેખ કરે છે. એવી જોરદાર

દલીલ કરવામાં આવે છે કે આ બંને ગ્રંથોએ એમની વિગતો અગાઉની સદીઓનાં સાધનોમાંથી પ્રાપ્ત કરી છે અને તેથી તેઓ આઠમી સદીની વાસ્તવિક આર્થિક પરિસ્થિતિને પ્રતિબિંબિત કરતા નથી.



**ચિત્ર-૪ : દશમી સદીના સિક્કાઓ**

પશ્ચિમ સાથેના વિદેશી વેપારની પડતી અંગે એવું સૂચન થયું છે કે ચોથી સદીમાં મહાન રોમીય સામ્રાજ્યના પતન પછી તેમાં (એટલે વિદેશી વેપારમાં) ખાસો ઘટાડો થયો હતો. જ્યારે પૂર્વીય રોમીય સામ્રાજ્યના (બિઝેન્ટાઈન) લોકો છઠ્ઠી સદીના મધ્યમાં રેશમ બનાવવાની કળા શીખ્યા ત્યારે તો વિદેશી વેપાર ઉપર વિપરીત અસર થઈ હતી. આ રીતે, ભારતે એક મહત્ત્વનું બજાર ગુમાવ્યું, જ્યાંથી તે ઈશુની આરંભની સદીઓમાં મોટા જથ્થામાં સોનું ખેંચી લાવતું હતું.

સાતમી અને આઠમી સદીઓમાં ભારતની વાયવ્ય સરહદો ઉપર અરબોએ કરેલા વિસ્તારને (દબાણને) કારણે પણ વિદેશી વ્યાપારની પડતી થઈ. આ વિસ્તારમાંની એમની હાજરીને કારણે ભારતીય વેપારીઓ માટે જમીન માર્ગ અસલામત બન્યો. 'કથાસરિત્સાગર'માંથી એક કથા અનુસાર ઉજ્જૈનથી પેશાવર જતા વેપારીઓના એક જૂથ ઉપર અરબોએ કબજો જમાવ્યો અને તેમને વેચી દીધા. પછીથી જ્યારે કોઈ રીતે તેઓ મુક્ત થયા ત્યારે તેમણે વાયવ્ય સરહદનો વિસ્તાર કાયમને માટે છોડી દેવા વિચાર્યું અને દક્ષિણમાં વેપાર અર્થે પાછા ફર્યા. આ સદીઓ દરમ્યાન તિબેટીઓ અને ચીનીઓ વચ્ચેના ઝઘડાઓએ પણ મધ્ય એશિયામાં વેપારી માર્ગો ઉપરથી જતા આવતા માલસામાન ઉપર અસર પહોંચાડી. જ્યારે અરબોએ સાતમી સદીમાં ભરૂચ અને થાણા ઉપર ચડાઈ કરી અને સૌરાષ્ટ્રના કાંઠાના મહત્ત્વના બંદર વલભીનો આઠમી સદીમાં નાશ કર્યો ત્યારે ભારતના પશ્ચિમ કાંઠાનો દરિયાઈ વેપાર ભાંગી પડયો અને સ્થાનભ્રષ્ટ થયો. જોકે આપણે અગાઉ નોંધી ગયા તે મુજબ દશમી સદી પછીથી ભારતના દરિયાઈ વેપારના વિકાસમાં અરબોએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. જોકે આરંભમાં એમની દરિયાઈ લૂંટફાટથી ભારતની વાણિજ્યિક પ્રવૃત્તિ ઉપર વિપરીત અસર થઈ હતી. ભારતના અગ્નિ એશિયા સાથેના સંબંધો વિશેના કેટલાક ઉલ્લેખો સમકાલીન સાહિત્યમાં જોવા મળે છે પણ તેથી પશ્ચિમ સાથેના વેપારની પડતીથી થયેલા નુકસાનની ખોટ ભરપાઈ થઈ એમ કહેવું શંકાસ્પદ છે.

### 3.3.3 શહેરી વસાહતો : પડતી

પ્રથમ તબક્કો પણ ઘણાં શહેરોની પડતી અને ઉજ્જડ થવાની પ્રક્રિયાથી ધ્યાનાર્હ બન્યો છે. વાણિજ્યિક અધોગતિનું આ મહત્ત્વનું લક્ષણ છે કેમ કે શહેરો વાણિજ્ય અને હાથકારીગરીમાં સંલગ્ન લોકોની પ્રાથમિક વસાહતો છે. વેપારની પડતી થવાથી અને હાથકલાની વસ્તુઓની માંગમાં મંદી આવવાથી શહેરોમાં વસેલા વેપારીઓ અને કારીગરોને આજીવિકાના વૈકલ્પિક માધ્યમની શોધમાં ગ્રામીણ વિસ્તારોમાં ફેલાઈ જવું પડ્યું. આમ શહેરોનો નાશ થયો અને શહેરીજનો ગ્રામીણ અર્થવ્યવસ્થાનો ભાગ બની રહ્યા. યુવાન સ્વાંગના અહેવાલ ઉપરાંત પુરાણો પણ કલિયુગનો સંદર્ભ આપતાં મહત્ત્વનાં શહેરો ઉજ્જડ થયાં હોવાનો નિર્દેશ કરે છે. પાંચમી સદીમાં વરાહમિહિરે દર્શાવેલા વલણનું આમાં સાતત્ય જોવું પ્રાપ્ત થાય છે. એકમ બીજામાં 140 સ્થળોએ થયેલા ઉત્ખનનથી પ્રાપ્ત માહિતીનો સંદર્ભ આપ્યો છે. વૈશાલી પાટલીપુત્ર વારાણસી વગેરે જેવાં વિશિષ્ટ નગરોની પડતી પુરાવસ્તુકીય ઉત્ખનનોથી સ્પષ્ટ જણાઈ છે. આ ઉત્ખનનીય અહેવાલોએ ઈમારતો અને પુરાવસ્તુઓની દરિદ્રતા દર્શાવી છે. ત્રીજી અને આઠમી સદીઓ વચ્ચેના સમય દરમ્યાન શહેરી કેન્દ્રોની નિર્જનતા અથવા તેમની પડતીની પરિસ્થિતિએ અખિલ-ભારતીય વાસ્તવિકતાને સ્પષ્ટ દર્શાવી આપી છે. જે વસાહતો આઠમી સદી સુધી ચાલુ રહેલી તે પણ તે પછી ઉજ્જડ થઈ ગઈ હતી. આ પ્રકારની વસાહતોમાં આપણે આટલીનો નિર્દેશ કરીએ : પંજાબમાં રુપર, ઉત્તર પ્રદેશમાં અત્રન્જિખેડા અને ભીટા, મધ્ય પ્રદેશમાં એરણ, ગુજરાતમાં પ્રભાસપાટણ (સોમનાથ), મહારાષ્ટ્રમાં પૌવનાર અને માહેશ્વર અને આંધ્ર પ્રદેશમાં કુડાવેલ્લી. જેના માટે ઘણી લડાઈઓ પાલ પ્રતિહાર અને રાષ્ટ્રકૂટો વચ્ચે લડાઈ હતી તે ઉત્તર પ્રદેશના ફર્રુખાબાદ જિલ્લાના કનૌજની મહત્તા હજી પુરાવિદે પુરવાર કરવાની છે.

અધ્યયન હેઠળના સમયગાળાના પ્રથમ તબક્કા દરમ્યાન વાણિજ્યિક પ્રવૃત્તિઓની પડતી જરૂર થઈ પણ તે સાવ અદશ્ય તો ના થઈ. હકીકતમાં, રાજાઓ સામંતી વડાઓ મંદિર અને મઠોના આચાર્યોના ઉપયોગની મોજશોખની મૂલ્યવાન વસ્તુઓનો વેપાર તો અસ્તિત્વ ધરાવતો હતો. લાંબા અંતરના વેપારમાં વસ્તુઓ (કીમતી અને અર્ધકીમતી પથ્થરો, હાથીદાંત, ઘોડાઓ વગેરે વસ્તુઓ) મહત્ત્વનો ભાગ ગણાતી, પણ આ સમયનાં સાધનોમાંથી પ્રાપ્ત રોજિંદા ઉપયોગના માલસામાનની હેરફેરના પુરાવા પ્રમાણમાં ઘણા ઓછા છે. અભિલેખોમાં ઉલ્લિખિત એકમાત્ર મહત્ત્વની વસ્તુ છે મીઠું અને તેલ, જેનું ઉત્પાદન પ્રત્યેક ગામ કરી શકતું નહીં અને તેથી તેવી વસ્તુઓ અન્યત્રથી લાવવામાં આવતી હતી. જો અર્થતંત્ર સ્વનિર્ભર ન હોત તો અનાજ, શેરડી, કાપડ, હસ્તકલાની ચીજો વગેરેના વેપારના ઉલ્લેખો અસંખ્ય હોત. ટૂંકમાં ઈ.સ. 750થી 1000ના સમયગાળાની વાણિજ્યિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ એવું હતું, જેણે સામાન્યજન કરતાં સામંતી ઉમરાવો અને જમીન સાથે સંલગ્ન વચેટિયાઓની જરૂરિયાતો વધારે પોષી હતી. હરિયાણામાં કરનાલ નજીકના પીહોઆ અને ઉત્તર પ્રદેશના બુલંદશહેર નજીકના આહર જેવાં વેપાર અને વાણિજ્યનાં કેટલાંક ક્ષેત્રો એવાં હતાં જ્યાં દૂર દૂરના વેપારીઓ વેપારાર્થે એકત્રિત થતા હતા પણ તેઓ ગ્રામીણ બંધિયાર અર્થવ્યવસ્થામાં ખાસ કોઈ ગાબડું પાડી શક્યા નહીં.

#### 'તમારી પ્રગતિ ચકાસો'-1

1. ઈ.સ. 700થી 900 દરમ્યાનની અર્થવ્યવસ્થાનાં મહત્ત્વનાં લક્ષણોનું સંક્ષિપ્ત વર્ણન કરો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

2. પ્રસ્તુત વિધાનમાંથી કયાં સાચાં છે (✔) અને કયાં ખોટા છે (X) તે જણાવો.

   (1) રામશરણ શર્મા અનુસાર અનુગુપ્તકાલમાં સિક્કાઓની પડતી થઈ હતી.

   (2) ઈ.સ. 600થી 1200ની વચ્ચે ઓરિસ્સામાં સિક્કાઓની ઘણી છત હતી.

   (3) આઠમી સદી આસપાસ કાશ્મીરના તાંબાના સિક્કાઓની નબળી ગુણવત્તા વેપારની પડતીનું દ્યોતક કહી શકાય.

   (4) આઠમી-બારમી સદીઓ દરમ્યાન ટંકશાળીય સિક્કા સિવાય વિનિમયનું કોઈ માધ્યમ ન હતું.

3. આઠમી અને બારમી સદી વચ્ચે ભારતીય વેપાર ઉપર અરબોએ કેવી અસર પહોંચાડી ?

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

4. સાતમી અને નવમી સદીઓ વચ્ચે શહેરોની પડતીનાં મુખ્ય કારણો આપો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

## 3.4 દ્વિતીય તબક્કો (આશરે 900થી 1300 ઈસવી)

આ તબક્કો વેપાર અને વાણિજ્યના પુનઃ સર્જનથી જાણીતો હતો. આ અવસ્થા હતી કૃષિવિષયક વિસ્તરણની, નાણાંના વધતા જતા ઉપયોગની અને બજાર અર્થકારણના પુનર્ઉદ્‌ભવની; જેમાં સ્થાનિક વપરાશને બદલે વિનિમય માટે ચીજવસ્તુઓ ઉત્પન્ન થતી હતી. આ સદીઓએ ભારતીય ઉપખંડના વિવિધ ભાગોમાં શહેરી વસાહતોના વિકાસનો ઠીક ઠીક અનુભવ કર્યો.

એકમ એકમાં આપણે જોઈ ગયા તેમ કૃષિવિષયક વિસ્તરણમાં જમીન-અનુદાનની વ્યાપક બનેલી પ્રથા એક લાક્ષણિક પરિબળ હતું. આ વિકાસના પરિણામને સ્પષ્ટ રીતે દર્શાવવું સરળ નથી તે આપણે જાણતા હોવા છતાં પ્રાદેશિક ભિન્નતા અને અસમાનતા ધ્યાનાર્હ હતી તેની અવગણના આપણે કરી શકીએ નહીં. જોકે આઠમી સદીના આરંભથી તેરમી સદીના અંત સુધીનો સમય ખાદ્યાન્ન, કઠોળ અને વાણિજ્યિક પાકોના વિશેષ ઉત્પાદનનો સમય હતો. સ્વાભાવિક જ, આંતરિક અને બાહ્ય વેપારના અવકાશને વિસ્તારવાની અનુકૂળ હવાનું નિર્માણ આથી થયું.

### 3.4.1 ઉદ્યોગો અને હસ્તકલા

કૃષિવિષયક ઉત્પાદનના વિકાસમાં હસ્તકલાના વધતા જતા ઉત્પાદનથી ઉમેરો થયો. અધ્યયન હેઠળના સમયગાળાના પ્રથમ તબક્કા દરમ્યાન આંતરિક અને બાહ્ય વેપારમાં થયેલી પડતીનો અર્થ ઔદ્યોગિક પેદાશનાં બજારોનું સંકોચન ઉત્પાદન સ્થાનિક અને પ્રાદેશિક જરૂરિયાતો પૂરતું મુખ્યત્વે સીમિત હતું. તો બીજા તબક્કામાં, જોકે, આપણે હસ્તકલાના વધતા જતા ઉત્પાદન તરફનું વલણ જોઈએ છીએ, જેણે પ્રાદેશિક અને આંતર-પ્રાદેશિક વિનિમયની પ્રક્રિયાને પ્રોત્સાહિત કર્યું.

પૂર્વકાળથી સારી રીતે પ્રસ્થાપિત કાપડ ઉદ્યોગ આ સમય દરમ્યાન મુખ્ય આર્થિક પ્રવૃત્તિ તરીકે વિકસ્યો. હવે જાડું અને સારું સુતરાઉ કાપડ ઉત્પન્ન થવા લાગ્યું. માર્કોપોલો (ઈ.સ. 1293) અને અરબ લેખકો ગુજરાત અને બંગાળના સુતરાઉના વણાટની શ્રેષ્ઠતાનાં વખાણ કરે છે. બંગાળમાંથી મજિઠિયો રંગ, ગુજરાતમાંથી વાદળી રંગ (ગળી)ની ઉપલબ્ધિ કાપડ ઉદ્યોગના આ પ્રદેશોમાં વિકાસમાં મહત્ત્વની સહાયક પુરવાર થઈ. બારમી સદીના ગ્રંથ 'માનસોલ્લાસ'માં પૈઠાણ નેગાપતિનમ્ કલિંગ અને મુલતાન મહત્ત્વનાં કાપડ ઉદ્યોગનાં કેન્દ્રો હતાં એવો ઉલ્લેખ છે. કર્ણાટક અને તામિલનાડુના રેશમી કાપડના વણકરો પણ સમાજના પ્રભાવક અને ખાસ મહત્ત્વના વર્ગનો ભાગ બની ગયા હતા.

આ સમય દરમ્યાન તેલ ઉદ્યોગે પણ ઘણું મહત્ત્વ મેળવ્યું હતું. દશમી સદીથી તેલિબિયાંની ખેતી અને તેલની મિલો (ઘનક) વિશે ઘણા ઉલ્લેખ આપણને મળે છે. કર્ણાટકનો એક શિલાલેખ માણસો અને બળદોથી સંચાલિત વિવિધ પ્રકારની મિલોના વેપારની નોંધ કરે છે. તેલના વેપારીઓની સમૃદ્ધિની વિગતો આપણને જાણવા મળે છે કેમ કે તેમાંના કેટલાક વેપારીઓએ મંદિરોના નિર્માણ અને પ્રજોપયોગી કામો કર્યાં હતાં. આથી સૂચિત થાય છે કે તેલની મિલો એના સંચાલકોને તગડો નફો રળી આપતી હતી. એવી જ રીતે, આ સમયગાળાના શેરડીના વાવેતર અને શેરડીના પિલાણ અંગેના ઉલ્લેખોથી ગોળ અને ખાંડની વિવિધ જાતોના વિશાળ પાયા ઉપરના ઉત્પાદનની માહિતી મળે છે. આ ઉપરાંત કૃષિઆધારિત ઉદ્યોગો,

ધાતુમાં હાથ કારીગરી અને ચર્મોદ્યોગ પણ શ્રેષ્ઠ ગુણવત્તાના સ્તરે પહોંચ્યા હતા. તાંબું, કાંસું, લોખંડ, સોનું, ચાંદી વગેરે ધાતુની વિવિધ કામગીરી સાથે સંકળાયેલા કારીગરોના ઉલ્લેખો સાહિત્યિક સાધનોમાં થયેલા છે. ઓરિસામાં પુરી અને કોણાર્કનાં મંદિરોના મોટા મોભ (પાટડા) બારમી સદીના ભારતીય લુહારોના કૌશલ્યનું સૂચન કરે છે. ઊંચી ગુણવત્તાવાળાં તલવાર, ભાલા જેવાં અને એવાં બીજાં શસ્ત્રો અને હથિયારો બનાવવામાં લોખંડનો ઉપયોગ થતો હતો. મગધ, વારાણસી, કલિંગ અને સૌરાષ્ટ્ર ઊંચી ગુણવત્તાવાળી તલવારો બનાવવા માટે જાણીતાં હતાં. સોના અને ચાંદીના ભરતકામ માટે ગુજરાત જાણીતું હતું. બારમી સદીના યહૂદી વેપારીઓના ગીંઝા દસ્તાવેજો દર્શાવે છે કે ભારતનો કાંસા ઉદ્યોગ એવો તો પ્રખ્યાત હતો કે એડનના ગ્રાહકો પોતાનાં ભાંગેલાં વહાણો કે વાસણો તથા ઘરવખરી ભારત મોકલતા હતા અને પોતાની જરૂરિયાત અનુસાર તેનું નવઘડતર કરાવતા હતા. ચોલ કાંસ્યના વિદ્યમાન નમૂના અને નાલંદા, નેપાલ અને કાશ્મીરના તેવા નમૂના ભારતીય ધાતુ ઉદ્યોગની શ્રેષ્ઠતાના દ્યોતક છે.

ચામડાના ઉદ્યોગમાં પણ ગુજરાતે અસૂયાની સ્થિતિ પ્રાપ્ત કરી હતી. માર્કોપોલોએ નોંધ્યું છે કે ગુજરાતના કારીગરોએ ભૂરા અને લાલ રંગની ચામડાની સુંદર સાદડીઓ બનાવી હતી, જેના ઉપર પક્ષીઓ અને પ્રાણીઓની આકૃતિઓનું ભરતકામ કરેલું હતું. અરબ વિશ્વમાં આની જબરદસ્ત માંગ હતી.

## 3.4.2 સિક્કા અને વિનિમયનાં બીજાં માધ્યમ

અધ્યયન હેઠળના સમય દરમ્યાન ધાતુના નાણાંના પુન ઉદ્ભવની વેપારના પુનઃ સર્જનમાં નોંધપાત્ર સહાય મળી. જોકે મુદ્રીકરણના સ્તર અને પ્રમાણ વિશે સારી એવી ચર્ચા થતી રહેલી. બજારમાં નાણાંના પ્રચલનના સ્પર્ધકો વારંવાર સાહિત્યિક અને આભિલેખિક સામગ્રીમાં ઉલ્લેખ પામ્યા છે. આ નિર્દેશો આ સમય દરમ્યાનના સિક્કાઓના વિવિધ પ્રકારને વર્ણવતા શબ્દો સંદર્ભે છે. 'પ્રબંધચિંતામણી', 'લીલાવતી', 'દ્રવ્યપરીક્ષા', 'લેખપદ્ધતિ' વગેરે જેવા ગ્રંથોમાં ભાગક, રૂપક, વિંશતિક, કાર્ષાપણ, દિનાર, દ્રમ્મ, નિષ્ક, ગધૈયા, ગદ્યાનક, ટંકા અને એવા બીજા સિક્કાઓના એના ગુણાંકમાં ઉલ્લેખ થયેલો છે. આભિલેખિક સામગ્રી પણ ઓછી મહત્ત્વની નથી જ. દા.ત., સિયાડોની શિલાલેખ દશમી સદીના મધ્યમાં પ્રચારમાં રહેલા ફક્ત દ્રમ્મયની વિવિધતાનો નિર્દેશ કરે છે. સમકાલીન સાહિત્યમાં ઉલ્લિખિત સિક્કાઓની વિવિધ પરિભાષાનું પરમાર, ચૌલુક્ય, ચાહમાન, પ્રતિહાર, પાલ, ચંડેલા અને ચોસ રાજાઓના અભિલેખો સમર્થન કરે છે. આ સિક્કાઓનાં મૂલ્ય, તેમાંની ધાતુનું પ્રમાણ અને પારસ્પારિક સંબંધો વિશે સારી એવી અટકળો થતી રહી છે. આભિલેખિક અને સાહિત્યિક સામગ્રીમાંથી પ્રાપ્ત સિક્કાઓની માહિતીની યાદીના આધાર ઉપર બજારમાં સિક્કાઓના પ્રવેશનું સૂચન સરળતાથી થઈ શકે છે. આ ઉલ્લેખોની ચકાસણી કરવી જરૂરી છે. વિગતવાર અન્વેષણ માટેના મુદ્દાઓ આ પ્રમાણે છે :

(1) સિક્કાઓ અંગેના નિર્દેશો ગ્રામીણ વિસ્તાર કે શહેરી વ્યવસ્થામાં વિનિમયના સંદર્ભમાં છે ?
(2) જ્યાં આ પ્રકારની લેવડદેવડ થતી તે બજારનાં સ્વરૂપ અને વિનિમયનાં કેન્દ્રોના પ્રકાર વિશે.
(3) આ લેવડદેવડમાં સંલગ્ન માણસો વિશે અને
(4) સિક્કાઓના આભિલેખિક સંદર્ભો કેટલે અંશે માન્ય ગણી શકાય ?

જ્યાં સુધી સિક્કાઓના ચોક્કસ નમૂનાને લાગેવળગે છે ત્યાં સુધી એમ કહી શકાય કે સોનાના સિક્કાઓના મુદ્રાંકનની પ્રથા ચાર સદીઓના ગાળા પછી ત્રિપુરી (મધ્ય પ્રદેશ)ના કલચૂરિ રાજા ગંગેયદેવે (ઈ.સ. 1019થી 1040) પુનર્જીવિત કરેલી. ઉત્તર પ્રદેશમાં વારાણસી નજીક ગઢવાલના રાજા ગોવિંદચંદ્રે, કાશ્મીરના રાજા હર્ષે, મધ્ય ભારતના ચંદેલા રાજાઓ કીર્તિ વર્મા અને મહેન્દ્ર વર્માએ અને તમિલનાડુના કેટલાક ચોલ રાજાઓએ સોનાના સિક્કા પડાવ્યા હતા. પશ્ચિમ અને પશ્ચિમોત્તર ભારતના આ સમયગાળાના સિક્કાઓના પ્રકાર વિશેની માહિતી આપણે અગાઉ નોંધી છે. એક અંદાજ મુજબ બારમી અને તેરમી સદી દરમ્યાનના કર્ણાટકના વિવિધ વિસ્તારોમાંથી નવ ટંકશાળો શોધી કાઢવામાં આવી હતી. રાજસ્થાનમાં જોધપુર નજીક શ્રીમોલમાં એક અગત્યની ટંકશાળ કાર્યરત હતી.

જ્યાં સુધી ધાતુના નાણાંની ભૂમિકાને લાગેવળગે છે ત્યાં સુધી પ્રાદેશિક ધોરણે જે નાનું કાર્ય થયું છે તે નાણાંના અંદર સુધીના પ્રવેશને સાબિત કરવામાં સહાયરૂપ થતું નથી. સિક્કાઓ અંગે વિપુલ પ્રમાણમાં સંદર્ભો હાથવગા થયા હોવા છતાંય ચલણમાંના નાણાંના સમગ્રતયા જથ્થા વિશેના પુરાવા નગણ્ય છે. ઉપયોગમાં લેવાયેલી ધાતુને ધ્યાનમાં લીધા વિના પણ ઓછી ખરીદશક્તિની બાબતની આપણે અવગણના કરી શકીએ નહીં. આ સમયના બધા જ સિક્કાઓ વજનમાં હલકા અને ઓછા મૂલ્યના હતા. વસાહતોના વધતા જતા વિસ્તાર અને વધતી જતી વસતીના સંદર્ભમાં પણ નાણાંનો ઉપયોગ ઘણો જ મર્યાદિત હોવાનો જણાય છે. રાજસ્થાનનું આ સમયગાળાનું અધ્યયન દર્શાવે છે કે વેપારનું પુનરુત્થાન, વિનિમયનાં કેન્દ્રોની અને બજારોની વધેલી સંખ્યા તથા વેપારી કુટુંબોની સમૃદ્ધિ 'આંશિક મુદ્રીકરણ'ની મદદથી જ શક્ય બની

હતી. એવી જ રીતે, શીલાહાર રાજાઓના શાસનમાં (ઈ.સ. 850થી 1250) પશ્ચિમ કાંઠે (કોંકણમાં) રોકડનો સંબંધ પણ નાણાંના મર્યાદિત ઉપયોગથી સ્પષ્ટ થાય છે. સિક્કાઓના પ્રકાર અને નામકરણ કેવળ સ્થાનિક સ્વરૂપના જ ન રહ્યા પણ આર્થિક માહોલમાં ઊંડે સુધી પ્રવેશી શક્યા નહીં. સામાન્ય લોકો સિક્કાઓના ઉપયોગથી દૂર હતા. ઈ.સ. 950થી 1300 દરમ્યાન દક્ષિણ ભારતમાં ચલણની પ્રથા દર્શાવે છે કે સમાજના પ્રત્યેક સ્તરે થતી લેવડદેવડ ચલણી નાણાંથી એક સરખી રીતે અસર પ્રાચીન હતી. દા.ત., આયાત થયેલા અશ્વોના નિયમિત ખરીદનાર તરીકે પાંડ્ય રાજાઓએ કરેલો અકલ્પનીય ખર્ચ પાંડ્ય રાજાઓના નબળા ચલણના સંદર્ભમાં વિચારી શકાય નહીં. આંતર-પ્રદેશીય સ્થાનિક લેવડદેવડમાં અને સંભવતઃ આંતરરાષ્ટ્રીય વાણિજ્યમાં વિનિમયની પદ્ધતિ હજી પણ મહત્ત્વનું સાધન ગણાતું હતું. એવા ઉલ્લેખો હાથવગા છે કે વેપારીઓની વણજાર પોતાની ચીજવસ્તુઓ બીજા પ્રદેશની ચીજવસ્તુઓ સાથે અદલાબદલી કરતા હતા. એક અહેવાલ મુજબ પરદેશથી આયાત થતા અશ્વોની રોકડ ચુકવણી થતી ન હતી પણ ભારતીય માલસામાનથી થતી હતી, જેમાં રેશમ, હાથીદાંત અને તેજાનાનો સમાવેશ થતો હતો. ભારતીય ચીજવસ્તુઓની વિશ્વભરમાં સતત માંગ રહેતી હતી.



ચિત્ર-૭ : વિવિધ પ્રદેશના સિક્કાના વિવિધ પ્રકાર

જોકે 'આંશિક મુદ્રીકરણ'ના પુનઃસર્જને આર્થિક વિકાસમાં ફાળો આપ્યો હોવા છતાંય ધીરાણની પદ્ધતિનો સમાંતર વિકાસ ઓછા મહત્ત્વનો ન હતો, જે દ્વારા રોકડા નાણાંને હાથ લગાડ્યા વિના દેવાં અને ધીરાણનું હસ્તાંતરિત કાર્ય થઈ શકતું હતું. આ સમયના ગ્રંથોમાં હૂંડી (વિનિમયની નોંધચિઠ્ઠી) પદ્ધતિના ઉલ્લેખો મળે છે, જેનો ઉપયોગ વાણિજ્યિક લેવડદેવડ માટે વેપારીઓ કરતા હતા. આ પદ્ધતિ મારફતે એક વેપારી બીજા વેપારીને ધિરાણ આપતો હતો (એની શાખ રાખતો હતો) અને આ રીતે ચલણી નાણાંની અછતને કારણે વાણિજ્યના અવરોધો નિવારી શકાતા હતા. બારમી-તેરમી સદીના ગુજરાતના જનજીવન ઉપર પ્રકાશ ફેંકતો ગ્રંથ 'લેખપદ્ધતિ' જમીન, ઘર અને ઢોર ગીરો મૂકીને વાણિજ્યિક સાહસો અને વપરાશ (ખપત) માટે લોન લેવાનાં વિવિધ સાધનોનો ઉલ્લેખ કરે છે.

### 'તમારી પ્રગતિ ચકાસો'-2

1 નવમી અને તેરમી સદીઓ વચ્ચે ભારતમાં કાપડના ઉત્પાદનમાં ગુણવત્તા અને પ્રકાર વિશે ટૂંકમાં ચર્ચા કરો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

2 9મીથી 13મી સદી દરમ્યાન ભારતીય કારીગરોનાં મુખ્ય ધાતુ કામની યાદી કરો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

3 નવમી-તેરમી સદીઓ વચ્ચેના અર્થકારણને આપણે ટંકશાળીય સિક્કાઓ ઉપર સંપૂર્ણ આધારિત છે એમ વર્ણવી શકીએ ?

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

## 3.5 વેપારનાં પાસાં

વધી રહેલાં કૃષિવિષયક ઉત્પાદનો અને ઉદ્યોગો તથા હસ્તકલાની પેદાશોએ પકડેલી ગતિ વિનિમયનાં કેન્દ્રોમાં સોપાનશ્રેણીના પ્રાદુર્ભાવ માટે જવાબદાર હતાં. આ કેન્દ્રો સંબંધિત પ્રદેશની મર્યાદાથી બહાર

કાર્યરત હતાં. આ રીતે આંતર–પ્રાદેશિક અને પ્રદેશ અંતર્ગત વિનિમયની જાળે ઈ.સ. 700થી 900ના સમયના પ્રથમ તબક્કાની સંવૃત્ત ગ્રામીણ અર્થવ્યવસ્થામાં તિરાડ સર્જી.

## 3.5.1 આંતરિક વેપાર

દેશમાંના વેપારમાર્ગોની જાળ મારફતે ઘણી બધી વસ્તુઓનો વેપાર ચાલતો હતો. સૌ પ્રથમ આપણે વેપારની વસ્તુઓની ચર્ચા કરીએ.

### (અ) વેપાર માટેની ચીજવસ્તુઓ અને તેના ગ્રાહકો

સંખ્યાબંધ અભિલેખોમાં વેપારીઓ એક સ્થળેથી બીજા સ્થળે ચીજવસ્તુઓની હેરફેર કરતા અને તેના ઉપર જકાત કે કર પણ આપતા હોવાના ઉલ્લેખો જોવા મળે છે. જે ચીજવસ્તુઓ સાથે લઈ જતા કે લાવતા તેમાં ખાદ્યાન્ન તેલ, માખણ, મીઠું, નાળિયેર, સોપારી, નાગરવેલનાં પાન, મંજિષ્ઠ રંગ, ગળી, ખાંડ, ગોળ, સુતરાઉ દોરા, ધાબળા, ધાતુ, તેજાના વગેરેનો સમાવેશ થાય છે. બારમી સદીના સ્પેનના ખ્રિસ્તી પાદરી બેન્જામીન તુડેલાએ નોંધ્યું છે તે મુજબ ઘઉં, બાજરી અને કઠોળ ઉપરાંત શણના રેસાઓ અને સુતરાઉ કાપડ ભારત પાછા ફરતા વેપારીઓ ઈરાન અખાતમાંથી કિશ ટાપુ ઉપર લાવતા હતા. અલ ઇદ્રિસી બારમી સદીમાં મલબારથી શ્રીલંકા ચોખાનાં વહાણ જતાં હોવાનું નોંધે છે. ઈ.સ. 1330માં ફ્રિયર જોર્ડનુસ લખે છે કે તાડની ખાંડ અને નાળિયેરના રેસા (કાથી માટેના રેસા)ની નિકાસ થતી હતી. માર્કોપોલો નોંધે છે કે ગુજરાત અને મલબાર કાંઠાના ક્વિલોનથી ગળીની નિકાસ થતી હતી. ઉપરાંત વિવિધ સાધનોથી જાણી શકાય છે કે સુતરાઉ કાપડ, શેતરંજી, ચામડાની સાદડી, તલવાર, ભાલા વગેરે વિનિમયની વસ્તુઓ હતી. ઘોડા, હાથી, ઝવેરાત વગેરે જેવી કીમતી વસ્તુઓ પણ વિનિમયનાં વિભિન્ન કેન્દ્રો ઉપર આવતી હતી.

ભારતીય ચીજવસ્તુઓના મુખ્ય ગ્રાહકો અલબત્ત ચીન, ઇજિપ્ત અને અરબ દેશોના સુખી લોકો હતા. ભારતીય વસ્તુઓમાંની ઘણી બધી યુરોપ અને ભૂમધ્ય સમુદ્રના માર્ગે જતી હતી. વિદેશી વેપાર અંગેના મુદ્દાઓની વિગતે ચર્ચા હવે પછી કરીશું. પણ અહીં એ નોંધવું જરૂરી છે કે સ્થાનિક માંગ (વપરાશ) પણ ધ્યાનાર્હ હતી. આઠમી સદીથી શરૂ થયેલી જમીનના અનુદાનની પ્રથાને કારણે ગ્રાહકોનો નવો વર્ગ અસ્તિત્વમાં આવ્યો. પુરોહિતોને અગાઉ એમના સામાજિક અને અન્ય વિધિઓના પુરસ્કારરૂપે માત્ર સામાન્ય દક્ષિણા આપવામાં આવતી હતી, તેઓ હવે (આ સમયગાળા દરમ્યાન), વિશિષ્ટ હક્ક લાભ અને ઘણીબધી જમીન-મિલકતોનો વંશપરંપરાગત અધિકાર ભોગવવા હક્કદાર બન્યા હતા. શાસક વર્ગના મુખીઓ અને અભ્યુદય પામી રહેલા વેપારીવર્ગની સાથોસાથ આ જમીન માલિકી ભોગવતો નવો વર્ગ મોજશોખની અને આવશ્યક વસ્તુઓનો મહત્ત્વનો ખરીદનાર બન્યો હતો કેમ કે હવે તેમની ખરીદશક્તિ સુધરી હતી.

બ્રાહ્મણ અને બિનબ્રાહ્મણ ધાર્મિક સંસ્થાઓ વેચાણલાયક લગભગ બધી જ ચીજવસ્તુઓના મહત્ત્વના ગ્રાહકો તરીકે વિકસ્યા હતા કેમ કે તેઓ સ્થાનિક વેરા અને જમીન આધારિત મિલકતોના સ્વરૂપે વિશાળ સાધનો ઉપર કાબૂ ધરાવતા હતા. કર્મકાંડીય પવિત્રતા જેની સાથે સંકળાયેલી હતી તેવી નાળિયેર, નાગરવેલનાં પાન અને સોપારી જેવી વસ્તુઓ જ આ વર્ગને જોઈતી હતી તેમ નહીં પણ ઈશ્વરને અર્પણ કરવા સારુ મોટા જથ્થામાં અન્ન અથવા વહેંચવા માટે પ્રસાદનીય એટલી જ જરૂર હતી. ધાર્મિક સંસ્થાઓના કાર્યકરો,મોટાં અને મહત્ત્વનાં મંદિરો માટે તો તેમની સંખ્યા સેંકડોની હતી, મોટો ગ્રાહક વર્ગ બન્યા હતા જેમને અન્ન અને કપડાં પૂરું પાડવાનું કામ કારીગરો, ખેડૂતો અને વેપારીઓ કરતા હતા. આમ, મોટાં મંદિરોએ પોતાનાં વ્યાપક સાધનો અને વૈવિધ્યપૂર્ણ જરૂરિયાતોને કારણે વાણિજ્યિક પ્રવૃત્તિઓને વિકસાવવામાં પણ મદદ કરી. આ ઘટના વિશેષરૂપે દક્ષિણ ભારતમાં જોવી પ્રાપ્ત થતી હતી કેમ કે ત્યાં ઘણાં મંદિર સ્થાનો મહત્ત્વનાં વાણિજ્યિક કેન્દ્રો બન્યાં હતાં.

### (આ) વેપારી માર્ગો અને સંપર્કનાં માધ્યમો

માર્ગોની વિશાળ જાળે વિભિન્ન બંદરો, બજારો અને શહેરોને એકબીજા સાથે સાંકળ્યાં અને વેપાર તથા વાણિજ્યની ચેનલ તરીકે કામ કર્યું. સાતમી સદીમાં હિન્દુકુશ ઓળંગીને ભારત આવેલા ચીની યાત્રી યુઆન શ્વાંગના યાત્રામાર્ગથી જુદા જુદા પ્રદેશો વચ્ચેના માર્ગીય સંબંધોની માહિતી દર્શાવાય છે. યુઆન. શ્વાંગે ઉત્તરમાં કાશ્મીરથી, દક્ષિણમાં કાંચી તથા પૂર્વમાં આસામથી પશ્ચિમમાં સિંધ સુધી વિવિધ નગરો અને રાજધાનીઓની મુલાકાત લીધી હતી. ઈ.સ. 953ના એક અભિલેખમાં દર્શાવ્યા મુજબ કર્ણાટક, મધ્ય પ્રદેશ, દક્ષિણ ગુજરાત અને સિંધના સોદાગરો રાજસ્થાનના આહડમાં વેપારી કામકાજ માટે આવતા હતા. કાશ્મીરનો અગિયારમી સદીનો કવિ બિલ્હણ એના કાશ્મીરથી મથુરા સુધીના પ્રવાસ વિશેની જાણકારી આપીને કનૌજ અને પ્રયાગ થઈને તેઓ કેવી રીતે બનારસ પહોંચ્યા તેનું વર્ણન કરે છે. બનારસથી તેઓ ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલા સોમનાથ, ઉજ્જૈન નજીકના ધાર અને અણહિલવાડ પાટણ થઈને પહોંચ્યા હતા. સોમનાથથી તેઓ દરિયા માર્ગે હોનવર (ગોવા) પહોંચ્યા અને ત્યાંથી જમીન માર્ગે પૂર્વ કિનારે આવેલા રામેશ્વરમ્ પહોંચ્યા. છેલ્લે તેઓ પશ્ચિમ ભારતમાં કલ્યાણી આવ્યા અને પશ્ચિમી ચૌલુક્યોના દરબારમાં રહી પડ્યા.

સમકાલીન વેપારી-માર્ગો વિશે અરબી અને ફારસી અહેવાલો આપણને વિગતવાર માહિતી પૂરી પાડે છે. અલબિરૂની (ઈ.સ. 1030) કનૌજ, મથુરા, બયાના વગેરેથી શરૂ થતા પંદર વેપારી માર્ગોનો નિર્દેશ કરે છે. કનૌજથી શરૂ થતો માર્ગ પ્રયાગ થઈને તામ્રલિપ્તી (પશ્ચિમ બંગાળના મિદનાપુર જિલ્લાનું તામલુક) બંદર સુધી જાય છે. અહીંથી આ માર્ગ પૂર્વ કાંઠાને સમાંતર થઈ દક્ષિણમાં કાંચી સુધી પહોંચે છે. ઉત્તર-પૂર્વ તરફ આ માર્ગ આસામ સુધી જાય છે. નેપાળ અને તિબ્બતથી ચીન સુધી રસ્તો પહોંચે છે. ઉત્તર-પશ્ચિમમાં બલ્ખ સુધી પહોંચતા રસ્તા ઉપર કનૌજ અને મથુરા આવેલાં છે. આ માર્ગ પેશાવર અને કાબુલને જોડે છે અને છેવટે રેશમ-માર્ગ ચીનને યુરોપ સાથે સાંકળે છે. આ ઉત્તર-પશ્ચિમ માર્ગ પ્રાક્–ગુપ્તકાલની સદીઓ દરમ્યાન ભારત અને મધ્ય એશિયા વચ્ચે વાણિજ્યિક પ્રક્રિયાની મુખ્ય ચેનલ હતી. અભ્યાસ હેઠળના સમયગાળા દરમ્યાન આ માર્ગ ઉપર અરબ અને તુર્કી સોદાગરોનું પ્રભુત્વ હતું, જેમણે પર્શિયા, બલખ અને બીજા પ્રદેશોમાંથી ઘોડાઓ લાવવા આનો ઉપયોગ કર્યો હતો. રાજસ્થાનના બયાનાથી શરૂ થતો માર્ગ મારવારમાંથી પસાર થઈને સિંધમાં વર્તમાન બંદર કરાંચી સુધી પહોંચે છે. આ માર્ગની એક શાખા અરવલ્લીના ડુંગરોની પશ્ચિમ તળેટીમાં સ્થિત આબુ ગામેથી પસાર થઈ ગુજરાતનાં બંદરો અને શહેરોને બયાના, મથુરા અને ઉત્તર તથા ઉત્તર પશ્ચિમ ભારતનાં ઘણાં સ્થળો સાથે જોડે છે. બીજો એક માર્ગ મથુરા અને પ્રયાગથી શરૂ થઈ ઉજ્જૈનથી પશ્ચિમ કાંઠાના ભરૂચ બંદરે પહોંચે છે. આ બધા માર્ગોએ ભારતના આંતરિક વેપારને આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માટે ખુલ્લો મૂકવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે, જેણે દશમી સદી પછીના સમયમાં નવાં પરિમાણો સંપાદિત કર્યાં. જમીન માર્ગો ઉપરાંત ઉત્તર ભારતનાં મેદાનોમાંની નદીઓ અને દક્ષિણ ભારતના પૂર્વ અને પશ્ચિમ કાંઠાના દરિયાઈ માર્ગોએ પણ આંતર-પ્રાદેશિક સંપર્કો માટે મહત્ત્વની કામગીરી બજાવી.

પૂર્વકાલીન ભારતમાં પ્રવાસમાં અનુભવાતા આનંદ અને યાતનાનો મુખ્ય આધાર વેપારી માર્ગોની ભૌગોલિક પરિસ્થિતિ ઉપર હતો. રણ પ્રદેશ અને ડુંગરાળ વિસ્તારમાં પ્રસાર થતા માર્ગો ખરેખર મુશ્કેલ અને કઠિન હતા. મેદાનોમાં બળદગાડું વાહનવ્યવહારનું મુખ્ય સાધન હતું, પણ જ્યાં તેઓ પ્રાણીઓનો ઉપયોગ કરી શકતા ન હતા ત્યાં એક સ્થાનેથી બીજા સ્થાને ચીજવસ્તુઓને લઈ જવામાં માણસોનો ભારવાહક તરીકે ઉપયોગ થતો હતો. સમકાલીન સાહિત્યમાં વિવિધ પ્રકારની હોડીઓના ઉલ્લેખ છે. આ હોડીઓનો ઉપયોગ નદીમાર્ગો માટે અને મોટાં વહાણોનો ઉપયોગ દરિયાઈમાર્ગો માટે થતો હતો.

દશમી સદીના અનુકાલમાં મહત્ત્વનો વિકાસ જે જોવા મળે છે તે છે પોતાના રાજ્યના ધોરીમાર્ગો સલામત રાખવામાં શાસકોને સક્રિય રસ. પોતાના રાજ્યવિસ્તારમાંથી અવરજવર કરતા સૌદાગરો અને મુસાફરોના રક્ષણ માટે ગ્રામજનોને લશ્કરી અને નાણાકીય સહાય પૂરી પાડવામાં અને ચોર તથા લૂંટારાઓને સજા કરવાનાં પગલાં લેવામાં રાજાઓ તત્પર હતા. ગુજરાતના ચૌલુક્ય રાજાઓએ ધોરીમાર્ગોની દેખરેખ રાખવા સારુ **'જિલ્લા-પથ-કરણ'** નામનું અલગ ખાતું રાખ્યું હતું. પોતાના રાજ્યમાં મહત્ત્વનાં બંદરો અને બજારોને સાંકળવા માટે નવા માર્ગો રાજાઓએ બંધાવ્યા અને યાત્રાળુઓના લાભાર્થે તળાવો અને કૂવાઓ ખોદાવ્યાં. રાજ્યનાં મહેસૂલી આવકમાં વેપાર મહત્ત્વનું સાધન હોઈ રાજકીય સત્તાધીશો, વેપારીઓ અને સોદાગરોના કલ્યાણ અને સલામતી માટે ચિંતિત હતા. ખંભાતનું બંદર ચાંચિયાથી મુક્ત હતું. એવો માર્કોપોલોનો સંદર્ભ એવું સૂચવે છે કે ભારતીય રાજાઓ પોતાનાં બંદરોની ચાંચિયાઓથી સલામતી માટે સજાગ હતા. દક્ષિણ ચીનથી પર્શિયન અખાત સુધીનો સમગ્ર દરિયાઈમાર્ગ ચાંચિયાઓના ભયથી મુક્ત ન હતો.

## 3.5.2 દરિયાઈ વેપાર

અભ્યાસ હેઠળના સમયગાળા દરમ્યાન મોટાભાગની વેપારી પ્રવૃત્તિઓ દરિયાઈમાર્ગ દ્વારા થતી હતી. અહીં આપણે દરિયાઈ વેપારમાં સંલગ્ન મુખ્ય દેશોની ચર્ચા કરીશું. આ ઉપરાંત વેપાર માટેની ચીજવસ્તુઓ, મુખ્ય બંદરો અને દરિયાઈ માર્ગોની સલામતીની પણ ચર્ચા કરીશું. દરિયાઈ માર્ગોના મુખ્ય ભાગીદારોની ચર્ચાથી આપણે શરૂ કરીએ.

### (અ) મુખ્ય ભાગીદારો

આ સમયગાળા દરમ્યાન એશિયાના બે છેડાઓ–એક તરફ ઈરાની અખાત અને બીજી બાજુ દક્ષિણ ચીન-વચ્ચે દરિયાઈ વેપારનો ઘણો વિસ્તાર થયો હતો. ભારત જે આ બંને છેડાઓની મધ્યમાં આવેલો દેશ છે તેને આ વેપારથી ઘણો જ ફાયદો થયો હતો. લાંબી દરિયાઈ મુસાફરીથી પડતી મુશ્કેલીઓને ઓછી કરવાના આશયથી વહાણો ભારતના દરિયાકાંઠે લાંગરવામાં આવતાં હતાં.

આ સદીઓ દરમ્યાનનો એશિયાઈ વેપાર મુખ્યત્વે અરબ પ્રભુત્વ હેઠળ હતો. આઠમી સદીમાં સૌરાષ્ટ્રના દરિયાઈ કાંઠાના વલ્લભીના મહત્ત્વના બંદર અને વેપારનો વિનાશ કર્યા પછી તેઓ જાતે અરબી સમુદ્રમાં દરિયાઈ વેપારનું મુખ્ય પરિબળ બની રહ્યા. આ વેપારમાં ચીન પણ મહત્ત્વનું ભાગીદાર બન્યું અને

દક્ષિણ-પૂર્વ એશિયા તથા ભારત સુધી પોતાનાં વહાણો મોકલવાનું ચીને શરૂ કર્યું. જોકે તેથી અરબોની સ્થિતિમાં કોઈ ફેર પડયો નહીં; બલકે, અરબોએ એશિયાઈ વેપાર ઉપર પોતાનું શ્રેષ્ઠ પ્રભુત્વ જાળવી રાખવાનું ચાલુ રાખ્યું.

ભારતીય સાધનોમાંની છૂટીછવાઈ માહિતી અને વિદેશી અહેવાલોમાંની નોંધ સૂચિત કરે છે કે અરબ વેપારીઓની સુદૃઢ હરીફાઈ છતાંય ભારતીય વેપારીઓ દરિયાપારના દેશો સુધી દશમી સદીથી વેપાર માટે જતા હતા.

દશમી સદીનો અરબી લેખક અબુ ઝઈદે ભારતીય વેપારીઓ ઈરાની અખાતના સિરાફની મુલાકાત લેતા હતા એવા ઉલ્લેખ કરે છે. ચૌદમી સદીનો બીજો લેખક ઇબ્ન બતૂતા નોંધે છે કે રાતા સમુદ્રના એડનમાં ભારતીય વેપારીઓની વસાહત હતી. ચૌદમી સદીનો એક ગુજરાતી ગ્રંથ કચ્છના જગડુ શેઠ નામના વેપારીનો ઉલ્લેખ કરે છે જેણે હોરમુઝમાં સ્થાયી થયેલા ભારતીય એજન્ટોની મદદથી પર્શિયા સાથે વેપાર કર્યો હતો. દક્ષિણ ભારતમાં ચોલ વેપારીઓએ દરિયાઈ વેપારમાં સક્રિય રસ લીધો હતો. મલાયા અને સુમાત્રામાંથી મળેલા તમિલ અભિલેખો આ દેશો સાથેના તામિલ વેપારી કોમોની વાણિજ્યિક પ્રવૃત્તિનો નિર્દેશ કરે છે. ચોલ રાજાઓએ પણ ચીનમાં ઘણાં પ્રતિનિધિ મંડળો મોકલ્યાં હતાં, જેથી ચીન સાથેના તેના આર્થિક સંબંધો સુધારી શકાય. અગિયારમી સદીમાં શ્રીવિજય સામ્રાજ્ય સામે નૌકાસૈન્યનો કાફલો તેમણે મોકલ્યો હતો જેથી કરીને પોતાના વેપાર સારુ ચીન સુધીનો દરિયાઈ માર્ગ સલામત બનાવી શકાય. જો કે હકીકતમાં ભારતીય વેપારીઓની ભૌતિક ભાગીદારીના ઉલ્લેખો ઘણા ઓછા છે. આથી ભારતીય માલની માંગ ઓછી તો ના થઈ પણ અરબો અને ચીનીઓ મારફતે બહારની દુનિયા સુધી માલ પહોંચ્યો હતો.

## (આ) માલસામાનની અદલાબદલી

એશિયાઈ વેપાર સાથે સંલગ્ન વસ્તુઓને લાગેવળગે છે તે સંદર્ભે ચીની ગ્રંથો સૂચવે છે કે ચીન અને દક્ષિણ-પૂર્વ એશિયામાંથી મલબાર કાંઠે રેશમ, કપૂર, ચિનાઈ માટીનાં વાસણો, લવિંગ, મીણ, સુખડનું લાકડું, એલચી વગેરે વસ્તુઓ ઊતરતી હતી. આમાંની મોટા ભાગની વસ્તુઓ અરબ દેશોમાં નિકાસ થતી હતી, જ્યારે થોડીક વસ્તુઓ ભારત માટે જ હતી. દા.ત. રેશમ, જેની સ્થાનિક બજારોમાં ઘણી મોટી માંગ રહેતી હતી. માર્કોપોલો આપણને જણાવે છે કે પૂર્વમાંથી ગુજરાતમાં ખંભાતના બંદરે આવતાં વહાણો બીજી ચીજવસ્તુઓ સાથે સોનું, ચાંદી, તાંબું પણ લાવતા હતા. કલાઈ બીજી એક એવી ધાતુ હતી જે દક્ષિણ-પૂર્વ એશિયામાંથી ભારત આવતી હતી.

પૂર્વનાં ઉત્પાદનો માટે આના બદલામાં ભારત તેજાના અને સુગંધી દ્રવ્યો, ખાસ કરીને મરી મોકલતું હતું. માર્કોપોલો અનુસાર એકલા કિન્સે શહેરમાં રોજિંદા વપરાશમાં 10,000 પાઉન્ડનાં મરીનો ઉપયોગ થતો હતો. તેરમી સદીનો ચીની બંદર અધિકારી ચાઉ જુ કુઆ આપણને જણાવે છે કે ગુજરાત, માળવા, મલબાર અને કોરોમાંડલ સુતરાઉ કાપડ ચીન મોકલતું હતું. ઇબ્ન બતૂતા (ઈ.સ. 1333)એ નોંધ્યા મુજબ સરસ વણાટનું સુતરાઉ કાપડ વિરલ હતું અને ચીની શહેરોમાં રેશમ કરતાં એની કિંમત ઘણી ઊંચી હતી. ભારત આ ઉપરાંત હાથીદાંત, ગેંડાનાં શીંગડાં અને કીમતી અને ઓછાં કીમતી પથ્થરો ચીન માટે નિકાસ કરતું હતું.

ખંભાત, સોમનાથ અને જૂનાગઢમાં પ્રાપ્ત સંખ્યાબંધ અરબી અભિલેખો નોંધે છે કે પર્શિયાના અખાતમાંથી ઘણા વેપારીઓ અને વહાણવટીઓએ બારમી અને તેરમી સદીઓ દરમ્યાન પશ્ચિમ ભારતની મુલાકાત લીધી હતી. ઈરાની અખાતમાંના હોરમુઝથી ગુજરાતના કાંઠે આવતાં વહાણોનો ઉલ્લેખ **'લેખ પદ્ધતિ'**માં જોવા મળે છે.

અરબી અને પશ્ચિમ જગત સાથેના વેપારની ચીજવસ્તુઓ સંબંધમાં યહૂદી વેપારીઓ ભારતના પશ્ચિમ કાંઠેથી યુરોપીય બજારોમાં ઘણો માલસામાન લઈ જતા હતા. આ વેપારી ચીજોમાં તેજાના, સુગંધી દ્રવ્યો, રંગ, ઔષધીય મૂળિયાં, કાંસું, પિત્તળનાં વાસણો, કાપડ, મોતી, મણકા, નાળિયેર વગેરેનો સમાવેશ થતો હતો. ભારત સાગના લાકડાંની નિકાસ કરતું હતું, જેનો વહાણો બાંધવાનાં અને ઘરો બાંધવામાં ઉપયોગ થતો હતો, ખાસ કરીને પર્શિયન અખાત અને દક્ષિણ એરેબિયા જેવા નિર્વૃક્ષ વિસ્તારોમાં ચોખા જેવાં વધારાનાં ખાદ્યાન્ન પણ ભારતીય બંદરોથી, અન્ય કાંઠાળા વિસ્તારોમાં જ્યાં જરૂરિયાતના પ્રમાણમાં ખાદ્યાન્ન ઉત્પન્ન થતું ન હતું ત્યાં, મોકલવામાં આવતાં હતાં. ગુજરાતમાં ઉત્પન્ન થતાં સુંદર અને ભરતકામ-યુક્ત ચર્મ–સાદડીઓ માર્કોપોલો અનુસાર અરબ દેશોમાં ઊંચી કિંમતે વેચાતી હતી. પશ્ચિમી દેશોમાં જેનું મોટું બજાર હતું તે તલવાર અને ભાલા જેવા લોખંડ અને સ્ટીલના ઉત્પાદન માટે પણ ભારત જાણીતું હતું.

પશ્ચિમમાંથી આયાત થતી ચીજવસ્તુઓને લાગેવળગે છે તેમાં સહુથી મહત્ત્વની વસ્તુ હતી ઘોડો. આઠમીથી તેરમી સદી દરમ્યાન સામંતો અને ઉમરાવોની સંખ્યામાં વધારો થતાં ઘોડાની માંગ પણ ઘણી વધી હતી.

જમીન અને દરિયાઈ ઉભય માર્ગેથી ઘોડાઓની આયાત થતી હતી. ઇબ્ન બતૂતા જણાવે છે તે મુજબ ઉત્તર-પશ્ચિમી જમીન માર્ગો મારફતે આવતા ઘોડાના વેપારીઓ ઘણો નફો રળતા હતા. અરબ લેખક વસફ (ઈ.સ. 1328) અનુસાર દશ હજારથી વધારે ઘોડા દર વર્ષે કોરો માંડલ કાંઠે, ખંભાત અને ભારતનાં બીજાં બંદરોએ તેરમી સદીમાં લાવવામાં આવતાં હતાં. બેહરીન, મસ્કત, એડન, પર્શિયા વગેરે સ્થળોએથી ઘોડાની આયાત થતી હતી. ઘોડાઓ ઉપરાંત ખજૂર, હાથીદાંત, પરવાળાં, નીલમ વગેરે પણ ભારતમાં પશ્ચિમમાંથી લાવવામાં આવતાં હતાં.



ચિત્ર-10 : તિરુનેલવેલી જિલ્લામાં આવેલા થિરુપ્પુડાઈમરુથુર મંદિરમાંનું સોળમી સદીનું ચિત્ર, જેમાં વહાણમાં અરબ સોદાગરો અને ઘોડાઓનું દશ્ય જોવું પ્રાપ્ત થાય છે.

## (ઇ) બંદરો

ભારતના દરિયાઈ કાંઠા ઉપર ઘણાં બંદરો હતાં. આ બંદરો એક તરફ આંતરિક વેપારની પ્રવૃત્તિઓને સહાયરૂપ હતાં તો બીજી બાજુ પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના વેપાર માટે સાંકળરૂપ હતાં. હકીકતમાં, પ્રત્યેક ખાડી વહાણોને લાંગરવા માટેની સલામત સગવડ પૂરી પડાતી હતી, જે અંતે તો રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં બંદરો તરીકે વિકાસ પામ્યાં હતાં.

સિંધુ નદીના મુખ ઉપર દેબલ મહત્ત્વનું બંદર હતું. બારમી સદીના અરબી લેખક અલ ઇદ્રિસી મુજબ અરબસ્તાન, ચીન અને ભારતનાં અન્ય બંદરોનાં વહાણો અહીં આવતાં હતાં. ગુજરાતના દરિયાકાંઠાનાં મુખ્ય બંદરોમાં સોમનાથ, ભરૂચ અને ખંભાતનો સમાવેશ થતો હતો.

પૂર્વમાં ચીન સાથે અને પશ્ચિમમાં આફ્રિકાના ઝાંબિયા સાથે સોમનાથ બંદરનો સંપર્ક હતો. ભરૂચ અથવા પૂર્વકાલીન ભૃગુકચ્છનો ઇતિહાસ ઘણો લાંબો છે. અરબ સાધનોમાં ખંભાતને **ખંબાયત** તરીકે ઓળખાવાયું છે, જ્યારે સંસ્કૃતમાં તેને **સ્તંભતીર્થ** તરીકે ઓળખાવ્યું છે. ખંભાત અંગેનો પૂર્વકાલીન ઉલ્લેખ નવમી સદીનો છે. ભારતના પશ્ચિમ કાંઠા ઉપર સોપારા અને થાણા પણ મહત્ત્વનાં બંદરો હતાં.

મલબાર કિનારે ક્વિલોન મહત્ત્વના બંદર તરીકે વિકસ્યું હતું. અરબ લેખકો જણાવે છે તે અનુસાર પશ્ચિમમાંથી આવતાં વહાણો ક્વિલોન બંદરે તાજું પાણી લેવા રોકાતાં હતાં અને તે પછી દક્ષિણ-પૂર્વ એશિયાના કેદાહ તરફ હંકારી જવાતાં હતાં. એવી જ રીતે ચીની સાધનો (તેરમી સદીનાં) પણ જણાવે છે કે અરબ દેશોમાં જતા ચીની સોદાગરોનાં વહાણ ક્વિલોન બંદરે બદલવામાં આવતાં હતાં.

દશમી અને તેરમી વચ્ચેની ત્રણ સદીઓ દરમ્યાન કોરોમાંડલનો દરિયાકિનારો પૂર્વ અને પશ્ચિમમાંથી આવતાં વહાણો માટે વ્યવહારમાં ક્લિયરિંગ હાઉસ તરીકે વિકાસ પામ્યો હતો. અરબી લેખક વસ્સફના જણાવ્યા મુજબ પર્શિયન અખાતના આઈસલેસની માલમિલકત અને યુરોપ સુધીના બીજા દેશોની સૌંદર્ય ચીજો કોરોમાંડલના કિનારેથી લાવવામાં આવતી હતી. આ વિસ્તારનું અગત્યનું બંદર હતું નાગપટ્ટીનમ્,

પુરી અને કલિંગપટ્ટમ્ ઓરિસાના દરિયાકાંઠાનાં મુખ્ય બંદરો હતાં. બંગાળમાં તામ્રલિપ્તિનું ભવિષ્ય પુનર્જીવિત થઈ રહ્યું હતું પણ કેટલાક વિદ્વાનોના મત મુજબ સપ્તગ્રામ નામના બીજા બંદરથી એનું મહત્ત્વ ઘટ્યું હતું.

### (ઈ) સોદાગરોની સલામતી અને બાંયધરી

મબલક આવકને ધ્યાનમાં રાખીને સમકાલીન રાજકીય સત્તાઓ વિદેશી વેપાર સાથે સંલગ્ન વેપારીઓને સુવિધાઓ-સગવડો પૂરી પાડવામાં સક્રિય રસ ધરાવતી હતી. ગુજરાતના ચૌલુક્ય શાસકોએ (10મીથી 13મી સદી) રાજ્યની દેખરેખ હેઠળ બંદરોનું અલગ ખાતું (વેલકુલકરણ) સ્થાપ્યું હતું. દક્ષિણ ભારતમાં પણ ચોળ રાજાઓ પોતાનાં બંદરોની વ્યવસ્થા શાહી અધિકારીઓ મારફતે કરતા હતા. આ અધિકારીઓ સ્થાનિક વેપારી સંગઠનોની મદદથી વિદેશી સોદાગરોની ખાતરબરદાસ્ત કરતા હતા અને બંદરકર પણ ઉઘરાવતા હતા. અરબ લેખકો એકમ તે રાષ્ટ્રકૂટ રાજાઓની અરબો પ્રત્યેની શાંતિ અને સહિષ્ણુ-નીતિનાં ભરપટે વખાણ કરતા હતા. ગુજરાતના ચૌલુક્ય રાજાઓએ પણ પોતાના રાજ્યમાં મુસ્લિમ વેપારીઓને ધાર્મિક અને આર્થિક સ્વતંત્રતા આપી હતી. ઈબ્ન બતૂતાના જણાવ્યા અનુસાર જ્યારે કોઈ વિદેશી સોદાગર મૃત્યુ પામતો ત્યારે તેની મિલકત જપ્ત કરવામાં આવતી ન હતી પણ તેને સલામત રીતે સાચવીને મૃત વ્યક્તિના વારસદારોને સોંપી દેતા હતા. આંધ્ર પ્રદેશના ગૂન્તૂર જિલ્લાના મોટુપલ્લીમાંથી હાથ લાગેલા ઈ.સ. 1244ના એક અભિલેખ મુજબ વંટોળમાં ફસાયેલાં વહાણોને રક્ષણની ખાતરી અપાતી હતી અને વિદેશી સોદાગરોનો વિશ્વાસ સંપાદન કરવા નિમિત્તે સ્થાનિક કાનૂન અનુસાર કર ઉઘરાવવાનું વચન પણ અપાતું હતું.

## 3.5.3 શહેરોનું પુનર્જીવન

ઈ.સ. 900થી 1300 દરમ્યાનનો બીજો તબક્કો અગાઉની બે સદીઓ કરતાં ભિન્ન હતો; ખાસ કરીને શહેરી કેન્દ્રોના વિશિષ્ટ પુનર્જીવનની દૃષ્ટિએ. આ પુનર્જીવન અખિલ ભારતીય ઘટના બની રહી. ભારતીય ઉપખંડનું આ 'ત્રીજું શહેરીકરણ' તરીકે આ ઘટનાને ઓળખવામાં આવે છે. (વિગતો, માટે એકમ 2 જોવું).

### 'તમારી પ્રગતિ ચકાસો'-3

1. (અ) અભિલેખોમાં ઉલ્લિખિત જમીનમાર્ગના વેપારની મુખ્ય ચીજોની યાદી બનાવો.

.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................

1. (આ) વેપારની પ્રવૃત્તિઓને ધાર્મિક સંસ્થાઓએ કેવી સહાય કરી હતી ?

.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................

2. વેપારાર્થે ઉપયોગમાં લેવાતા મુખ્ય જમીનમાર્ગોની સંક્ષેપમાં ચર્ચા કરો.

.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................

3. પ્રસ્તુત વિધાન સાચાં છે (✔) કે ખોટાં (X) તે નિશાનીથી જણાવો.

(1) ચીની અને અરબ સોદાગરો મારફતે ભારતીય ચીજવસ્તુઓ સમસ્ત વિશ્વમાં પહોંચતી હતી.

(2) દરિયાપારની મુખ્ય વેપારી પ્રવૃત્તિઓ ભારતીય સોદાગરો હસ્તક હતી.

(3) મલાયા અને સુમાત્રાના કેટલાક અભિલેખો તામિલ વેપારીઓની હાજરીની નોંધ લે છે.

(4) એડનમાં ભારતીય વેપારીઓની વસાહત હતી.

4. (અ) ભારતમાં અશ્વની આયાતી વિશે પાંચ પંક્તિ લખો.

.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................

4. (આ) અભ્યાસ હેઠળના સમયગાળાના ભારતના પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણના દરિયાકાંઠાનાં બે બે બંદરો જણાવો.

.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................
.......................................................................................

## 3.6 સારાંશ

ઈ.સ. 700થી 1300 દરમ્યાનના વેપાર અને વાણિજ્યનો પ્રસ્તુત અભ્યાસ આટલી બાબતો વિશે ધ્યાન ખેંચે છે :

- આંતરિક અને વિદેશી વેપારના બે તબક્કા વિશે.
- વેપારની કામગીરીમાં ધાતુનું ચલણ અને વિનિમયનાં અન્ય માધ્યમોના ઉપયોગનાં સ્વરૂપ અને વિસ્તાર વિશે.
- કૃષિ વિસ્તરણના પ્રદાન વિશે અને વેપારની વૃદ્ધિની પ્રક્રિયામાં કૃષિવિષયક ઉત્પાદનના વધારા અંગે.
- સદીઓ દરમ્યાન શહેરોની સ્થિતિ ઉપર વેપાર અને વાણિજ્યના પ્રભાવ વિશે.

અધ્યયન હેઠળની છ સદીઓ દરમ્યાનનું વેપાર અને વાણિજ્યનું સર્વગ્રાહી ચિત્ર સામંતી પ્રકારનું હતું. જે રીતે નાણાંની હેરાફેરી થતી હતી, રાજ્યના અધિકારી અને શાસક મુખીઓ સહિત ભૂમિગત પ્રવૃત્તિઓનો જે રીતે દોરીસંચાર થતો હતો, મોટા વેપારીઓ અને સોદાગરોના લાભાર્થે શાસક અગ્રણીઓ તરફથી થતી કામગીરી અને કારીગરો અને કામદારો ઉપર મૂકવામાં આવતાં બંધનો સામંતી પ્રક્રિયાનાં ચિહ્નો હતાં.

## 3.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **ઘાનક** : તેલની મિલ
- **જલપથકરણ** : રાષ્ટ્રીય માર્ગોની દેખરેખ રાખતું ખાતું / રાખતો અધિકારી
- **બજાર** : એવી જગ્યા જ્યાં નિયમિત ધોરણે ચીજવસ્તુઓની ખરીદી અને વેચાણ થતાં.
- **તેલ્લિકા** : તેલ સાથે સંલગ્ન વ્યક્તિ
- **વેલકુલકરણ** : બંદરોનું ખાતું / બંદરોની સંભાળ રાખતો અધિકારી.

## 3.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો'-1

1. પ્રથમ તબક્કો વેપારની પડતી, ધાતુનું નાણું અને શહેરી કેન્દ્રોથી જાણીતો હતો તો બીજો તબક્કો આ બધાથી વિપરીત રીતે જાણીતો હતો. (3.2)
2. 1 ✔ 2 X 3 ✔ 4 X (ઉપરાંત જુઓ પેટા એકમ 3.3.1)
3. ઉત્તર-પશ્ચિમમાં અરબોની ઉપસ્થિતિ અને દરિયાઈ આક્રમણોએ ભારતીય વેપાર ઉપર વિપરીત અસર કરી. જોકે દશમી સદીથી ભારતીય દરિયાઈ વેપારને તેથી ફાયદો થયો (જુઓ 3.3.2).
4. શહેરોની પડતીનું મુખ્ય કારણ વેપારની પડતી હતું. (જુઓ 3.3.2)

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. ભારતે સુતરાઉ કાપડ અને રેશમ ઉત્પાદિત કર્યું. તેની ગુણવત્તા જગતના ઉત્તમ કાપડ સાથે સરખાવી શકાય તેવી હતી (જુઓ 3.4.1)
2. લોખંડ, તાંબું, સોનું, ચાંદી વગેરે મુખ્ય ધાતુકામની ચીજો હતી. (3.4.2)
3. ટંકશાળીય નાણાંમાં નોંધપાત્ર વધારો થયો પણ ઘણા બધા સોદા ચીજવસ્તુઓના વિનિમયથી થતા હતા. ટંકશાળમાં તૈયાર થયેલાં નાણાં ઉપર અર્થતંત્ર સંપૂર્ણ નિર્ભર ન હતું. (જુઓ 3.4.2)

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. (અ) પેટા વિભાગ 3.5.1 (અ) સાથે સરખાવો.
1. (બ) પોતાનાં વ્યાપક સાધનો મારફતે ધાર્મિક સંસ્થાઓએ ઘણી બધી ચીજવસ્તુઓની માગણીને નિર્માણ કરી. (જુઓ 3.5.1.અ)
2. સમકાલીન સાધનોમાં સંખ્યાબંધ માર્ગોનો નિર્દેશ છે. (3.5.1.બ)
3. 1 ✔ 2 X 3 ✔ 4 ✔
4. (અ) જુઓ પેટા વિભાગ 3.5.2.બ.
4. (આ) પશ્ચિમ ભરૂચ, ખંભાત, પૂર્વ-પૂરી, કલિંગ પતોર, દક્ષિણ કિવલોન, કોરોમાંડલ.

# એકમ 4 _ વેપારી કોમો અને સંગઠનો (Trading Communities and Organisations)

રૂપરેખા


4.0 હેતુઓ

4.1 પ્રાસ્તાવિક

4.2 સાંકળરૂપ વેપારી

4.3 પ્રથમ તબક્કા દરમ્યાન સોદાગરોની સ્થિતિ (ઈ.સ. 700–900)

4.4 દ્વિતીય તબક્કા દરમ્યાન સોદાગરોની સ્થિતિ (ઈ.સ. 900–1300)

4.5 સોદાગરોનું સમાજક્ષેત્રે પ્રદાન

4.6 વેપારીઓનાં સંગઠનો

4.6.1 શ્રેણીઓ : વ્યાખ્યા અને કામગીરી

4.6.2 દક્ષિણ ભારતમાં વેપારી શ્રેણીઓનું સંગઠન

4.7 વેપારીઓ અને કલાકારીગરો વચ્ચેનો સંબંધ

4.8 સારાંશ

4.9 ચાવીરૂપ શબ્દો

4.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 4.0 હેતુઓ

આ એકમના અધ્યયનથી તમે આટલી બાબતો સમજી શકશો :

1. ઈ.સ. 700થી 900 અને 900થી 1300 દરમ્યાનના બે મુખ્ય તબક્કાઓ દરમ્યાન સમાજમાં વેપારીઓ અને સોદાગરોની સાપેક્ષ સ્થિતિ.
2. વેપારી કોમોની પ્રાદેશિક લાક્ષણિકતાઓ.
3. સોદાગરો અને વેપારીઓના પ્રકાર.
4. વેપારીઓનાં વર્તન અને ચારિત્ર્ય.
5. ઉત્તર અને દક્ષિણ ભારતમાં વેપારી શ્રેણીઓ અને તેમની કામગીરી (કાર્યક્ષેત્ર).
6. હસ્તકારીગર અને યાંત્રિક કારીગર ઉપર વેપારીઓનું પ્રભુત્વ.

## 4.1 પ્રાસ્તાવિક

આ વિભાગનાં એકમ બે અને ત્રણ આર્થિક પ્રવૃત્તિમાં વેપાર અને વાણિજ્યની ભૂમિકાને સમજાવે છે અને તે ઉપરાંત શહેરો અને નગરોના વિકાસ સાથેના તેના સંબંધની માહિતી આપે છે. સામંતી વલણોના સર્વગ્રાહી વિકાસમાં તેમના સ્થાન વિશે પણ ચર્ચા થઈ છે. પ્રસ્તુત એકમને (અથવા એકમ ચાર) આપણે બક્ષિસ પાસા તરીકે અવલોકીશું. આપણે અહીં સમાજમાં વેપારીઓ અને સોદાગરોની ભૂમિકાની મર્યાદા સંબંધી ચર્ચા કરવાનો પ્રયાસ કરીશું; ખાસ કરીને તેમની સંગઠિત આર્થિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં. સદીઓ દરમ્યાન એમની સાપેક્ષ સ્થિતિ આવેલા ચડાવઉતારની ચર્ચા પણ કરી છે. આ એકમમાં નાના હસ્તકલાકારો અને યાંત્રિક કારીગરો ઉપર મોટા સોદાગરોના વધુ પડતા પ્રભાવ તરફ ખાસ ધ્યાન દોરવાનો પ્રયત્ન કર્યો છે.

## 4.2 સાંકળરૂપ વેપારી

ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે સોદાગરો મહત્ત્વની સાંકળરૂપ હતા. જુદા જુદા વિસ્તારોમાંથી વેપારીઓ. હસ્તકારીગરો અને યાંત્રિક કારીગરોના ઉત્પાદનને અને કૃષિનીપજ બચતને એકઠી કરતા હતા અને દૂરના વિસ્તારો સુધી એનું વિતરણ પણ કરતા હતા. માત્ર તૈયાર માલ જ નહીં પણ કાચા માલનો તેઓ વેપાર કરતા હતા અને આ રીતે અર્થકારણના વિકાસમાં એમની ભૂમિકા મહત્ત્વની રહી હતી.

અભ્યાસ હેઠળના સમયગાળાના પૂર્વાર્ધમાં ચીજવસ્તુઓને એકઠી કરવાની અને તેના વિતરણની પ્રક્રિયામાં ઘણાબધા નાનામોટા તથા સ્થાનિક તેમ જ આંતર પ્રદેશીય વેપારીઓની સામેલગીરીની જરૂર હતી. એક તરફ ફેરિયાઓ છૂટક વેચનારાઓ અને બીજા નાના વેપારીઓ હતા તો બીજી બાજુ મોટા સોદાગરો અને યાત્રિક-વેપારી હતા. સમાજમાંની વેપારીઓ અને સોદાગરોની સાપેક્ષ સ્થિતિનો સંબંધ, એકમ ત્રણમાં દર્શાવ્યા પ્રમાણે, વાણિજ્યિક પ્રવૃત્તિના બે તબક્કાઓ સાથે હતો. એમની ભૂમિકા ઉપર પ્રથમ તબક્કા (ઈ.સ. 700થી 900) દરમ્યાન મર્યાદિત વાણિજ્યિક ફેરબદલાને કારણે વિપરીત અસર થઈ હતી તો બીજા તબક્કા (ઈ.સ. 900થી 1300) દરમ્યાન વેપારના પુનર્જીવનને કારણે વેપારી કોમોના મોભા, અસરકારકતા અને તાકાતમાં ગણનાપાત્ર વધારો થયો હતો. પૂર્વ સમયના ભારતીય ગ્રંથો નોંધે છે કે ખેતી અને પશુપાલન સાથેનો વેપાર વૈશ્યો માટે આજીવિકાનું કાયદેસરનું સાધન હતું. સાતમી સદીમાં ચીની યાત્રી યુઆન શ્વાંગ લાક્ષણિકતાથી જણાવે છે કે વૈશ્યો વેપારીઓ હતા અને શૂદ્રો ખેડૂતો હતા. જો કે આ બંનેની પરસ્પરની નજદીક આવવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી હતી અને દારૂ, મધ, મીઠું અને અન્ય વસ્તુઓનો વેપાર શૂદ્રોએ હાથ ધર્યો હતો. બ્રાહ્મણધર્મીય વર્ણો વચ્ચેની મર્યાદા તૂટતી જતી હતી, ખાસ કરીને અનુગુપ્તકાલની સદીઓમાં અને લોકો વર્ણવ્યવસ્થાની સરહદો ઓળંગીને બીજી જ્ઞાતિના વ્યવસાયો અપનાવવા લાગ્યા. બધાં જ વર્ણો અને બધી જ જ્ઞાતિઓના લોકો વેપાર કરવા લાગ્યા. કેટલાકને વેપાર કરવાની ફરજ પડી તો કેટલાકને બીજી આર્થિક પ્રવૃત્તિઓને સ્થાને વેપાર વધારે નફાકારક જણાયો.

## 4.3 પ્રથમ તબક્કા દરમ્યાન સોદાગરોની સ્થિતિ (ઈસવી. 700થી 900)

આ સમયગાળા દરમ્યાન વેપારમાં આવેલી સાપેક્ષ પડતીની દૃષ્ટિએ સમાજમાં સોદાગરોની ભૂમિકા ઠીક ઠીક પ્રમાણમાં ધોવાઈ ગઈ હતી. વેપાર જેમ જેમ મંદ પડતો ગયો અને બજારો અદશ્ય થતાં ગયાં તેમ તેમ વેપારીઓને મંદિરો અને બીજા ઉદ્ભવી રહેલા ભૂમિગત ધનવાનોની સહાય અને આશ્રય શોધવાં પડ્યાં. આથી એમની સ્વતંત્ર વાણિજ્યિક પ્રવૃત્તિ ઝૂંટવાઈ ગઈ અને એમના આશ્રયદાતાઓની જરૂરિયાતો અને આવશ્યકતાઓ પૂરી પાડવા માટે એમને મજબૂર કર્યા. ઓરિસ્સા અને મધ્ય ભારતના કેટલાક અભિલેખો જણાવે છે કે વેપારીઓ, સોદાગરો અને કારીગરોનો સમાવેશ દાનગ્રહીઓ તરીકે થયો હતો. આને કારણે એમની મુક્ત વેપારી પ્રવૃત્તિઓમાં ઘણી બધી મંદી આવી. આઠમી અને દશમી સદી દરમ્યાન વેપારીઓને કોઈ વહીવટી જવાબદારી સોંપાયા હોવાના ખાસ કોઈ પુરાવા મળતા નથી. ગુપ્તકાલ દરમ્યાન બિહાર અને ઉત્તર પ્રદેશમાં સંપ્રાપ્ત મુદ્રાઓ અને મુદ્રાંકનોથી સ્પષ્ટ થાય છે કે એમની આ સ્થિતિ એમની વહીવટમાંની ભૂમિકાથી સ્પષ્ટતઃ વિપરીત હતી. જોકે, વેપાર તેથી સંપૂર્ણપણે અદશ્ય થયો ન હતો. કેટલાક વેપારીઓ ત્યારેય સક્રિય રહ્યા હતા; ખાસ કરીને દરિયા- કાંઠાના વિસ્તારમાં પણ તેમની સંખ્યા ઘણી નાની હતી અને એમની પ્રવૃત્તિઓ મુખ્યત્વે રાજાઓ, મુખીઓ, મંદિર માટે જરૂરી મોજશોખની ચીજો પૂરતી મર્યાદિત રહી હતી. દક્ષિણ ભારતમાં પણ અધ્યયન હેઠળના સમય દરમ્યાન વેપાર કોઈ ખાસ મહત્ત્વની પ્રવૃત્તિ ન હતી. આ સમયના અભિલેખોમાં વિશિષ્ટ વર્ગ તરીકે વેપારીઓના નિર્દેશ અભાવથી આ બાબત સ્પષ્ટ થાય છે. બીજી રીતે કહીએ તો, આ સમયગાળાનો પ્રથમ તબક્કો સમૃદ્ધ અને સ્વતંત્ર વેપારી વર્ગનો, અદશ્ય થવાનો નહીં તો, નાના થવાનો તબક્કો હતો.

## 4.4 દ્વિતીય તબક્કા દરમ્યાન સોદાગરોની સ્થિતિ (ઈસવી. 900થી 1300)

આ તબક્કા દરમ્યાન વેપારી કોમને પુનઃ પ્રખ્યાતિમાં લાવી દીધી. આપણને એ જાણવા મળે છે કે સંખ્યાબંધ વેપારીઓ એક સ્થળેથી બીજા સ્થળે મોજશોખની અને જરૂરિયાતની ચીજવસ્તુઓ લઈ જતા હતા. તેમણે વાણિજ્યિક વિનિમયથી ઘણી બધી સમૃદ્ધિ હાથ કરી હતી અને મંદિરોને તથા પુરોહિતોને દાન આપીને સમાજમાં પોતાની પ્રતિષ્ઠા વધારી હતી. તેમાંના ઘણાએ વહીવટના વિવિધ સ્તરે સક્રિય ભાગ લીધો અને શાહી દરબારમાં પ્રધાનપદો પણ ભોગવ્યાં.

આ સમયના અભિલેખો અને સાહિત્ય મોટા ભાગના વેપારીઓ પોતાના ખાસ વેપાર માટે જાણીતા હોવાનો નિર્દેશ કરે છે. આમ, આપણે સોનું, અત્તર, દારૂ, અનાજ, ઘોડા, કાપડ, દહીં, નાગરવેલનાં પાન વગેરે ચીજવસ્તુઓના વેપારીઓની માહિતી મેળવીએ છીએ. વેપારીઓમાંના કેટલાક છૂટક વેચનારાઓ કે મદદનીશોને રાખતા હતા, જેથી તેઓ તેમને વેપારની પ્રવૃત્તિઓમાં મદદ કરે. આંતરપ્રાદેશિક વેપાર વિકસવાની સાથે વેપાર માટે આવશ્યક નાણાંના પરીક્ષણમાં વેપારીઓના એક જૂથે કૌશલ્ય પ્રાપ્ત કર્યું.

વેપારીઓ માટે નાણાંનું ધિરાણ એક મુખ્ય પ્રવૃત્તિ બની રહી. ફૂલો, ઘી, દીવા વગેરેનાં દાન હેતુ લોકો મંદિરની તિજોરીમાં નાણાં અનામત મૂકતા હતા ત્યારે અનામત સ્વીકારવાનું અને તે ઉપર વ્યાજ આપવાનું

કાર્ય શ્રેણીઓ કરતી હોવાના ઉલ્લેખો છે. પશ્ચિમ ભારતમાં 'નિક્ષેપ–વણિક' નામના એક વેપારી જૂથનો ઉદ્ભવ થયો હતો. આ વેપારીઓ નાણાંના ધિરાણમાં કે બૅકિંગમાં નિષ્ણાત થયા હતા. એક ગુજરાતી ગ્રંથ 'લેખપદ્ધતિ' નોંધે છે કે એક વેપારી પુત્રે નાણાં ધીરવાનો વ્યવસાય કરવા બાપિકી મિલકતમાં પોતાના ભાગનો હક્ક માટે દાવો કર્યો હતો. કાનૂની નિષ્ણાત મેધાતિથિ નાણાં ધીરનારના નિગમ કે સંગઠનની વાત નોંધે છે. સમકાલીન સાહિત્ય જોકે આ પ્રવૃત્તિ કરનારનું ખરાબ ચિત્ર દોરે છે અને તેમને લુચ્ચા, લોભી અને અવિશ્વાસુ તરીકે વર્ણવે છે; કારણ તેઓ અનામત નાણાંનો દુરુપયોગ કરીને સામાન્ય માણસને છેતરતા હતા.

ઘણાં પ્રાદેશિક વેપારી જૂથોના ઉદ્ભવનો અનુભવ પણ આ સમય દરમ્યાન થયો. અર્થાત્ જે પ્રદેશમાં રહેતા તેના નામથી વેપારીઓ ઓળખાતા હતા. આ વેપારીઓ મોટા ભાગે પશ્ચિમ ભારતના હતા. આ વિસ્તારમાં મહત્ત્વના જમીનમાર્ગોની વિશાળ જાળ હતી જે દરિયાકાંઠાનાં બંદરોને ઉત્તર ભારતનાં શહેરો અને બજારો સાથે સાંકળતા હતા. આથી આ વિસ્તારના કોઈ ચોક્કસ સ્થળના વેપારીઓને આંતર-પ્રાદેશિક વેપારમાં કૌશલ્ય મેળવવામાં વધારે નફો રળવાનું જણાયું. આ રીતે ઓસવાલ વેપારીઓનું જૂથ ઓસિયા નામના સ્થળ ઉપરથી ઓળખાયું. તેવી રીતે પતલ્લી ઉપરથી પાલિવાલ, શ્રીમાળ ઉપરથી શ્રીમાળી, મોઢેરા ઉપરથી મોઢ વગેરે. આમાંના મોટા ભાગના આજે સામૂહિક રીતે મારવાડી તરીકે જાણીતા છે, એટલે મારવાડ વિસ્તારના વેપારીઓ. પ્રાદેશિક અને કાર્યસાધક નામો ઉપરાંત વેપારીઓ બીજાં સામાન્ય નામોથી પણ ઓળખાતા હતા. દા.ત. શ્રેષ્ઠી અને સાર્થવાહ. આ બંને શબ્દો ઘણા પૂર્વ સમયથી જાણીતા હતા.

શ્રેષ્ઠી સમૃદ્ધ જથ્થાબંધ માલનો વેપારી હતો જે શહેરમાં રહેતો હતો અને છૂટક વેચનારાઓ અને એજન્ટોની મદદથી વેપાર કરતો હતો. ક્યારેક તે નાના વેપારીને માલ અથવા નાણાં ધીરતો અને આ રીતે તે બૅંકર તરીકે પણ કામ કરતો. જોકે આપણે નોંધ્યું છે તેમ નાણાં ધીરવાની પ્રવૃત્તિ એક સ્વતંત્ર અને કૌશલ્ય પ્રવૃત્તિ હતી.

સાર્થવાહ યાત્રી-વેપારીઓનો વડો હતો, જેના માર્ગદર્શન હેઠળ વેપારીઓ દૂરના અંતરે આવેલાં સ્થાનોમાં જતા, પોતાનો માલ વેચવા અને ખરીદવા સારુ. માત્ર જમીન માર્ગોની જાણકારી જ તે ધરાવતો ન હતો પણ વિભિન્ન ભાષાઓ અને વિવિધ પ્રદેશોમાં વિનિમયના નિયમોને જાણતો શક્તિશાળી વ્યક્તિ હતો.

ખેતીવાડીનો ફેલાવો અને બચતની અથવા વધારાના માલની મોકળાશે, મુખ્યત્વે આઠમી-નવમી સદીથી, દક્ષિણ ભારતમાં પણ વાણિજ્યિક વિનિમયમાં વૃદ્ધિ આણી. આને પરિણામે સ્થાનિક વિનિમયની દેખરેખ રાખતી પૂરા સમયની વેપારી કોમનો ઉદ્ભવ થયો. આ વેપારી કોમે આંતર-પ્રાદેશિક અને આંતર-સામુદ્રીય વેપારમાં પણ વ્યાપક રીતે ભાગ લીધેલો. ઉત્તરની જેમ દક્ષિણ ભારતીય વેપારીઓએ પણ કાપડ, તેલ, ઘી, નાગરવેલનાં પાન, ઘોડા વગેરે જેવી ખાસ વસ્તુઓના વેપારમાં કૌશલ્ય હાંસલ કર્યું હતું. સ્થાનિક કક્ષાએ 'નગરમ્' નામનાં પ્રાદેશિક બજારો વિનિમયનાં કેન્દ્રો હતાં. કૃષિગત વસાહતોનાં ઝૂમખામાં આ કેન્દ્રો આવેલાં હતાં. તેઓ પીઠપ્રદેશમાંથી ચીજવસ્તુઓ તો એકઠી કરતા જ તે સાથે બીજા વિસ્તારોમાંથી પણ વાણિજ્યિક સામગ્રી લઈ આવતા હતા.

આ 'નગરમ્'ની સંખ્યા અગિયારમી અને બારમી સદીમાં ચોલ રાજવંશ દરમ્યાન ઠીક ઠીક પ્રમાણમાં વધી અને 'નગરત્તર' શબ્દ (એટલે 'નગરમ્' સભાનો સભ્ય) બધા તમિળ વેપારીઓ માટે જાતિગત શબ્દ બની રહ્યો. (જુઓ પેટા વિભાગ 2.4.2)

## 'તમારી પ્રગતિ ચકાસો'-1

1. પ્રસ્તુત વિધાનો સાચાં (✔) છે કે ખોટાં (X) તે નિશાની કરી જણાવો.
   (1) ઈ.સ. 700થી 900 દરમ્યાન સમાજમાં સોદાગરોનું મહત્ત્વનું સ્થાન હતું.
   (2) ચીની યાત્રી યુઆન શ્વાંગ વૈશ્યોને વેપારી તરીકે અને શૂદ્રોને ખેડૂતો તરીકે ઓળખાવે છે.
   (3) બીજા તબક્કા (ઈ.સ. 900થી 1300) દરમ્યાન વેપારીઓ રાજ્યના વહીવટમાં પણ ભાગ લેતા હતા.
   (4) શ્રેષ્ઠી એ નાનો છૂટક વેચનાર વેપારી હતો.
   (5) નગરમ્ મહત્ત્વનાં વેપારી કેન્દ્રો હતાં.

2. ઈસવી. 900થી 1300 દરમ્યાનના સમયગાળામાં નાણાંના ધિરાણની પ્રથા વિશે પાંચ વાક્યો લખો.
   ...........................................................................
   ...........................................................................
   ...........................................................................
   ...........................................................................
   ...........................................................................
   ...........................................................................

## 4.5 સોદાગરોનું સમાજક્ષેત્રે પ્રદાન

વેપારના વિકાસે જેમ સોદાગરો માટે આર્થિક સમૃદ્ધિ આણી તેમ તેઓએ મંદિરોની, પુરોહિતોની અને ધાર્મિક કામગીરીની દેખરેખ રાખીને સામાજિક પ્રતિષ્ઠા હાંસલ કરી હતી. આ હેતુસર વેપારીઓ તરફથી રોકડ કે ચીજવસ્તુઓનાં અનુદાન અપાતાં હતાં, તેના નિર્દેશો ઘણા બધા અભિલેખોમાં થયેલા છે. કેટલાક વેપારીઓ ખૂબ પ્રભાવક હતા અને રાજ્યના પ્રધાનો અને અધિકારીઓની હરોળમાં તેઓએ સ્થાન લીધું હતું. દશમી સદીનો એક અભિલેખ જણાવે છે કે મોઢ જ્ઞાતિનો એક વેપારી થાણે નજીકના સંજાણનો મુખી હતો. ગુજરાતમાં વિમલના વેપારી કુટુંબે પ્રદેશના સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેણે અને એના વારસદારો વસ્તુપાલ અને તેજપાલે રાજ્યમાં મહત્ત્વની પ્રધાનપદની કામગીરી સંભાળી હતી અને આબુ પર્વત ઉપર જૈન તીર્થંકરોને સમર્પિત આરસનાં મંદિરો બાંધવા માટે પણ તેઓ જાણીતા છે. મધ્ય ગુજરાતમાંથી પ્રાપ્ત તેરમી સદીના એક અભિલેખ મુજબ ઘણા મહત્ત્વના વેપારીઓ, સોદાગરો અને કારીગરો સ્થાનિક વહીવટી સંસ્થાઓના ભાગરૂપ હતા.

### વેપારીઓનાં વર્તન અને ચારિત્ર્ય

અલ–ઇદ્રિસી (12મી સદી) અને માર્કોપોલો (તેરમી સદી) જેવા વિદેશી લેખકો અને યાત્રીઓએ ધંધાકીય કામકાજમાં ભારતીય વેપારીઓની પ્રમાણિકતા અને સચ્ચાઈનાં વખાણ કર્યાં છે. પરંતુ સમકાલીન ભારતીય સાહિત્યમાં લોભી અને અપ્રમાણિક વેપારીઓનાં ઘણાં ઉદાહરણો આપણને જોવા મળે છે. કાશ્મીરી લેખક ક્ષેમેન્દ્ર એક એવા વિશિષ્ટ લોભી વેપારીનો દાખલો ટાંકે છે જે દુષ્કાળ અને એવી બીજી કુદરતી આપત્તિ વેળાએ ઘણો જ હર્ષઘેલો થઈ જતો હતો કેમ કે તે તેના સંગ્રહ કરેલા ખાદ્યાન્નમાંથી ઘણું કમાઈ લેવાની આશા રાખતો હતો. પશ્ચિમ ભારતનો અગિયારમી સદીનો એક ગ્રંથ વેપારીઓને બે જૂથોમાં વિભાજિત કરે છે : ઊંચા અને નીચા; ખાસ કરીને એની પ્રતિષ્ઠા અને ચારિત્ર્યના ધોરણે. એમાં જણાવ્યા મુજબ મોટાપાયે આંતરિક અને દરિયાઈ વેપારમાં સંલગ્ન સમૃદ્ધ વેપારીઓ સમાજમાં મોટી પ્રતિષ્ઠા પામ્યા હતા જ્યારે ફેરિયા, છૂટક વેચનારા જેવા નાના વેપારીઓ, જેઓ ખોટાં કાટલાં અને માપનો ઉપયોગ કરતા હતા, તેઓ, સમાજમાં હલકા ગણાતા હતા. અપ્રમાણિક લોકોમાં યાંત્રિક કારીગરોનો સમાવેશ પણ થતો. આપણે નોંધવું જોઈએ કે આમાંનાં કેટલાંક દૃષ્ટિબિંદુઓ સમકાલીન સામંતી વર્તનને પ્રતિબિંબિત કરે છે, જે અનુસાર પોતાના હાથે કામ કરનાર લોકોનું સમાજમાં નીચું સ્થાન ગણાતું હતું.

## 4.6. વેપારીઓનાં સંગઠનો

માત્ર મિલકત અથવા સમૃદ્ધિમાંથી જ નહીં પણ પોતાના લાભની સલામતી માટે રચેલાં સંગઠનો કે શ્રેણીઓમાંથી સોદાગરોએ પોતાની સત્તા અને પ્રતિષ્ઠા હાંસલ કર્યાં હતાં. પ્રથમ તબક્કા દરમ્યાન વેપારની પડતીએ વેપારીઓની નિગમ સંબંધિત પ્રવૃત્તિઓને નબળી પાડી દીધી અને શ્રેણીઓમાંની ઘણી બધી માત્ર પ્રાદેશિક અથવા વ્યવસાયિક પેટાજ્ઞાતિ તરીકેનું સ્થાન ભોગવી રહી. પરંતુ બીજા તબક્કા દરમ્યાન વેપાર પુનર્સજીવન પામતાં વેપારી શ્રેણીઓએ પુનઃ દેખા દીધી; ખાસ કરીને સમકાલીન આર્થિક જીવનના મહત્ત્વના લક્ષણ તરીકે.

### 4.6.1 શ્રેણીઓ : વ્યાખ્યા અને કામગીરી

વેપાર-શ્રેણી એટલે શું ? તે કેવી રીતે કામ કરતી હતી ? તેના સભ્યોને તેથી શું લાભ મળતા હતા ? આ મહત્ત્વના પ્રશ્નો છે જેના ઉત્તર મેળવવા જોઈએ. અનાજ, કાપડ, નાગરવેલનાં પાન, ઘોડા, અત્તર વગેરે જેવી એક જ પ્રકારની ચીજવસ્તુઓના ખરીદ-વેચાણની કામગીરી સાથે સંકળાયેલા વેપારીઓનાં સ્વૈચ્છિક સંગઠનો એટલે વેપાર-શ્રેણીઓ. સ્થાનિક તેમ જ પ્રવાસી વેપારીઓ બંનેએ શ્રેણીઓની રચના કરી હતી. સ્થાનિક વેપારીઓનું સંગઠન, જેનું કાયમી રહેઠાણ શહેરમાં હતું, સ્વરૂપમાં વિશેષ કાયમી હતું; જ્યારે પ્રવાસી વેપારીઓનું સંગઠનનું સ્વરૂપ એટલું કાયમી ન હતું. આ સંગઠન કોઈ ચોક્કસ પ્રવાસ માટે રચાતું અને પ્રત્યેક પ્રવાસ કે સાહસના અંતે તેનું અસ્તિત્વ રહેતું ન હતું.

શ્રેણીઓએ પોતાના નિયમો અને ધારાધોરણો તૈયાર કર્યાં હતાં. આ નિયમો કે ધોરણો મુખ્યત્વે તેના સભ્યપદ સંબંધિત અને આચારસંહિતા અંગેનાં હતાં. તેઓ તેમના માલની કિંમત નિર્ણીત કરતા હતા અને તે સાથે તેના સભ્યો કોઈ ચોક્કસ દિવસે ખાસ ચીજવસ્તુઓ વેચવી નહીં તેનો નિર્ણય પણ કરતી હતી. અમુક ખાસ દિવસે તેના સભ્યો વેપાર કરવાનો અસ્વીકાર કરતા. સ્થાનિક સત્તાધીશો અસહકારી

કે વિરોધી વર્તન દાખવતા જણાય તેવા વિસ્તારમાં વેપાર નહીં કરવાનું પણ તેઓ નક્કી કરતા. શ્રેણીને સંલગ્ન વેપારીઓ ધાર્મિક બાબતોના સંરક્ષક તરીકે પણ કાર્ય કરતા હતા. મંદિરના નિભાવ માટે કે મંદિરનાં કાર્યો માટે જરૂરી માલસામાન વેચવા અને ખરીદી સારુ તેઓ વધારાનો કર આપવા સામૂહિક રીતે સંમત થતા હોવાનાં સંખ્યાબંધ ઉદાહરણોના ઉલ્લેખ અભિલેખોમાં થયા છે.

સામાન્ય રીતે શ્રેણીનું કામકાજ તેના વડાના નેતૃત્વ હેઠળ થતું હતું, જેની ચૂંટણી તેના સભ્યો કરતા હતા. શ્રેણીની આર્થિક બાબતોના નિર્ણયમાં શ્રેણીનો વડો મેજિસ્ટ્રેટની જેમ કાર્ય કરતો હતો. તે શિક્ષા કરતો, વખોડતો કે એના સભ્યને બરતરફ કરતો; ખાસ કરીને શ્રેણીના ધારાધોરણોનો ભંગ કરનારને. એની મુખ્ય ફરજોમાંની એક હતી રાજા સાથે સીધો સંવાદ કરવો અને સાથી સભ્ય-વેપારીઓના વતી કરવેરા અને બજારકર અંગે પતાવટની પ્રક્રિયા પણ કરવી. નિગમીય પ્રવૃત્તિઓના વિકાસે શ્રેણીઓના વડાને સમાજમાં પોતાની પ્રતિષ્ઠા વધારવા અને પોતાની સત્તા સુદૃઢ કરવામાં મદદ કરી હતી અને તેમાંના ઘણાએ સ્થાનિક વહીવટી સમિતિમાં પોતાના સભ્યોનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

શ્રેણીનો કોઈ પણ સભ્ય શિસ્તના કડક અમલ હેઠળ કાર્ય કરતો અને તેની પાસેથી કેટલાંક કાર્યો ઝૂંટવી પણ લેવાતાં છતાં પણ ઘણા બધા લાભ ભોગવતો હતો. એની બધી જ આર્થિક પ્રવૃત્તિઓમાં તેને શ્રેણીનું સંપૂર્ણ પીઠબળ મળી રહેતું હતું અને આ રીતે તે સ્થાનિક અધિકારીઓ તરફથી પડતી મુશ્કેલીઓમાંથી બચી શકતો હતો. ફેરિયા કે વિક્રેતાની સરખામણીમાં બજારમાં તેની ઘણી વધારે શાખ હતી કારણ કે શ્રેણીનો સભ્ય હતો. આમ, ઘણી વાર શ્રેણીના વડાઓ જુલમી અને ઉદ્ધત બનતા એ હકીકત હોવા છતાંય શારીરિક અને આર્થિક સંરક્ષણ મેળવવા માટે શ્રેણીઓ એ મહત્ત્વનું સાધન હોવાનું વેપારીઓ સ્વીકારતા હતા.

આ સમય દરમ્યાનના ભાષ્યગ્રંથો અને સારસંગ્રહોમાં વેપારીઓની નિગમિક સંસ્થા વિભિન્ન નામે ઓળખાતી હોવાના ઉલ્લેખો છે : દા.ત. **નઈગમ, શ્રેણી, સમૂહ, સાર્થ, સંઘ** વગેરે. વિભિન્ન જ્ઞાતિઓના પ્રવાસી વેપારીઓનાં સંગઠન એટલે **નઈગમ** એ રીતે ઓળખાવાઈ છે. આ પ્રવાસી વેપારીઓ બીજા દેશો સાથે વેપાર કરવાના હેતુસર એકસાથે પ્રવાસ કરતા હતા. **શ્રેણી** એટલે એક જ પ્રકારનો વેપાર કરતા લોકોનું જૂથ એમ મેધાતિથિ જણાવે છે. દા.ત. સોદાગરો, ધીરધાર કરનારાઓ, યાંત્રિક કારીગરો વગેરે. જોકે કેટલાક લેખકો શ્રેણીને ફક્ત યાંત્રિક કામદારોનું જૂથ હોવાનું ગણાવે છે. 'લેખપદ્ધતિ'માં જણાવ્યા અનુસાર 'શ્રેણીકરણ' નામનું ખાસ ખાતું પશ્ચિમ ભારતના રાજાઓએ રચ્યું હતું. જેથી પોતાના પ્રદેશના વેપારીઓ અને યાંત્રિક કારીગરોની શ્રેણીઓની પ્રવૃત્તિઓ ઉપર દેખરેખ રાખી શકે છે. 'માનસોલ્લાસ' નામના બીજા એક ગ્રંથમાં નોંધ્યા પ્રમાણે ઘણી વેપારીશ્રેણીઓ પોતાનું લશ્કર રાખી શકતા જેથી સ્વરક્ષણ (શ્રેણીબલ) થઈ શકે. વેપારીઓનાં નિગમીય કાર્યોનો નિર્દેશ અભિલેખો કરે છે. પશ્ચિમ ભારતનો એક અભિલેખ સ્થાનિક વેપારીઓની શ્રેણી 'વણિકમંડલ'નો પણ ઉલ્લેખ કરે છે.


## 4.6.2 દક્ષિણ ભારતમાં વેપારી શ્રેણીઓનું સંગઠન

દશમી સદીથી ખેતીના ફેલાવાથી અને વેપારના વિકાસથી દક્ષિણ ભારતમાં પણ વેપારીઓનાં સંગઠનો કે શ્રેણીઓનો ઉદ્ભવ થયો. અભિલેખો આ સંગઠનોને **સમય** નામથી ઓળખાવે છે. **સમય** એટલે એવું સંગઠન જેનો ઉદ્ભવ એના સભ્યોના નિયમો અને ધોરણોને અનુસરવા માટે રચેલા કરાર કે સમજૂતીમાંથી થયો હતો.

દક્ષિણ ભારતનાં બે ખાસ મહત્ત્વનાં વેપારી સંગઠનો **અય્યવોલે** અને **મણિગ્રામન** નામથી ઓળખાતાં હતાં. ભૌગોલિક દૃષ્ટિએ એમની કાર્યપ્રવૃત્તિનો વિસ્તાર આજના મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ અને દક્ષિણ આંધ્રપ્રદેશ રાજ્યોની બરોબર હતો. દશમી સદીથી ચોળ રાજાઓએ વેપારી મીશનો, સામુદ્રીય સાહસપ્રવાસ, નાકાવેરાની નાબૂદી વગેરે મારફતે વેપાર અને વાણિજ્ય માટે સક્રિય અને સુગ્રથિત પ્રયાસો કર્યા હતા. આથી આ શ્રેણીઓની પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ થઈ. આ શ્રેણીઓ આંતર-પ્રદેશીય તેમ જ બંગાળના અખાત દ્વારા આંતર-સામુદ્રિક વેપારમાં સંલગ્ન હતી.

**અય્યુવોલે** નામથી ઓળખાતી વેપારીશ્રેણી (નાના દેશી) '500 ઐહોલ સ્વામી'ના નામથી પણ ઓળખાતી હતી. કેટલાક એવી દલીલ કરે છે કે આ સંગઠનો મૂળમાં વિવિધ ચીજવસ્તુઓનો વેપાર કરતા વેપારીઓ હતા અને તેઓ કોઈ એક નિગમ સાથે જોડાયેલા ન હતા. કન્નડ 'અય્યુવોલે'નો વિગતે અભ્યાસ સૂચવે છે કે આ સંસ્થાએ નાનું અને કાર્યસાધક સંઘ રચ્યું હતું જેમાં એક અથવા બે જિલ્લા સુધી એનું કાર્યક્ષેત્ર સીમિત હતું. આ સંસ્થામાં શરૂમાં 500 સભ્યો હતા. પણ વેપાર અને વાણિજ્યના વિકાસ સાથે અય્યુવોલેની વેપારશ્રેણીના પ્રતિનિધિરૂપ **વીર બનનજસ** પ્રદેશપારના ધોરણે કામ કરતું અને નવમી તથા પંદરમી સદીઓ

વચ્ચે સામાજિક-આર્થિક ક્ષેત્રે સઘન અભિરુચિ વિકસાવી હતી. આ બાબતનો ઇન્કાર થયો નથી. આ સંસ્થાનું કાર્યક્ષેત્ર ઉત્તરમાં મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના ભાલવાનીથી દક્ષિણમાં તામિલનાડુના કાયલ્પટ્ટીનમ્ સુધી વિસ્તરેલું હતું. 500ની સંખ્યા પણ પ્રણાલિકાગત હતી કેમ કે શ્રેણી મોટી બની અને વિવિધ પ્રદેશો ધર્મો અને જ્ઞાતિઓમાંથી એના સભ્યો થયા હતા. આ કારણે આ સંસ્થા **'નાનાદેશી'** નામથી ઓળખાવા લાગી.




દક્ષિણ ભારતમાં 'અય્યુવોલે' સંગઠનનો પ્રસાર

બહારની તરફના વિસ્તરણ દરમ્યાન 'અય્યુવોલે' શ્રેણીના સભ્યો 'નગરમ્'થી ઓળખાતાં સ્થાનિક બજારો સાથે અંતઃક્રિયાથી જોડાયાં અને પીઠપ્રદેશમાંથી કૃષિગત વસ્તુઓ એકઠી કરીને અને અન્યત્રથી લાવેલી વસ્તુઓની વહેંચણી કરીને વાણિજ્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરી. 'અય્યુવોલે'ની વાણિજ્યિક અસર દક્ષિણ ભારત બહાર પણ વિસ્તરી. બર્મા, જાવા, સુમાત્રા અને શ્રીલંકામાંથી શોધાયેલા અભિલેખોથી આ હકીકત દર્શાવાય છે. 'અય્યુવોલે'ની વાણિજ્યિક પ્રવૃત્તિઓ વધતી ગઈ તેમ તેમના કેટલાક સભ્યો ધનાઢ્ય અને શક્તિશાળી બન્યા અને **સમય ચક્રવર્તી**નું બિરુદ સંપ્રાપ્ત કર્યું. સમય ચક્રવર્તી એટલે કે વેપારી સંગઠનનો સમ્રાટ. ઉત્તર ભારતની જેમ દક્ષિણના કેટલાક વ્યક્તિગત વેપારીઓ શ્રેણીઓ ઉપર પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરતા હતા એમ સૂચવી શકાય.

દક્ષિણ ભારતની બીજી એક મહત્ત્વની વેપારી શ્રેણી હતી **મનિગ્રામમ્**. તે સૌ પ્રથમ કેરળના કાંઠા વિસ્તારમાં દેખાઈ, નવમી સદીમાં. જોકે તે ક્રમશઃ **અય્યુવોલે**ના ગાઢ સંપર્કમાં આવતી ગઈ તેમ તેણે પોતાની આંતરપ્રાદેશિક પ્રવૃત્તિઓમાં સુધારો કર્યો અને સમગ્ર દ્વિપકલ્પનો ઘણો ખરો વિસ્તાર પોતાની પ્રવૃત્તિઓમાં આવરી લીધો. નવમી સદીનો એક તમિલ અભિલેખ, જે મલાયાના પશ્ચિમ કાંઠાના તકુઆપા નામના સ્થળેથી હાથ લાગ્યો છે, સૂચવે છે કે આ સંસ્થા આરંભથી દરિયાપારના દૂર અંતર સુધીના વેપારમાં રોકાયેલી હતી.

**અંજુવન્નમ્** દક્ષિણ ભારતની બીજી એક વેપારી સંસ્થા હતી, જે સંભવતઃ વિદેશી વેપારીઓનું પ્રતિનિધિત્વ કરતી હતી. પણ કેટલાક વિદ્વાનો માને છે તેમ તે પાંચ કોમો અથવા જ્ઞાતિઓનું જૂથ ન હતું. મનિગ્રામ્‌ની જેમ આણે પણ આઠમી અથવા નવમી સદીમાં કેરાલાના કાંઠા વિસ્તારમાં પોતાની વાણિજ્યિક પ્રવૃત્તિ શરૂ કરી. ધીમે ધીમે તેણે દક્ષિણ ભારતના બીજા કાંઠાઓ સુધી પ્રવૃત્તિઓ વિસ્તારી, અગિયારમી સદી સુધીમાં. તેણે સ્થાનિક વેપારીઓ તેમ જ **અય્યુવોલે** અને **મનિગ્રામમ્** સંગઠનો સાથે પણ આંતરકાર્ય કર્યું.

વિવિધ નિગમોના વેપારીઓની પ્રશસ્તિ સ્વરૂપ વંશાવળીઓની શોધના સભાન પ્રયાસો ઉપરથી વેપારી શ્રેણીઓએ જે મહત્ત્વ સંપાદન કરેલું તે સૂચવાય છે. **અય્યુવોલે**ના વીર બનનજસ વાસુદેવની જાતિમાં જન્મ્યા હતા અને તેમના સંસ્કારો મહાકાવ્યોના વિવિધ વીરો સાથે સરખાવી શકાય. વીર બનનજસની એક વિશિષ્ટ **પ્રશસ્તિ** ઈ.સ. 130ના શિલાહાર રાજા ગંડારાદિત્યના કોલ્હાપુરમાંથી મળેલા એક શિલાલેખમાં જોવા મળે છે.

ટૂંકમાં, દક્ષિણ ભારતની વિશાળ વેપારી જાળ ઘણાં બધાં વેપારી સંગઠનોથી સંચાલિત હતી, જે સંગઠનોના પરસ્પરના સહકારથી કામ કરતી હતી. શ્રેણીના મુખીઓએ વેપાર અને વેપારી સંગઠનો ઉપરના તેમના પ્રભાવને કારણે શાહી ઘરાણા સાથે ગાઢ સંપર્કો સ્થાપેલા અને સમાજમાં મોટાં નામ અને કીર્તિ મેળવેલાં હતાં.

## 4.7 વેપારીઓ અને કલાકારીગરો વચ્ચેનો સંબંધ

વાણિજ્યિક જગતનાં પરસ્પરાવલંબિત એકમો જેવાં વેપારીઓ અને હસ્તકલાના કસબીઓ વચ્ચે સંબંધનું સ્વરૂપ કેવું હતું તેની વિગતો સમકાલીન સાધનોમાં નોંધાઈ નથી. આથી વણકરો, કંસારા વગેરે જેવા કારીગરો સ્વતંત્ર રીતે કાર્ય કરતા હતા કે પછી કાચો માલ અને નાણાંની સહાય કરતા વેપારીઓની પકડ હેઠળ કામ કરતા હતા તે જાણી શકાયું નથી. જોકે એવું સૂચવતા થોડાક પુરાવા છે કે કાચા માલના અને તૈયાર માલના આદાનપ્રદાન ઉપર ઘણો કાબૂ વેપારીઓ ધરાવતા હતા અને તેથી યાંત્રિક કારીગરોની પ્રવૃત્તિઓ ઉપર એમની અસર ઠીક ઠીક વધી હતી.

અગિયારમી સદીમાં ભારત આવેલા અલબીરૂની અને બારમી સદીનો કાનૂનીતજ્જ્ઞ લક્ષ્મીધર જણાવે છે તેમ યાંત્રિક કારીગરો વેપારીઓની વચ્ચે રહેતા હતા. એવું સૂચવી શકાય કે કારીગરોને કાચો માલ અને મૂડી વેપારીઓ તરફથી પૂરાં પાડવામાં આવતાં હતાં. કારીગરો તે પછી વેપારીઓએ આપેલી વિગતો અને માગણી મુજબ વસ્તુઓ તૈયાર કરતા હતા. તામિલનાડુમાંથી મળેલા અગિયારમી સદીનો એક લેખ જણાવે છે કે કારીગરોને વેપારીઓ તરફથી રક્ષણ આપવામાં આવ્યું હતું, જેથી વેપારી સંગઠનો ઉપર કારીગરો નિર્ભર હતા તેમ જણાય છે. જેમ વેપાર અને વાણિજ્ય વિકસતાં ગયાં તેમ વેચાણ અને ખરીદીની વાણિજ્યિક જાળ ઉપર વેપારીઓ ઇજારો સ્થાપવા પ્રવૃત્ત થયા. આને કારણે સ્વયમ્ બજારમાં પોતાનો માલ વેચવાની કારીગરોની શક્તિને ઘણી સીમિત બનાવી. એવા કેટલાક ઉલ્લેખો છે જે મુજબ કેટલાક તેલમાલિકો અને વણકરો પોતાનો માલ પોતાની જાતે વેચતા હતા અને એટલા સમૃદ્ધ થયા કે મંદિરો અને પુરોહિતોને અનુદાન આપવા સક્ષમ બન્યા. સામાન્ય રીતે યાંત્રિક કારીગરો અને હસ્ત કારીગરો અધ્યયન હેઠળના સમયગાળા દરમ્યાન મોટા વેપારીઓ ઉપર આર્થિક રીતે નિર્ભર હતા.

1. વહીવટમાં વેપારીઓએ શી ભૂમિકા ભજવી ?

2. પ્રસ્તુત વિધાનો સાચાં (✔) છે કે ખોટાં (X) તે નિશાની કરી જણાવો.

(1) અલ-ઇદ્રિસી અને માર્કોપોલોએ ભારતીય વેપારીઓને તેમની પ્રમાણિકતા માટે વખાણ્યા.

(2) અભ્યાસ હેઠળના સમય દરમ્યાન પરિશ્રમ કરતા લોકોનું સ્થાન સમાજમાં નીચું હતું.

(3) વેપારને નિયંત્રિત કરવા શ્રેણીઓની સ્થાપના રાજ્યે કરેલી.

(4) દક્ષિણ ભારતની વેપારી **શ્રેણી મનિગ્રામમ્** કેરાલા કાંઠા વિસ્તારમાં અસ્તિત્વમાં આવી.

(5) અધ્યયનકાળ દરમ્યાન યાંત્રિક કારીગરોએ વેપારી પ્રવૃત્તિઓ ઉપર કાબૂ જમાવ્યો.

3. વેપારી-શ્રેણીની વ્યાખ્યા કરો અને તેમનાં મુખ્ય લક્ષણો જણાવો.

4. દક્ષિણ ભારતમાં વેપારી પ્રવૃત્તિઓના વિસ્તરણમાં **'અય્યુવોલે'**નો ફાળો શો હતો ?

## 4.8. સારાંશ

ઉત્પાદક અને ગ્રાહક વચ્ચે વેપારીને સાંકળ સમાન ગણીને આ એકમ પ્રસ્તુત બાબતો તરફ ધ્યાન ખેંચે છે :

1 અધ્યયન હેઠળના સમયના પૂર્વાર્ધમાં ભારતીય સમાજ અને અર્થકારણના સાપેક્ષ સંદર્ભમાં વેપારીઓ અને સોદાગરોની ચડતી-પડતીની સ્થિતિ. તેમની સ્થિતિ વાણિજ્યિક પ્રવૃત્તિઓના તબક્કાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલી હતી.

2. ઈ.સ. 700થી 900 દરમ્યાનની સદીઓમાં વેપારની સાપેક્ષ પડતી. સાથોસાથ સમૃદ્ધ અને સ્વતંત્ર વેપારી વર્ગ જોકે સંપૂર્ણ અદૃશ્ય ના થયો પણ સંકોચાઈ જરૂર ગયો.
3. ઈ.સ. 900થી 1300ની સદીઓમાં વેપાર અને વાણિજ્યનું પુનર્જીવન, જેણે વેપારી કોમને ફરીથી પ્રતિષ્ઠા અપાવી અને આ કોમે ઘણી સંપત્તિ એકઠી કરી તથા ધાર્મિક સંસ્થાઓને અનુદાન આપી સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. ઘણા વેપારીઓ વહીવટી માળખા સાથે પ્રભાવક/અસરકારક રહ્યા.
4. પ્રાદેશિક વેપારી જૂથોનો ઉદ્ભવ.
5. શ્રેણી નામનાં વેપારી સંગઠનો જેણે વેપારીઓની નિગમીય પ્રવૃત્તિઓ વ્યવસ્થિત કરી.
6. દક્ષિણ ભારતમાં શ્રેણીઓની પ્રદેશ બહાર અને આંતર-સામુદ્રીય પ્રવૃત્તિઓ.
7. પ્રવાસી વેપારીઓની ભૂમિકા.
8. હસ્તકલા અને યંત્રકલાના કારીગરો ઉપર મોટા વેપારીઓનું પ્રભુત્વ.

## 4.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **નગરમ્** : જુઓ એકમ 2
- **નઈગમ્** : વેપારી શ્રેણી
- **પ્રશસ્તિ** : અતિશયોક્તિપૂર્ણ વર્ણન
- **સાર્થવાહ** : પ્રવાસી વેપારીઓનો વડો
- **શ્રેષ્ઠી** : વેપારી માટેનો સામાન્ય શબ્દ
- **નગરત્તર** : નગરમ્‌નો સભ્ય
- **નાનાદેશી** : વેપારીઓની શ્રેણી, જેના સભ્યપદે વિવિધ પ્રદેશ અને જ્ઞાતિઓના લોકો
- **શ્રેણી** : બધા જ પ્રકારના વેપારીઓ / કારીગરોની સંસ્થા.
- **શ્રેણીબળ** : શ્રેણીઓ સંચાલિત લડાયક બળ

## 4.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


### 'તમારી પ્રગતિ ચકાસો'-1

1 X 2 ✔ 3 ✔ 4 X 5 ✔

2 આ સમય દરમ્યાન નાણાંનાં ધીરનારની પ્રવૃત્તિ ખાસ વાણિજ્યિક પ્રથા તરીકે ઉદ્ભવ. જુઓ પેટા વિભાગ 4.4

### 'તમારી પ્રગતિ ચકાસો'-2

1. તમારા ઉત્તરમાં સમાજમાં વેપારીઓનો પ્રભાવ અને વહીવટમાં તેમની સ્થિતિની વિગતો. જુઓ 4.5
2. 1 ✔ 2 ✔ 3 X 4 ✔ 5 X (યંત્રકારીગરો મોટા વેપારીઓ ઉપર નિર્ભર)
3. શ્રેણીઓ એક જ ચીજવસ્તુઓનો વેપાર કરતી વેપારીઓની સ્વૈચ્છિક સંસ્થા. તેમનાં મુખ્ય કાર્યોમાં વસ્તુમૂલ્ય નક્કી કરવું, કાર્યક્ષેત્ર નક્કી કરવું, બજારના નિયમો નક્કી કરવા વગેરે. 4.6.1
4. અય્યુવોલે દક્ષિણ ભારતના વેપારીઓની શ્રેણી. વેપારીઓની આ પ્રભાવક સંસ્થા હતી. માત્ર દક્ષિણ ભારતમાં જ નહીં પણ દરિયાના વેપારના વિસ્તરણમાં એનો મોટો ફાળો.



ચિત્ર-11 : આઠમી સદીનાં વહાણો

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

રસેશ જમીનદાર, *પૂર્વકાલીન ભારતમાં આર્થિક જીવન*, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

# નોંધ

# નોંધ